દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 72 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ફાલ્ગુન વદ- ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 27 March 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૨૭ માર્ચ ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બૅન્ક ખાતામાં ચાર નોમિની રાખી શકાશે

SCAN FOR TODAY'S GOLD RATE
WE BUY OLD GOLD AT BEST RATE
ANTARA
GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

## સંસદમાં ખરડો પસાર કરાયો

નવી દિલ્હીઃ ખાતાધારકને બૅન્ક ખાતામાં ચાર નોમિની રાખવાની પરવાનગી આપતા બૅન્કિંગ લૉ (એમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૪ને બુધવારે રાજ્યસભામાં મંજૂરી આપવામાં આવી હતી. આ સાથે ખરડો સંસદમાં પસાર થઇ ગયો છે. રાજ્યસભામાં આ ખરડાને ધ્વનિ મતથી મંજૂરી આપવામાં આવી હતી. અગાઉ લોકસભામાં આ ખરડાને ડિસેમ્બર ૨૦૨૪માં મંજૂરી આપવામાં આવી હતી.

ખરડામાં વ્યક્તિના બૅન્કમાંના વ્યક્તિગત હિત (સબ્સ્ટૅન્શલ ઇન્ટરેસ્ટ) સંબંધિત વ્યાખ્યામાં ફેરફાર કરવામાં આવ્યો છે અને છ દાયકા અગાઉ નક્કી કરવામાં આવેલી વર્તમાન પાંચ લાખ રૂપિયાની મર્યાદા વધારીને બે કરોડ રૂપિયા કરવાની માગણી કરવામાં આવી છે.

રાજ્યસભામાં ખરડાની ચર્ચા અંગે ઉત્તર આપતા નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે કહ્યું હતું કે એનપીએમાં અસાધારણ ઘટાડો જોવા મળ્યો હોવા છતાં સરકાર વિલફૂલ ડિફોલ્ટરો સામે કડક કાર્યવાહી કરવાનું ચાલુ રાખશે.

તેમણે કહ્યું હતું કે છેલ્લાં પાંચ વર્ષમાં ઈડીએ વિલફૂલ ડિફોલ્ટરો સહિત બૅન્ક સાથે છેતરપિંડી સંબંધિત ૯૧૨ કેસ હાથ પર લીધા હતા.

ચર્ચા દરમિયાન વિપક્ષ દ્વારા ઉપાડી લેવામાં આવેલા બૅડ લૉન્સ સંબંધિત મુદ્દા અંગે પ્રતિક્રિયા આપતાં તેમણે કહ્યું હતું કે ‘લોન માંડી

(જુઓ પાનું ૨) ▸▸

## વ્યાજદર અંગે નવમી એપ્રિલે જાહેરાત કરાશે

મુંબઈ : રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા (આરબીઆઈ)એ બુધવારે મોનેટરી પોલિસી કમિટી (એમપીસી)ની નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેની દ્વિમાસિક બેઠકનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

સત્તાવાર નિવેદનમાં જણાવ્યા પ્રમાણે નાણાકીય વર્ષ માટેના વ્યાજદર નક્કી કરતી સમિતિની પહેલી બેઠક ૭-૯ એપ્રિલમાં ભરાશે. એના પછીની બેઠક ચાર જૂને યોજાશે.

છ સભ્યની સમિતિ બેઠકના ત્રીજા દિવસે ઠરાવ પર મતદાન થાય છે અને રાજ્યપાલ મતદાન પછી દિવસના પૂર્વાર્ધમાં જાહેર કરશે.

સમીક્ષા બેઠક છ જૂને પતશે. તેની પછીની ત્રણ દિવસની બેઠક ઓગસ્ટ, સપ્ટેમ્બર, ડિસેમ્બર અને ફેબ્રુઆરીમાં ભરાશે.

છ સભ્યની સમિતિના વડા રાજ્યપાલ હોય છે અને એમાં ત્રણ બહારના સભ્યો હોય છે.

એમપીસી ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય સ્થિતિની સમીક્ષા કરીને બે મહિનાની નાણાકીય નીતિ જાહેર કરે છે. (એજન્સી)■

## છત્તીસગઢના માજી મુખ્ય પ્રધાન બઘેલને ઘેર દરોડા

નવી દિલ્હીઃ રૂ. ૬,૦૦૦ કરોડના કથિત મહાદેવ બૅટિંગ ઍપ સ્કેમને મામલે સીબીઆઈએ બુધવારે છત્તીસગઢના માજી મુખ્ય પ્રધાન ભૂપેશ બઘેલના નિવાસસ્થાન સહિત જુદા જુદા ૬૦ સ્થળે દરોડા પાડ્યા હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

સીબીઆઈએ બાઘેલના રાયપુર અને ભિલાઈસ્થિત નિવાસસ્થાન ઉપરાંત તેમના નિકટના સાથીદારો અને વરિષ્ઠ પોલીસ અધિકારીઓના ઘરે દરોડા પાડ્યા હતા.

સીબીઆઈએ મહાદેવ બુક સાથે સંકળાયેલા રાજકારણીઓ, વરિષ્ઠ વહીવટી અમલદારો, પોલીસ અધિકારીઓ, ચાવીરૂપ કાર્યકર્તાઓના છત્તીસગઢ, ભોપાલ, કોલકાતા અને દિલ્હીસ્થિત જુદાં જુદાં ૬૦ સ્થળે દરોડા પાડ્યા હતા.

આ કેસ હાલ દુબઈમાં વસતા રવિ ઉપ્પલ અને સૌરભ તંદ્રકાર દ્વારા શરૂ કરવામાં આવેલા ઓનલાઈન બૅટિંગ

(જુઓ પાનું ૨) ▸▸

## સંરક્ષણ મંત્રાલય ₹ ૬,૯૦૦ કરોડનાં શસ્ત્રો, વાહનો ખરીદશે

નવી દિલ્હીઃ સંરક્ષણ મંત્રાલયે ઍડવાન્સ ટૉવ્ડ, આર્ટિલરી ગન સિસ્ટમ (એટીએજીએસ) અને હાઈ મોબિલિટી ગન ટૉવિંગ વ્હીકલ (એચએમજીટીવી) પ્રાપ્ત કરવા માટે ભારત ફોર્જ લિ. અને ટાટા એડવાન્સ સિસ્ટમ લિ. સાથે બુધવારે રૂ. ૬,૯૦૦ કરોડના કરાર કર્યા હતા.

આ સાથે જ સંરક્ષણ ખાતાએ ચાલુ નાણાકીય વર્ષમાં શસ્ત્રો, વાહનો અને અન્ય સંરક્ષણ સાધનોની પ્રાપ્તિ માટે અત્યાર સુધીમાં કુલ રૂ. ૧.૪૦ લાખ કરોડના કરાર કર્યા હોવાનું સત્તાવાર બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

સંરક્ષણ ખાતાના જણાવ્યાનુસાર ૧૫૫મી.મી./૫૨ કેલિબરની એટીએજીએસ વિન્ટેજ અને નાના કેલિબરની ગન્સનું સ્થાન લેશે અને ભારતીય સુરક્ષા દળની ક્ષમતામાં

(જુઓ પાનું ૨) ▸▸

## આણંદમાં સહકારી યુનિવર્સિટી સ્થપાશેઃ લોકસભામાં ખરડો પસાર કરાયો

નવી દિલ્હી : લોકસભાએ ગુજરાતના આણંદમાં ‘ત્રિભુવન સહકારી યુનિવર્સિટી’ સ્થાપવાના ખરડાને બુધવારેમંજૂરી આપી હતી. આનો હેતુ સહકારી સોસાયટી માટે સુશિક્ષિત માનવબળ ઊભું કરવાનો છે.

વિદ્યાપીઠને ત્રિભુવનદાસ કિશીભાઈ પટેલનું નામ આપવામાં આવ્યું છે. તેઓ ભારતમાંની સહકારી ચળવળના પ્રણેતા છે અને અમૂલની સ્થાપના કરવામાં મોટું યોગદાન આપ્યું હતું. સહકારી પ્રધાન અમિત શાહે ખરડાની ચર્ચા દરમિયાન આમ કહ્યું હતું.

અમૂલની યાત્રા ૧૯૪૬માં શરૂ થઈ હતી. હવે આ વિશ્વની સૌથી મોટી ડેરી બ્રાન્ડ બની ગઈ છે અને એનું ટર્નઓવર ૬૦,૦૦૦ કરોડ રૂપિયા છે.

વિપક્ષના એક સાંસદે બુધવારે લોકસભામાં આરોપ લગાવ્યો કે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર સંસ્થાઓની સ્વાયત્તતામાં નહીં પરંતુ સત્તાના કેન્દ્રીકરણમાં વિશ્વાસ

(જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાતના બે પોલીસ સહિત ત્રણનાં હરિયાણાના અકસ્માતમાં મૃત્યુ

ચંડીગઢઃ હરિયાણાના સિરસા જિલ્લાના ડબવાલીમાં જીપ એક કેન્ટર ટ્રક સાથે અથડાતા જીપમાં બેસેલા બે પોલીસ સહિત ત્રણ જણ મરણ પામ્યાં હતાં. ડબવાલીના પોલીસ સુપરિન્ટેન્ડન્ટ સિદ્ધાંત જૈને ફોન પર માહિતી આપી હતી કે ગુજરાત પોલીસના વાહનમાં ચાર જણ મુસાફરી કરી રહ્યા હતા. અકસ્માતમાં હેડ કોન્સ્ટેબલ, એક હોમ ગાર્ડ અને બીજી એક વ્યક્તિ મરણ પામી હતી. ગુજરાત પોલીસના તાલીમાર્થી સબ ઈન્સ્પેકટરને અકસ્માતમાં ઈજા થઈ હતી. જૈને કહ્યું હતું કે પોલીસની જીપ સ્થિર ઊભી રહેલી ટ્રક

(જુઓ પાનું ૨) ▸▸

## સાર્વજનિક સ્થળો પર મહિલાઓ અને બાળકો માટે ફીડિંગ અને ચેન્જિંગ રૂમ બનાવવા આદેશ

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને કેટલાંક કેન્દ્રીય મંત્રાલયોને નિર્દેશ આપ્યા હતા કે તે સાર્વજનિક સ્થળો પર બાળકો અને મહિલાઓ માટે ફીડિંગ અને ચેન્જિંગ રૂમ બનાવે જેથી માતાઓ માટે સુલભતા અને સુવિધામાં સુધારો થાય. મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય, નાગરિક ઉડ્ડયન

(જુઓ પાનું ૨) ▸▸



## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ખાલી વાતોથી પાકિસ્તાન પીઓકે છોડીને ના જાય

**યુનાઈટેડ** નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ (UNSC)માં પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીર (પીઓકે) એટલે કે પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીરના મુદ્દે તડાફડીના કારણે પીઓકેનો મુદ્દો ફરી ગાજ્યો છે. સિક્યુરિટી કાઉન્સિલમાં યુનાઈટેડ નેશન્સ દ્વારા હાથ ધરાતા શાંતિ સ્થાપવાના પ્રયત્નો અંગેની ચર્ચા દરમિયાન જમ્મુ અને કાશ્મીર પર પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફના વિશેષ સહાયક સૈયદ તારિક ફાતમીએ ભારત જમ્મુ અને કાશ્મીરમાં અત્યાચારો કરે છે અને લશ્કરના જોરે કબજો કરીને બેઠું છે એવી ટિપ્પણી કરી હતી. ફાતમીના કહેવા પ્રમાણે, જમ્મુ અને કાશ્મીરની પ્રજા ભારતથી આઝાદી ઈચ્છે છે તેથી ભારતે જમ્મુ અને કાશ્મીર ખાલી કરી દેવું જોઈએ.

ભારતના યુએન ખાતેના કાયમી રાજદૂત પી. હરીશે સણસણતો જવાબ આપીને કહ્યું કે ભારતે નહીં પણ પાકિસ્તાને કાશ્મીરનો કેટલોક હિસ્સો એટલે કે પીઓકે પર ગેરકાયદે કબજો જમાવ્યો છે. બાકી આખું પીઓકે ભારતનો હિસ્સો છે અને પાકિસ્તાને આ વિસ્તારને ખાલી કરવો જ પડશે. પી. હરીશે પાકિસ્તાનને બરાબર આડે હાથ લઈને એમ પણ કહ્યું કે, પાકિસ્તાન વારંવાર જમ્મુ-કાશ્મીરનું નામ લઈ પોતાના અધિકારક્ષેત્રની બહાર નીકળી રહ્યું છે અને અનૈતિક રીતે વર્તી રહ્યું છે.

હરીશના કહેવા પ્રમાણે, જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે અને રહેશે. બલકે જમ્મુ-કાશ્મીરના જે વિસ્તારો પર પાકિસ્તાને ગેરકાયદે કબજો કર્યો છે એ વિસ્તારને પણ ખાલી કરવો જ પડશે. હરીશે પાકિસ્તાન જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ ફેલાવે છે તેની વિગતો પણ આપીને પાકિસ્તાનને આ ધંધા બંધ કરવા કહ્યું છે. હરીશે એમ પણ કહ્યું કે, ભારત પાકિસ્તાન સાથે સારા સંબંધો ઇચ્છે છે, પણ પાકિસ્તાનની જવાબદારી છે કે તે પહેલા આતંકવાદનો અંત લાવે અને શાંતિનું વાતાવરણ સર્જે જેથી બંને દેશો વચ્ચે કોઈપણ પ્રકારની વાતચીત શક્ય બની શકે.

હરીશે બહુ બધું કહ્યું છે ને એ બધી વાતો માંડવાનો અર્થ નથી પણ આ વાતોનો સાર એટલો જ છે કે જમ્મુ અને કાશ્મીર આખેઆખું ભારતનું છે અને પાકિસ્તાનને તેના વિશે કશું પણ બોલવાનો અધિકાર નથી. હરીશની વાત સો ટકા સાચી છે. જમ્મુ અને કાશ્મીર ભારતનો હિસ્સો જ છે. રાજા હરિસિંહે ૧૯૪૮માં ભારત સાથે જોડાણના કરાર કર્યા સાથે જ જમ્મુ અને કાશ્મીર ભારતનો હિસ્સો જ બની ગયેલું. પાકિસ્તાને એ પછી આક્રમણ કરીને કાશ્મીરનો ત્રીજો ભાગ પચાવી પાડ્યો અને આપણા શાસકોની નબળાઈના કારણે એ વખતે અને પછી પણ આપણે પીઓકે પાછું ના મેળવી શક્યા, પણ તેના કારણે એ વિસ્તાર પાકિસ્તાનનો થઈ જતો નથી.

જમ્મુ અને કાશ્મીરનો આખો પ્રદેશ ભારતનો છે અને ભારતનો જ રહેશે. એક ઈંચ જમીન પણ બીજા કોઈની છે નહીં અને કદી થવાની નથી. પાકિસ્તાને આખેઆખું જમ્મુ અને કાશ્મીર લેવા બહુ ફાંફાં મારી જોયાં છે. ચાર વાર ભારત પર આક્રમણ કર્યું છે પણ સફળ થયું નથી. ઊલટાનું ભારતે પાકિસ્તાનનાં ઊભાં ફાડિયાં કરીને મૂકી દીધાં છે એ પાકિસ્તાન માટે 'લેને ગઈ પૂત ઓર ખો આઈ ખસમ' જેવું થયું છે. જમ્મુ અને કાશ્મીર પર કબજો કરવા માટે આક્રમણ કરનારા પાકિસ્તાને પૂર્વ પાકિસ્તાન એટલે કે હાલના બાંગ્લાદેશથી હાથ ધોવા પડ્યા છે.

ઈન્દિરા ગાંધીના સમયમાં ભારતે આપેલા આંચકા પછી પાકિસ્તાને સીધી રીતે ભારત સામે જંગ ખેલવાનાં સપનાં જોવાનું છોડી દીધું અને આતંકવાદનો રસ્તો અપનાવ્યો. આતંકવાદ ફેલાવીને પાકિસ્તાન ભારતને પરેશાન કરવાનો ને બદલો લેવાનો ઠાલો સંતોષ મેળવે છે, પણ આતંકવાદના રસ્તે પણ પાકિસ્તાન જમ્મુ અને કાશ્મીર તો મેળવી શકતું નથી. ખાસિયાણું પડેલું પાકિસ્તાન છાસવારે જમ્મુ અને કાશ્મીરની પ્રજા ભારતથી અલગ થવા માગે છે એવી રેકર્ડ વગાડ્યા કરે છે, પણ જમ્મુ અને કાશ્મીરની પ્રજાએ પણ થોડા સમય પહેલાં જ વિધાનસભાની ચૂંટણીમાં હોંશે હોંશે ભાગ લઈને સાબિત કરી દીધું કે, પાકિસ્તાનના કહેવાથી જમ્મુ અને કાશ્મીરની પ્રજા ભારતવિરોધી થઈ જતી નથી. બલકે જમ્મુ અને કાશ્મીરની પ્રજા તો ભારત સાથે જ છે.

પાકિસ્તાનનાં આ હવાતિયાં હાસ્યાસ્પદ છે પણ તેનામાં કોઈ સુધારો આવવાનો નથી એ જોતાં પાકિસ્તાન તક મળશે ત્યાં આ પ્રકારની વાતો કર્યા જ કરશે. જમ્મુ અને કાશ્મીરની પ્રજાના નામે જૂઠાણાં ચલાવ્યા કરશે. ભારતને તેનાથી બહુ ફરક પડતો નથી, પણ ભારતે તેનો જવાબ આપવો જ પડે. તેમાં પણ યુએનએસસી જેવા મંચ પરથી પાકિસ્તાન આવાં જૂઠાણાં ચલાવે ત્યારે તો રાજદ્વારી સ્તરે જવાબ આપવો જ પડે. પી. હરીશે એ જવાબ આપીને પોતાની ફરજ બજાવી છે પણ પાકિસ્તાને પીઓકે ખાલી કરવું જ પડશે એવી તેમની વાત વાસ્તવિકતાથી બહુ દૂર છે. પાકિસ્તાનને જવાબ આપવા માટે આવી વાતો બરાબર છે પણ કહેવા માત્રથી પાકિસ્તાન પીઓકે ખાલી કરીને જતું રહેવાનું નથી એ કડવી વાસ્તવિકતા છે.

આપણી સરકારમાં બેઠેલા કે સરકાર સાથે સંકળાયેલાં લોકો લાંબા સમયથી આ પ્રકારની વાતો જ કર્યા છે. આ પહેલાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પણ કહેલું કે, પીઓકેમાં પ્રજાનો રોષ પાકિસ્તાન સામે ભડકી રહ્યો છે તેથી પાકિસ્તાને એક દિવસ પીઓકે છોડીને ભાગવું પડશે. એ પછી આપણા વિદેશ મંત્રી એસ. જયશંકરે પણ એ જ વાત કરી ને હવે પી. હરીશ પણ એ જ વાત કરી રહ્યા છે. પાકિસ્તાન પીઓકે છોડીને શું કરવા જતું રહે? પીઓકેમાં પ્રજાનો પાકિસ્તાન સામેનો રોષ આજકાલનો નથી, વરસો જૂનો છે. લોકો રસ્તા પર ઊતરી આવે છે, દેખાવો કરે છે, પાકિસ્તાનના શાસકોને ગાળો પણ આપે છે, પણ તેનાથી કોઈ ફરક પડતો નથી.

આપણા શાસકો આવી વાતો કર્યા કરે છે. પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીરને પાછું લેવા માટે પ્રયત્નો કરવા પડે, પણ આપણે કોઈ પ્રયત્નો જ કર્યા નથી. વાતો કર્યે ના ચાલે, પણ આક્રમણ કરવું પડે. આ વાત જવાહરલાલ નહેરુની સરકારથી માંડીને હાલની નરેન્દ્ર મોદી સરકાર સુધી બધાને લાગુ પડે છે.

પાકિસ્તાનના શાસકો વધારે શાણા કહેવાય કેમ કે તેમણે જમ્મુ અને કાશ્મીર લેવા ચાર વાર તો આક્રમણ કર્યું. આપણને તો ચાર વાર આક્રમણની જરૂર પણ નથી. એક જ હુમલો કાફી છે. ભારતીય સૈન્યની તાકાત છે કે માત્ર ૨૪ કલાકમાં જ પાકિસ્તાનને ધૂળ ચાટતું કરી દે, મસળી નાખે. સેના રાહ જુએ છે સરકારના આદેશની. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, ગુરુવાર, તા. ૨૭-૩-૨૦૨૫, પ્રદોષ શિવરાત્રિ અને વારુણીયોગ તીર્થવાસ, તીર્થસ્નાન, ધર્મકાર્યનો શ્રેષ્ઠ યોગ.

- ભારતીય દિનાંક ૬, માહે ચૈત્ર, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ફાગણ વદ -૧૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ફાગણ, તિથિ વદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૧૫મો દએપમહેર, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૫મો દએપમહેર, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૭મો અમરદાદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૮મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- નક્ષત્ર શતભિષા મધ્યરાત્રે ક. ૨૪-૩૩ સુધી, પછી પૂર્વાભાદ્રપદા.
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૯, અમદાવાદ ક. ૧ ૮ મિ. ૫૧, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૧૦-૩૦, રાત્રે ક. ૨૨-૫૫
- ઓટઃ સાંજે ક. ૧૬-૩૧, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૬ (તા. ૨૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ફાગણ કૃષ્ણ - ત્રયોદશી. પ્રદોષ, શિવરાત્રિ, વારુણીયોગ સૂર્યોદયથી સૂર્યાસ્ત, પંચક, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૩-૦૩. શુભ દિવસ,
- શુભાશુભ દ્વિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ પ્રદોષ-શિવરાત્રિ વ્રત ઉપવાસ, શિવપરિવાર પૂજા, શિવભક્તિ, ભજન, નામસંકિર્તન, રાત્રિ જાગરણ, ગંગા, ગોદાવરી, તીર્થમાં સ્નાન, ઉપવાસ, મંત્રસિદ્ધિ, યંત્રસિદ્ધિ, જપ, તપ, દાન, ગુરુ દત્તાત્રેયની વિશેષરૂપે પૂજા, વરુણ દેવતાનું પૂજન, રાહુ દેવતાનું પૂજન, મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવવી, બાળકનું નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા. અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પરદેશગમનનું પસ્તાનું વિદ્યારંભ, રાજ્યાભિષેક, બગીચો બનાવવો, માલ લેવો, નોકરી, દુકાન-વેપાર, ધાન્ય વેંચવું, ધાન્ય ભરવું, પશુ લે-વેંચ, રત્નધારણ, વૃક્ષ વાવવા, વિદ્યારંભ.
- આચમનઃ શુક્ર-નેપ્ચૂન ત્રિકોણ કલ્પનાશીલ સ્વભાવ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ કુટુંબમાં ઉપાધિ આવે.
- ખગોળ જ્યોતિષઃ શુક્ર-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ (તા. ૨૮).
- ગોચરગ્રહોઃ સૂર્ય-મીન, માર્ગી મંગળ-મિથુન, વક્રી બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, વક્રી શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# જ્ઞાનીઓના પણ જ્ઞાનમાં વૃદ્ધિ કરનાર એક લા'જવાબ પ્રસંગ

**આ** પ્રસંગ એ સમયનો છે જ્યારે ખિલાફત (રાજાશાહી)નો જમાનો ચાલી રહ્યો હતો. દેશના એક ન્યાયી, દયાળુ ખલિફા (સત્તાધીશ, રાજા) જુદાં જુદાં રાજ્યોના પ્રવાસે લોકોનું જીવન ધોરણનો અભ્યાસ કરવા નીકળ્યા હતા.

માર્ગમાં એક વૃદ્ધ વ્યક્તિને અલ્લાહની ઈબાદતમાં તલ્લીન થયેલો જોયો. બાદશાહે તેની પાસે જઈ પૂછ્યું કે, તમે મારું આ મોટું સૈન્ય જોઈ કેમ ભયભીત થયા નહીં?

એ ઝઈફ વૃદ્ધે કહ્યું કે તમારા લશ્કર કરતાં ખુદાની ફોજ વધારે મોટી છે, હું અલ્લાહ સાથેની એકાગ્રતા છોડી તમારા તરફ નજર કરતે તો પછી મારા રબ પાસેથી મારી ઈચ્છા પૂર્ણ ન થતે!

બાદશાહે તે શખસને કહ્યું કે, જો તમોને કબૂલ હોય તો મારી શાહીમાં તમોને સામીલ કરું, મારા કાર્યમાં સહાયક થાવ.

આ સાંભળીને તેણે કહ્યું કે, મારા માટે ચાર વસ્તુઓની ખાતરી આપો તો તમારી વાત સ્વીકારવા તૈયાર થાઉં, એ ચાર વસ્તુઓ છે કે -

૧. નેઅમત (ઈશ્વરની દેણગી), સુખ જાય નહીં, સદા રહે.
૨. સ્વાસ્થ્ય કે કોઈ દિવસ બીમારી આવે નહીં.
૩. એવી યુવાની કે વૃદ્ધાવસ્થા આવવાનું નામ ન લે.
૪. એવી ઝિન્દગી કે મોત આવે નહીં.

બાદશાહે કહ્યું કે એ ચારે વસ્તુઓ પર ઈન્સાન તાકાત રાખતો નથી.

એ શખસે કહ્યું કે એ ચારે વસ્તુઓ પર મારો રબ કુદરત ધરાવે છે અને તમે પણ તેના તાબેદાર છો.

બાદશાહે કહ્યું કે ખરેખર તમે સાચી વાત કરી છે. પછી તેઓ આગળના પ્રવાસે નીકળી ગયા.

રસ્તામાં એક આલિમ (જાણકાર જ્ઞાની)ની મુલાકાત થઈ. વાતચીત થતા આલિમે સવાલ કર્યો કે, આપ બતાવો કે,

* એ બે વસ્તુ કઈ છે જે હંમેશાં ફરતી રહે છે?
* એ બે વસ્તુ કઈ છે જે જગતના આરંભથી છે?
* એ બે કઈ ચીજ છે જે એકબીજાની પાછળ આવે છે? અને
* એ બે વસ્તુ કઈ છે જે આપસમાં શત્રુ છે?

બાદશાહ સલામતે જવાબ આપ્યો કે

* જે ફરતા રહે છે તે ચાંદ-સૂરજ છે.
* જે કાયમ્ છે તે જમીન - આસમાન છે.
* જે એકબીજાની પાછળ આવે છે તે રાત-દિવસ અને
* જે દુશ્મન છે તે મોત-હયાત 'જીવન - મૃત્યુ.'

બાદશાહનો જવાબો સાંભળી આલિમે કહ્યું કે, ખરેખર આપ બુદ્ધિશાળી સુલતાન છો.

માર્ગમાં આગળ વધતા તેમણે જોયું કે એક વૃદ્ધ કેટલીક માનવ ખોપરીઓ લઈને આમતેમ ફેરવીને કુતુહલ થઈ જોતો હોય છે.

- આપ જોઈ જ્ઞાની બાદશાહ અજબ થયા અને ઝઈફને પૂછયું કે,

* અય બંદેખુદા! આ મુરદાની ખોપરીઓ શા માટે ફેરવી ફેરવીને જુએ છે?

- વૃદ્ધે જવાબ આપ્યો કે -

- હું એ જોઈ રહ્યો છું કે આમાં અમીર (શ્રીમંત) કોણ છે અને ગરીબ કોણ છે?

આ વાત સાંભળી બાદશાહ વિચારવા લાગ્યા કે ખરેખર આ વાત તો મારી નસીહત માટે છે કે મરવા પછી ન કોઈ અમીર છે કે ન કોઈ ગરીબ! બધાયનો એકસરખો હાલ છે, એક જેવો અંત.

બાદશાહ સલામત ત્યાંથી આગળ વધ્યા તો એક કોમને જોઈ કે તેઓ બધાય સંપ-સલાહથી રહેતા હતા અને પરવરદિગારની ઈબાદત કરતા. કોઈની પણ કોઈ બુરાઈ કરતું નહોતું.

બાદશાહે એ લોકોના ઘરની સામે જ કબ્રસ્તાન જોઈને કહ્યું કે-

* અય નેક લોકો! તમોએ ઘરની સામે શા માટે કબરો બનાવી છે?

તેઓએ જવાબ આપ્યો કે -

- 'એટલા માટે કે હંમેશાં મોત યાદ રહે!'

બાદશાહે કહ્યું-

* તમારા મકાનોના દરવાજા કેમ નથી?

તેઓએ જવાબ આપ્યો કે-

- અમારામાં કોઈ ચોર કે બદમાશ નથી.

* તમારી કોમનો કોઈ આગેવાન કેમ નથી?

- અમે આપસમાં કોઈ પર જુલ્મ કરતા નથી!

* કોઈ કાઝી (ન્યાયકર્તા) કેમ નથી?

- અમે લડતા - ઝઘડતા નથી!

* કોઈ બાદશાહ કેમ નથી?

- અમો કોઈ વસ્તુ વધારે ઈચ્છતા નથી એક સરખા રહેવા ઈચ્છીએ છીએ!

* તમારા લોકોનો માલ એકસરખો કેમ છે?

- અમો આપસમાં એકસરખી વહેંચણી ઈન્સાફથી કરીએ છીએ!

* શા માટે તમો એકમત ધરાવો છો?

- એક જ રાહ ગ્રહણ કરી છે અને કોઈની કોઈ બુરાઈ કરતા નથી. ન પાછળથી ગીબત (નિંદા) કરીએ છીએ!

* તમે ગુસ્સે થતા નથી તેનું કારણ શું?

- આજીજી અને નમ્રતાને ગ્રહણ કરેલ છે!

* બધા કરતાં તમારા કોમના લોકોની ઝિન્દગી લાંબી હોય છે, તેનું કારણ શું?

- અમે લોકોના હક બરાબર અદા કરીએ છીએ, જુલમથી છેટા રહીએ છીએ!

* તમો શા માટે દુઃખી, ગમગીન થતા નથી?

- અમો બલા પર સબ્ર કરીએ છીએ. આફત આવવાની અગાઉ દિલને દૃઢ (મક્કમ) રાખીએ છીએ!

અત્યંત જિજ્ઞાસુ બાદશાહે તે શખસ પર આફરીન થઈ છેવટનો એક પ્રશ્ન પણ પૂછી નાખ્યો કે

* તમારા માલ પર આફત કેમ આવતી નથી?

- અમો અલ્લાહ સિવાય કોઈ પર તવક્કલ (ભરોસો, વિશ્વાસ, શ્રદ્ધા) રાખતા નથી. ઉપરાંત

- ભલાઈ - બુરાઈનો આધાર ગ્રહ પર નથી રાખતા. અમોને ખાતરી છે કે જે થાય છે તે અલ્લાહની મસલેહત (ભેદ - ઈચ્છા) મુજબ હોય છે.

લોક અભ્યાસાર્થે જગત પ્રવાસે નીકળેલા આ રહમદિલ જ્ઞાનિ બાદશાહે અનુભવ્યું કે જે થાય છે તે અલ્લાહની ઈચ્છાને આધીન જ હોય છે. ભલાઈ અને બુરાઈ વચ્ચેની ભેદરેખાને ઈન્સાને સમજી લેવાની જરૂર છે.

* * *

ઈન્સાન કી ઔલાદ હૈ, ઈન્સાન બનેગા

કુરાન કહે છે કે તમામ કુદરત અને તાકાત સૃષ્ટિના સર્જક અલ્લાહતઆલાની છે.

* જો બધી જ તાકાત અને કુદરત અલ્લાહની છે તો પછી શા માટે ઈન્સાન હોદ્દો, મકામ (સ્થાન) અને કુદરત મેળવવા માટે દરેક મિનિટે બીજાની પાસે દોડે છે?

ફરમાવવામાં આવ્યું છે કે-

* બધી જ ઉમ્મત - પ્રજા આપસમાં ભાઈ ભાઈ છે.

ત્યાર પછી ફરમાવે છે કે -

* હવે જ્યારે તમે બધા એકબીજાના ભાઈ ભાઈ છો તો પછી લડાઈ - ઝઘડો અને ક્રોધ - ગુસ્સો શા માટે?

* તો હવે બધા જ એકબીજા સાથે સંપીને - પ્રેમથી રહો. આમીન (તથાસ્તુ, ઈશ્વર સૌનું ભલું કરે.)

* * *

### સાપ્તાહિક સંદેશ

ઈર્ષા, હસદ કરવાથી બચતા રહો. બુરાઈ બોલનારા હસદખોરોનો અમલ અર્થાત્ વહેવાર - આચરણ કરનારાઓનો કાર્ય છઠ્ઠા આસમાન સુધી પણ પહોંચતો નથી, તેને રસ્તામાંથી તેના મોં પર પટકી દેવામાં આવે છે. તે (ઈર્ષાખોર) દુનિયા અને આખેરત (મૃત્યુલોક) બંનેમાં પરેશાન રહે છે, દુનિયામાં પોતાના હસદના કારણે અને આખેરતમાં અઝાબ, દુઃખ, કષ્ટ, વિપત્તિ, યાતના, સજાના કારણે. ■

## પહેલા પાનાનું ચાલુ

### બૅન્ક ખાતામાં

વાળવાનો મતલબ લોન માફ કરી દેવી એવો નથી' અને બૅન્ક એવી લોન રિકવર કરવાના પ્રયાસો ચાલુ રાખશે.

ગત નાણાકીય વર્ષમાં જાહેરક્ષેત્રની બૅન્કોએ અંદાજે રૂ. ૧.૪૧ લાખ કરોડનો નફો કર્યો હતો વર્ષ ૨૦૨૫-૨૬માં નફાની આ રકમમાં વધારો થશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. બંધારણના ૯૭મા એમેન્ટમેન્ટ ઍક્ટ સાથે સુસંગત થાય તે માટે કો-ઓપરેટિવ બૅન્કોમાં ચેરમેન અને પૂર્ણસમયના ડિરેક્ટરને બાદ કરતાં અન્ય ડિરેક્ટરોની મુદત આઠ વર્ષથી વધારીને દસ વર્ષ કરવાની પણ સુધારિત ખરડામાં માગણી કરવામાં આવી છે.

એક વખત આ કાયદો અમલી બનશે ત્યાર બાદ તે સેન્ટ્રલ કો-ઓપરેટિવ બૅન્કના ડિરેક્ટરને સ્ટેટ કો-ઓપરેટિવ બૅન્કના બૉર્ડ પર સેવા આપવાની પરવાનગી આપશે. ખરડામાં કાયદેસર ઑડિટરોને વધુ મહેનતાણું આપવા અંગેનો નિર્ણય લેવાની બૅન્કોને વધુ સત્તા આપવાની પણ માગણી કરવામાં આવી છે.

ખરડામાં સૂચવવામાં આવેલા ફેરફારનો આશય બૅન્કો માટે રેગ્યૂલેટરી કમ્પ્લાયન્સની તારીખ અગાઉના દર મહિનાના બીજા અને ચોથા શુક્રવારને બદલે મહિનાની ૧૫મી અને છેલ્લી તારીખ કરવાનો છે.

આ સુધારો પાંચ મહત્ત્વની કામગીરી પર અસર કરશે જે એને અનન્ય બનાવશે, એમ તેમણે કહ્યું હતું.

આ સુધારા એટલે પણ અનન્ય છે કેમ કે બજેટમાં આપેલાં વચનોની પૂર્તિ થઈ શકે તે માટે જરૂરી સુધારાની ખાતરી કરવા આઠ ટીમે આ ખરડા પર કામ કર્યું છે.

નવી સુધારિત જોગવાઈમાં રોકડ તેમ જ ફિક્સ્ડ ડિપોઝિટ માટે સમાંતર નોમિનેશનની પરવાનગી આપવામાં આવશે. જોકે લોકર્સની બાબતમાં માત્ર સમાંતર નોમિનેશનને જ પરવાનગી આપવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### ગુજરાતના બે પોલીસ

સાથે અથડાઈ હતી. અકસ્માતની તપાસ થઈ રહી છે.

ડેપ્યુટી સુપરિન્ટેન્ડન્ટ રમેશ કુમારે કહ્યું હતું કે ઈજાગ્રસ્તને ડબવાલી હૉસ્પિટલથી ભટિંડાની એઈમ્સમાં મોકલવામાં આવી રહ્યો છે. ડબવાલીના ભારત માલા રોડમાં અકસ્માત થયો હતો. ગુજરાતની પોલીસ એક કેસના સંદર્ભમાં પંજાબ જઈ રહી હતી . પોલીસની ગાડીમાં ગુજરાતનો રજિસ્ટ્રેશન નંબર અને ટ્રક પર પંજાબનો રજિસ્ટ્રેશન નંબર હતો. (એજન્સી) ■

### સાર્વજનિક સ્થળો પર

મંત્રાલય, રેલવે બોર્ડ અને રાજ્ય સરકારોને પત્ર લખીને આવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા કહ્યું છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જણાવ્યું હતું કે વિવિધ એરપોર્ટ પર કુલ ૩૧૨ ફીડિંગ અને ચેન્જિંગ રૂમ સ્થાપિત કરવામાં આવ્યા છે, જેમાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એએઆઇ) હેઠળ ૧૬૪ અને નોન-એએઆઇ એરપોર્ટ પર ૧૪૮નો સમાવેશ થાય છે. તેવી જ રીતે માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે માહિતી આપી છે કે તેલંગાણામાં ૨૬ બસ સ્ટેશનો, તમિળનાડુ, કોઈમ્બતુરમાં બે અને ઉત્તર પ્રદેશમાં ૫૦ બસ સ્ટેશનો પર ફીડિંગ રૂમ બનાવવામાં આવ્યા છે. દિલ્હી, ગોવા, ચંડીગઢ અને મેઘાલય સહિત અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ પણ આ સંદર્ભમાં થયેલા કામની જાણકારી આપી હતી.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે તમામ મંત્રાલયો અને રાજ્ય સરકારો માટે એક સલાહ જાહેર કરી છે જેમાં તેમને વર્કિંગ વુમનને સમર્થન કરવા માટે સાર્વજનિક કાર્યાલયો અને કાર્યસ્થળોમાં જેન્ડર ફ્રેન્ડલી જગ્યાઓ બનાવવા વિનંતી કરી છે.

આ એડવાઇઝરીમાં વોશરૂમમાં સેનિટરી પેડ વેન્ડિંગ મશીનો અને ઇન્સિનરેટર લગાવવા, ફીડિંગ રૂમ, રેસ્ટરૂમ અને યોગ રૂમ માટે જગ્યા ફાળવવા અને ૫૦ કે તેથી વધુ કર્મચારીઓ ધરાવતી જાહેર ઇમારતોમાં ક્રેચ સુવિધાઓ શરૂ કરવા પગલા લેવાના નિર્દેશ સામેલ છે. મહિલા અને બાળ વિકાસ રાજ્યમંત્રી સાવિત્રી ઠાકુરે બુધવારે રાજ્યસભામાં એક પ્રશ્નના જવાબમાં આ જાણકારી આપી હતી. ■

### સંરક્ષણ મંત્રાલય

અસાધારણ વધારો કરશે. આ ગન સિસ્ટમની પ્રાપ્તિ આર્ટિલરી રેજિમેન્ટ્સના અત્યાધુનિકીકરણ અને સજ્જતા વધારવામાં સીમાચિહ્નરૂપ ભૂમિકા ભજવશે, એમ તેમણે કહ્યું હતું. જીવલેણ પ્રહાર કરવા માટે જાણીતી એટીએજીએસની લાંબા અંતરના લક્ષ્ય પર ચોકસાઈપૂર્વક પ્રહાર કરવાની ક્ષમતાને કારણે તે સૈન્યની તાકાતમાં અસાધારણ વધારો કરશે. (એજન્સી) ■

### આણંદમાં સહકારી યુનિવર્સિટી

ધરાવે છે. તેમણે ગૃહમાં 'ત્રિભુવન સહકારી યુનિવર્સિટી બિલ, ૨૦૨૫' પર ચર્ચામાં ભાગ લેતી વખતે આ વાત કહી હતી. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે ગૃહમાં ચર્ચા અને પસાર કરવા માટે એક બિલ રજૂ કર્યું, જેમાં ગુજરાતના આણંદ ખાતે આવેલી ઇન્સ્ટિટ્યૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટને ત્રિભુવન કોઓપરેટિવ યુનિવર્સિટીના રૂપમાં યુનિવર્સિટીનો દરજજો આપવા અને તેને રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા જાહેર કરવાની જોગવાઈ કરવામાં આવી હતી. બિલ ૩ ફેબ્રુઆરીના રોજ લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. તૃણમૂલ સાંસદ રાયે કહ્યું હતું કે, ''સહકાર મંત્રી અમિત શાહ આ બિલ લાવ્યા છે, આ સારી વાત છે પણ મને ડર છે કે શું સરકાર આના દ્વારા અમૂલની સ્વતંત્રતા છીનવી લેશે.''

કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા તેમણે કહ્યું કે ભાજપ સરકાર સ્વાયત્તતામાં નહીં પરંતુ સત્તાના કેન્દ્રીકરણમાં માને છે. તેમણે કહ્યું કે ઉક્ત યુનિવર્સિટી પાસે શૈક્ષણિક, વહીવટી અને વ્યવસ્થાપક સ્વાયત્તતા હોવી જોઈએ. રાયે સહકારી ચળવળના પિતા ગણાતા ત્રિભુવન દાસ પટેલના નામ પરથી યુનિવર્સિટીનું નામકરણ કરવાના પગલાનું સ્વાગત કર્યું. જોકે, તેમણે શાસક પક્ષ પર પણ કટાક્ષ કરતા કહ્યું કે ત્રિભુવન દાસ ભાજપના નહીં પણ કૉંગ્રેસના સભ્ય હતા અને પંડિત જવાહરલાલ નેહરુની સરકાર દરમિયાન તેમને પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા

સમાજવાદી પાર્ટીના વીરેન્દ્ર સિંહે પણ આ બિલ દ્વારા સ્વાયત્ત સંસ્થાઓને નબળી પાડવાની આશંકા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે સરકારે આ બિલમાં સંસ્થાના કુલપતિની નિમણૂક, ડિરેક્ટર બોર્ડના સભ્યોની નિમણૂક વગેરે અંગે સ્પષ્ટ માહિતી આપવી જોઈએ. ગુજરાતના બનાસકાંઠા સંસદીય મતવિસ્તારના કૉંગ્રેસના સભ્ય ગનીબેન ઠાકોરે જણાવ્યું હતું કે આ બિલ તેમના ગૃહ રાજ્ય માટે ગર્વની વાત છે. ■

### છત્તીસગઢના

પ્લેટફોર્મ મહાદેવ બુકની ગેરકાયદે કામગીરીને લગતો હોવાનું સીબીઆઈએ કહ્યું હતું. આ ગેરકાયદે ગેમિંગ નેટવર્ક સરળતાપૂર્વક ચાલતું રહે તેની ખાતરી માટે પ્રમોટરોએ સરકારી અધિકારીઓને મોટા પ્રમાણમાં પ્રોટેક્શન મનીની ચુકવણી કરી હોવાનું પણ તપાસ દરમિયાન જાણવા મળ્યું હોવાનું બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

સર્ચ ઑપરેશન દરમિયાન ગુનાના પુરાવારૂપ દસ્તાવેજો પણ જપ્ત કરવામાં આવ્યા હતા. છત્તીસગઢ પોલીસની આર્થિક ગુના શાખાએ કેસને મામલે દાખલ કરવામાં આવેલા એફઆઈઆરમાં બાઘેલ, ઍપના પ્રમોટર ઉપ્પલ ચંદ્રકાર, શુભમ સોની, અનિલકુમાર અને અન્ય ૧૪ જણનાં નામ આપ્યાં હતાં. સીબીઆઈએ છત્તીસગઢ પોલીસની આર્થિક ગુના શાખા પાસેથી આ કેસની તપાસનો હવાલો ખૂંચવી લીધો હતો.

આરંભમાં રાયપુરની આર્થિક ગુના શાખા દ્વારા નોંધવામાં આવેલા આ કેસને મામલે વધુ વ્યાપક તપાસ કરવા છત્તીસગઢ સરકારે આ કેસ સીબીઆઈને ટ્રાન્સફર કર્યો હતો. કેસને મામલે તપાસ કરી રહેલી ઈડીએ પણ આક્ષેપ કર્યો હતો કે તપાસ દરમિયાન ટોચના અનેક રાજકારણીઓની પણ સંડોવણી હોવાનું જણાઈ આવ્યું હતું.

આ એપ નવા ગ્રાહકોનું રજિસ્ટ્રેશન, નવા યુઝર આઈડી બનાવવા અને બેનામી બેન્ક ખાતાઓ મારફતે મનીલૉન્ડરિંગની વ્યવસ્થા કરતા ઓનલાઈન પ્લેટફોર્મની પિતૃસંસ્થા હોવાનો ઈડીએ દાવો કર્યો હતો.

શાસક પક્ષ બાઘેલથી ગભરાઈ રહ્યો છે હોવાને કારણે દરોડા પાડીને તેમને હેરાન કરવાનો અને તેમની છબી ખરડવાનો પ્રયાસ થઈ રહ્યો છે, એમ છત્તીસગઢ કૉંગ્રેસ એકમના વડા દીપક બૈજે કહ્યું હતું.

પહેલા ઈડી અને હવે સીબીઆઈ, તપાસ એજન્સીઓ ભાજપની બી ટીમ તરીકે કામ કરી રહી હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો.

દરમિયાન, ભાજપે સીબીઆઈની કાર્યવાહીને રાજકારણ સાથે ન સાંકળી લેવા જણાવ્યું હતું.

મહાદેવ સટ્ટાબાજી એપ કેસના સંદર્ભમાં ઇડી દ્વારા દરોડા પાડવામાં આવ્યાના દિવસો પછી, સીબીઆઈએ આજે કોંગ્રેસના મહાસચિવ અને છત્તીસગઢના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ભૂપેશ બઘેલના રાયપુર અને ભિલાઈ સ્થિત નિવાસસ્થાનો પર દરોડા પાડ્યા હતા. (એજન્સી) ■

# ઘાટકોપરમાં મુસ્લિમ ફેરિયાઓની દાદાગીરી

# નજીવા કારણસર ગુજરાતી વેપારીની બેરહેમીથી મારપીટ

**સ્થાનિકોમાં આક્રોશ**

**નેતાઓએ પોલીસ-સુધરાઇ સાથે આ મુદ્દે કાર્યવાહી કરવાની માગણી કરી**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઘાટકોપર વિસ્તારમાં દુકાનમાં આવેલા ગ્રાહક પર કાગળ ફેંકવાને મુદ્દે બોલાચાલી થયા બાદ બે ફેરિયા સહિત ચાર જણે ૨૯ વર્ષના ગુજરાતી વેપારીની બેરહેમીથી મારપીટ કરી હોવાની ઘટના બની હતી, જેને પગલે અન્ય વેપારીઓમાં રોષ ફેલાયો હતો. આરોપીઓએ વેપારીના પિતા સાથે પણ ધક્કામુક્કી કરી તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.





આ ઘટનામાં ઘાયલ થયેલા વેપારીએ નોંધાવેલી ફરિયાદને આધારે ઘાટકોપર પોલીસે ચાર આરોપી સામે ગુનો દાખલ કર્યો હતો. સ્થાનિકોમાં આ મામલે ભારે આક્રોશ ફેલાતાં આ ઘટનાની ગંભીર નોંધ લઇ ઘાટકોપરના નેતાઓએ આ સંબંધે પોલીસ તથા સુધરાઇના અધિકારીઓ સાથે વાત કરી હતી અને નાગરિકો પર દાદાગીરી કરનારા ગેરકાયદે ફેરિયાઓ સામે કાર્યવાહી કરવાની માગણી કરી હતી.

ઘાટકોપર પશ્ચિમમાં ન્યૂ માણેકલાલ એસ્ટેટ ખાતે સુવિધા એપાર્ટમેન્ટમાં રહેતા અને પિતા ભરતભાઇ ધ્રુવ સાથે એમ.જી. રોડ પર ચિરાગ ચિલ્ડ્રન વૅર નામની કપડાંની દુકાન ચલાવતા હર્ષ ધ્રુવે (૨૯) ઘાટકોપર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદને આધારે ફેરિયા અબ્દુલ કાદિર ખાન અને રાશિદ શેખ સહિત ફહીમ ખાન તથા ઝુબેર ખાન વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો.

ઘાટકોપર પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર અવિનાશ કલદાતેએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે અમે આ પ્રકરણે ચાર જણ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. આવા કેસમાં આરોપીને સાત વર્ષથી ઓછી શિક્ષા આપવાની કાયદામાં જોગવાઇ હોવાથી અમે તેમની ધરપકડ કરી નથી. આરોપીઓને અમે નોટિસ આપીશું અને કોર્ટમાં હાજર કરી તેમની વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરીશું. અમે બાદમાં તેમની સામે ચેપ્ટર કેસ પણ દાખલ કરવાના છીએ. આ કેસમાં અમારી પાસે બે સાક્ષીદાર છે. આ ગેરકાયદે ફેરિયાઓ સામે કાર્યવાહી કરવા અમે પાલિકાને પત્ર પણ લખ્યો છે અને કાર્યવાહી વખતે તેમને પોલીસ બંદોબસ્ત આપવા અમે તૈયાર છીએ.

પોલીસ ફરિયાદમાં જણાવવામાં આવ્યું હતું કે ૨૩ માર્ચે સાંજે હર્ષ ધ્રુવ, તેના પિતા, કર્મચારી તેમ જ અન્ય બે જણ દુકાનમાં હાજર હતા ત્યારે ગ્રાહક અંદર આવ્યો હતો. એ સમયે બહાર રસ્તા પર કપડાં વેચનાર ફેરિયા અબ્દુલ કાદિર ખાને દુકાનમાં ઊભેલા ગ્રાહક પર કાગળ ફેંક્યું હતું. આથી હર્ષના પિતા ભરતભાઇએ કાદિરને કાગળ ગ્રાહક પર શા માટે ફેંક્યું એવું પૂછતાં કાદિરે તેમને ગાળો ભાંડવાનું શરૂ કર્યું હતું. ભરતભાઇએ ત્યાર બાદ કાદિરના ઓળખીતા રાશિદ શેખને બોલાવ્યો હતો અને કાદિરને સમજાવવા માટે કહ્યું હતું.

જોકે ભરતભાઇની વાત માનવાને બદલે રાશિદ શેખ પણ તેમને ગાળો ભાંડવા લાગ્યો હતો. રાશિદે ત્યાર બાદ હર્ષની મારઝૂડ કરવાનું શરૂ કર્યું હતું. તેમણે નજીકમાં પડેલી લાકડી ઊંચકીને હર્ષ ધ્રુવની બેરહેમીથી મારપીટ કરી હતી.

દરમિયાન રાશિદને ત્યાં કામ કરનારા ફહીમ ખાન અને ઝુબેર ખાન પણ ત્યાં દોડી આવ્યા હતા અને તેઓ પણ હર્ષને મારવા લાગ્યા હતા. તેમણે બાદમાં ભરતભાઇ સાથે ધક્કામુક્કી કરી હતી અને તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, એવો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો હતો.

આ ઘટનામાં ઘવાયેલા હર્ષને સારવાર માટે રાજાવાડી હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો અને બાદમાં તેણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ■

## કોણે શું કહ્યું

ફેરિયાઓની આ દાદાગીરી-ગુંડાગીરી દિવસે દિવસે વધતી જાય છે. આવા લોકો પર ઉપકાર કરવા જેવો નથી. તેમને વારંવાર હટાવવામાં આવતા હોવા છતાં પાલિકા સાથે મિલીભગતને કારણે તેઓ ફરી ત્યાં આવી જાય છે. માત્ર દુકાનદારો નહીં પણ ઘાટકોપરની જનતાનો સહકાર હશે તો જ આ ન્યુસન્સનો અંત આવશે.

**- પરાગ શાહ,**
**ઘાટકોપરના વિધાનસભ્ય**

મેં પોલીસ તથા પાલિકાના અધિકારીઓને ગેરકાયદે ફેરિયાઓ સામે કાર્યવાહી કરવા માટે કહ્યું છે. અધિકારીઓએ કાર્યવાહી કરવાની બાંયધરી પણ આપી છે. ઘાટકોપર પશ્ચિમના એમ. જી. રોડ પર બાંગ્લાદેશીઓ સહિત ગેરકાયદે ફેરિયાઓ આવીને બેસે છે અને સ્થાનિક નાગરિકો પર દાદાગીરી કરે છે, જે હવે ચલાવી લેવામાં નહીં આવે. લાઇસન્સ વિનાના ફેરિયાઓને હવે ત્યાંથી હટાવવામાં આવશે.

**- કિરીટ સોમૈયા,**
**ભાજપના નેતા**

બનાવની જાણ થયા બાદ હું, કિરીટભાઇ તથા અન્ય કાર્યકર્તાઓ ઘટનાસ્થળે ગયાં હતાં. અમે અગાઉ પણ ફેરિયાઓ સામે પાલિકામાં અનેક ફરિયાદો કરી છે, પણ એક-બે દિવસની કાર્યવાહી પછી જેમનું તેમ હોય છે.

**- બિંદુ ત્રિવેદી,**
**ભૂતપૂર્વ નગરસેવિકા**

ફેરિયાઓની દાદાગીરી દિવસે દિવસે વધતી જાય છે. અમે વર્ષોથી તેમની સામે લડત ચલાવી રહ્યા છીએ. જોકે પોલીસ અને પાલિકા સાથે સાઠગાંઠ હોવાથી આનું કોઇ નિવારણ આવી શક્યું નથી. આવા લોકો ઘણી વાર મહિલાઓ અને યુવતીઓની છેડતી કરતા હોવાની ફરિયાદ પણ આવતી હોય છે, પણ આ અંગે કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી. ત્યાં જે બિલ્ડિંગો છે તેની અંદર ફેરિયાઓ પોતાનો સામાન રાખતા હોય છે. અમે પોલીસ અને પાલિકા સમક્ષ અનેક ફરિયાદ કરી છે, પણ તેનો કોઇ અર્થ નથી. તેઓ એકાદ-બે દિવસ ફેરિયાઓને હટાવે છે, પણ બાદમાં જેવું હતું તેવું જ.

**- દીપક છેડા**
**(ઘાટકોપર વેપારી એસોસિયેશનના સેક્રેટરી)**

અમને જ્યારે પણ ફેરિયાઓ વિરુદ્ધ ફરિયાદ મળે છે ત્યારે અમે કાર્યવાહી કરીએ છીએ. પ્રશાસનનું કામ છે કાર્યવાહી કરવાનું. ફેરિયાઓને હટાવવાની કાર્યવાહીનાં પરિણામ થોડો સમય જોવા મળે છે અને ફેરિયાઓ ફરી આવીને બેસી જાય છે, એવું લોકોનું કહેવું છે. જોકે ફરિયાદ મળે ત્યારે કાર્યવાહી કરાય જ છે.

**- ગજાનન બેલાલે**
**(એન વૉર્ડના ઓફિસર)■**

### ફેરિયાઓની ગુંડાગીરી સામે વેપારીઓમાં એકતા નથી, માત્ર તમાશો જુએ છે

ઘાટકોપરમાં ગુજરાતી વેપારીની મુસ્લિમ ફેરિયાઓએ કરેલી મારપીટની ઘટના ક્યારેક નાગપુરમાં થયેલા તોફાનોનું રૂપ ન ધારણ કરી લે તો જ નવાઇ, એવું મોટા ભાગના ઘાટકોપરવાસીઓનું કહેવું છે. ફેરિયાઓમાં મોટા ભાગના મુસ્લિમ હોવાથી તેઓ ભેગા મળીને દાદાગીરી કરતા હોય છે, જ્યારે વેપારીઓમાં મોટા ભાગના ગુજરાતી હોવા છતાં તેમનામાં એકતા નથી. ગુજરાતી વેપારી હર્ષ ધ્રુવની ફેરિયાઓ મારપીટ કરી રહ્યા હતા ત્યારે વેપારીઓ તમાશો જોતા રહ્યા. કોઇએ તેને બચાવવાની પહેલ કરી નહોતી. જોકે બીજી તરફ ફેરિયાઓમાં જબરી એકતા જોવા મળે છે અને તેઓ તરત જ મારપીટ કરવા ભેગા થઇ જાય છે. આને કારણે બિનજરૂરી ન્યુસન્સ આખા વિસ્તારમાં વધી રહ્યો છે. આ ઉપરાંત સ્થાનિકોએ એવી પણ ફરિયાદ કરી હતી કે મિલન શોપિંગ સેન્ટર નજીક દર શુક્રવારે મુસ્લિમ સમુદાયના અન્ય સભ્યો સાથે આ ફેરિયાઓ પણ રસ્તો રોકીને નમાજ પઢતા હોય છે, પણ એની સામે કોઇ કશું કાંઇ બોલતું નથી. ■




# ફનલ ઝોનનાં મકાનોનાં રિડેવલપમેન્ટને વેગ આપવા ડેવલપમેન્ટ પ્લાન સુધારાશે: શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે મુંબઈના ડેવલપમેન્ટ પ્લાનમાં સુધારો કરીને એરપોર્ટના ફનલ ઝોનમાં ઊંચાઈના નિયંત્રણને કારણે અટકી પડેલા રીડેવલપમેન્ટને ગતિ આપવાનો નિર્ણય લીધો છે, એમ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ વિધાન પરિષદમાં બુધવારે જણાવ્યું હતું. શિંદેએ કહ્યું હતું કે સાંતાક્રુઝ, વિલે પારલે અને કુર્લા વિસ્તારમાં કેટલાક સ્થાન ફનલ ઝોનમાં આવે છે અને તેથી ઊંચાઈ પરનાં નિયંત્રણોને કારણે રીડેવલપમેન્ટના પ્લાન છેલ્લા કેટલાક વર્ષોથી અટકી પડ્યા છે. સરકારે બૃહન્મુંબઈ ડેવલપમેન્ટ કન્ટ્રોલ એન્ડ પ્રમોશન રેગ્યુલેશન (ડીસીપીઆર)-૨૦૩૪માં વિશેષ જોગવાઈ કરીને નિયંત્રણો હળવા કર્યા છે. ફનેલ ઝોનમાં ઊંચાઈની મર્યાદાને કારણે જૂની ઈમારતોના રિડેવલપમેન્ટ તેમને મળતી પૂર્ણ ક્ષમતા (એફએસઆઈ, પ્રિમિયમ એફએસઆઈ અને ટીડીઆર સાથે) સુધી થઈ શકતા નહોતા. એરપોર્ટ ફનલ ઝોન સહિતના ઊંચાઈની મર્યાદાના ક્ષેત્રમાં રીડેવલપમેન્ટ સંબંધી વિશેષ જોગવાઈ કરવામાં આવી છે, એમ તેમણે કહ્યું હતું.

### આઈકોનિક બિલ્ડિંગ માટે નવી નીતિ

મહારાષ્ટ્ર સરકારે મુંબઈમાં આઈકોનિક બિલ્ડિંગો બાંધવાને પ્રોત્સાહન આપવા માટે નવી નીતિ ઘડી છે, જેનાથી શહેરના સૌંદર્યમાં વધારો થશે અને પ્રવાસનને પ્રોત્સાહન મળશે, એમ એકનાથ શિંદેએ જણાવ્યું હતું.

બ્રિટિશ કાળની કેટલીક આઈકોનિક ઈમારતોએ મુંબઈને અલગ ઓળખ આપી છે. આ વારસાને જાળવી રાખવા માટે અને આર્કિટેક્ચરની દૃષ્ટિએ અલગ પડતી ઈમારતોને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર દ્વારા વિશેષ નીતિ તૈયાર કરવામાં આવી છે. તેમણે એવી પણ માહિતી આપી હતી કે મુંબઈના વર્તમાન ડીસીપીઆરમાં આવી રીતે અલગ પડતી આઈકોનિક ઈમારતોના બાંધકામમાં અનેક અવરોધો આવી રહ્યા હતા.

### નવી મુંબઈમાં પ્લોટ હોલ્ડરને ૧૨.૫ ટકાની યોજનામાં રાહત

નવી મુંબઈમાં રીડેવલપમેન્ટને ગતિ આપવાના હેતુથી કરવામાં આવેલા સુધારામાં મહારાષ્ટ્ર સરકારે બુધવારે કહ્યું હતું કે ૧૨.૫ ટકાની યોજના હેઠળ કરવામાં આવતા રીડેવલપમેન્ટમાં સ્ટિલ્ટ પાર્કિંગને પરવાનગી અપાયેલી ઊંચાઈની મર્યાદામાંથી બાકાત રાખવામાં આવશે.

સિડકોની ૧૨.૫ ટકાની યોજના ૧૯૯૪માં લાગુ કરવામાં આવી હતી, આમાં વિકસિત જમીનના ૧૨.૫ ટકા ઘર પીએપી (પ્રોજેક્ટ અફેક્ટેડ પર્સન્સ) ને તેમની હસ્તગત કરવામાં આવેલી જમીનના બદલામાં આપવામાં આવ્યા હતા. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે ૧૨.૫ ટકાની ઈમારતોનું રીડેવલપમેન્ટ અટકી પડ્યું છે, કેમ કે અત્યારના નિયમોમાં બાંધકામની ઊંચાઈમાંથી સ્ટિલ્ટ પાર્કિંગને બાકાત રાખવાની જોગવાઈ નથી. આ જોગવાઈને યુનિફાઈડ ડેવલપમેન્ટ કન્ટ્રોલ એન્ડ પ્રમોશન રેગ્યુલેશન્સ (યુડીસીપીઆર)માં સમાવિષ્ટ કરવામાં આવશે, એમ એકનાથ શિંદેએ કહ્યું હતું.

# આઇઆઇએમ મુંબઈનું ૨૦૨૫ બેચ માટે ૧૦૦ ટકા પ્લેસમેન્ટ

**પગારનું પેકેજ વાર્ષિક ૪૭.૫ લાખ રૂપિયા સુધીનું રહ્યું**

મુંબઈ: ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (આઇઆઇએમ) મુંબઈએ બુધવારે જણાવ્યું હતું કે ૨૦૨૫ બેચના ૧૦૦ ટકા વિદ્યાર્થીઓએ નોકરી મેળવવામાં સફળતા મેળવી છે જ્યારે સૌથી વધુ વાર્ષિક વેતન પેકેજ ૪૭.૫ લાખ રહ્યું હતું.


ગયા વર્ષની સરખામણીમાં આ વખતે નોકરીની ઓફરમાં ૧૦ ટકાનો વધારો થયો છે, જ્યારે સરેરાશ પગારના પેકેજમાં પાંચ ટકા વધ્યો છે, એમ આઇઆઇએમ મુંબઈના ડિરેક્ટર પ્રો. મનોજ તિવારીએ જણાવ્યું હતું.

નોકરીની ભરતીની પ્રક્રિયામાં ૧૯૮ કંપનીએ ભાગ લીધો હતો જેમાં બેચના ટોચના ૧૦ ટકા વિદ્યાર્થીએ વાર્ષિક ૪૭.૫ લાખ રૂપિયાનો પગારનું પેકેજ મેળવ્યું હતું. ટોચના વીસ ટકા અને ટોચના પચાસ ટકા વિદ્યાર્થીઓએ અનુક્રમે સરેરાશ ૪૧.૨ લાખ અને ૩૪.૧ લાખ રૂપિયાનું પેકેજ મેળવ્યું હતું, એમ તેમણે જણાવ્યું હતું.

આ વર્ષે અનેક ક્ષેત્રમાં ભરતીમાં વધારો જોવા મળ્યો હતો ત્યારે ફાર્માસ્યુટિકલ અને હેલ્થકેર ક્ષેત્રમાં ઓફરો ૧૩૦ ટકા જેટલી વધી હતી. રિટેલ અને ઇ-કોમર્સ સેક્ટરમાં ૪૭.૭૩ ટકા અને કન્સલ્ટિંગ ક્ષેત્રમાં ૨૮.૯૨ ટકાનો વધારો જોવા મળ્યો હતો.

આ ભરતી પ્રક્રિયામાં ઘણી જાણીતી કંપનીઓએ ભાગ લીધો હતો.

**પ્રાર્થના સભા**



જન્મ : ૨૩.૧૦.૧૯૪૫ — સ્વર્ગવાસ : ૨૫.૦૩.૨૦૨૫

**શ્રી. ઈશ્વરદાસ દેવીદાસ સંઘવી**


સ્વ. ગુલાબબેન તથા સ્વ. દેવીદાસ ગિરધરદાસ સંઘવી
તેમજ
સ્વ. મંગળાબેન તથા સ્વ. ચૂનીલાલ પ્રભુદાસ ગોરડિયા ના સુપુત્ર

**પ્રાર્થના સભા**

ગુરૂવાર તા. ૨૭.૦૩.૨૦૨૫ સમય : સાંજે ૫ થી ૭ વાગે
સ્થળ : સોફિયા ભાભા ઓડીટોરિયમ, સોફિયા કોલેજ કેમ્પસ, ભુલાભાઈ દેસાઈ રોડ, બ્રીચકેંડી, મુંબઈ - ૪૦૦૦૨૬

-: શોકાતૂર :-
ધર્મ પત્ની : સ્વ. જ્યોત્સનાબેન ઈશ્વરદાસ સંઘવી
પૂત્ર : ભાવેશ તથા કલ્પેશ
પૂત્ર વધુ : તૃપ્તિ ભાવેશ સંઘવી
પૂત્રી તથા જમાઈ : સોનાલી તથા સંદીપ મહેતા
પૌત્ર-પૌત્રી : યશ, મેઘા, ધનવીન તથા રાજ
સસરા : દુર્લભદાસ (કાકુભાઈ) ત્રિકમદાસ ગોરડીયા, દેલવાડાવાળા
વેવાઈ : સતીષભાઈ વ્રજલાલ ભુવા, નવિનચંદ્ર મોહનલાલ મહેતા
સમસ્ત દેવીદાસ ગિરધરદાસ સંઘવી પરિવાર તથા ચૂનીલાલ પ્રભુદાસ ગોરડીયા પરિવારના જય શ્રીકૃષ્ણ
વેલેટ પાર્કિંગ રાખેલ છે.

**ભાવભરી શ્રદ્ધાંજલી**
**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**



જન્મ: ૦૧/૧૨/૧૯૩૫ — અરિહંત શરણ ૨૫/૦૩/૨૦૨૫

**શ્રી. જયંતીલાલ પ્રેમચંદ મહેતા** (ઉંમર વર્ષ ૯૦)

મોરબી નિવાસી (હાલ ઘાટકોપર) મુંબઈ, મંગળવાર તા. ૨૫-૦૩-૨૦૨૫ ના રોજ અરિહંત શરણ પામ્યા છે.

-:- આત્મજનો -:-
ધર્મપત્ની : સ્વ. વિમળાબેન
પુત્ર - પુત્રવધુ : પ્રણય - રીટા, જતીન - સજીતા, નિખીલ - જીજ્ઞા
બહેન - બનેવી : સુશીલાબેન - કૃષ્ણકાંતભાઈ, વસંતબેન - જયસુખભાઈ, લતાબેન - ચંદ્રકાંતભાઈ, શોભાબેન - રમેશભાઈ, ગીતાબેન - અનીલભાઈ
સાળા : રાજેનભાઈ નગીનદાસભાઈ બોઘાણી (રાજકોટ નિવાસી)
પૌત્ર - પૌત્રવધુ : મીત - વીકીતા, અમીર-ભક્તિ, દર્શીલ - જીનીશા
પૌત્રી - જમાઈ : ઈશીતા - સોહીલ, યશ્વી - રાહીલ, કવિના
પ્રપૌત્ર - પ્રપૌત્રી : સનાયા, કવીર, પ્રીશ

ભાવયાત્રા:- ગુરૂવાર, તા. ૨૭/૦૩/૨૦૨૫, સમય:- બપોરે ૩.૩૦ થી ૫.૩૦ કલાકે, સ્થળ:- લાયન્સ કોમ્યુનીટી હોલ, ગરોડીયા નગર, ઘાટકોપર ઈસ્ટ, મુંબઈ - ૭૭. વેલેટ પાર્કિંગ ની વ્યવસ્થા રાખેલ છે.

**પ્રાર્થના સભા**



**સ્વ. શ્રી પ્રફુલભાઈ જોશી**
(ઉ.વ. ૭૩)
અમે અંતરથી શોક સહીત તમને જણાવીએ છીએ કે સ્વ. મુકુંદરાઈ જોશી અને સ્વ. લીલાવંતી મુકુંદરાઈ જોશી, ના દિકરા અમારા પ્રિય શ્રી પ્રફુલભાઈ જોશી તા. ૨૫-૦૩-૨૦૨૫ ના રોજ ભગવાનના ચરણોમાં વિલીન થયા છે.

**પ્રાર્થના સભા**
ગુરૂવાર, તા. ૨૭-૦૩-૨૦૨૫, સમય : સાંજે ૫ થી ૭
સ્થળ : હૉલ ઑફ કલચર, નેહરૂ સેંટર, વરલી, મુંબઈ-૧૮, પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

પત્ની : હર્ષાબેન,
સંતાનો : ચી. અર્પિતા અને ચી. ચિંતન,
પુત્રવધુ : અ.સૌ. અંશીતા,
પૌત્ર : ચી. આરવ,
બહેનો : અ.સૌ. નયનાબેન કનૈયા અને અ.સૌ. ભાવનાબેન મનોજભાઈ જોશી
સસુરપક્ષ : સ્વ. વસંતબેન અને સ્વ. ચંદુલાલ જોશી
અને તમામ સ્નેહીજનો તેમની વિદાય પર શોકાતુર છે.

|| જય સ્વમિનારાયણ ||
**પ્રાર્થના - સભા**



(૧૧/૧૧/૧૯૪૩ - ૨૪/૦૩/૨૦૨૫)

પ્રખ્યાત આર્કિટેક્ટ શ્રી બિપિનભાઈ શંકરલાલ બારોટ (નાર) મુંબઈની સ્નેહ સ્મૃતિમાં પ્રાર્થના સભા દિનાંક ૨૭ માર્ચ ૨૦૨૫, ગુરૂવાર સાંજે ૫:૦૦ થી ૭:૦૦ કલાકે આયોજીત છે.

સ્થળ: જલારામ હોલ, એન. એસ રોડ નં. ૬, જે.વી.પી.ડી સ્કીમ, વિલે પાર્લે (વેસ્ટ) મુંબઈ

**શોકાતુર**
યોગીની બિપિનભાઈ બારોટ — સંજીવ અને સોના બારોટ
શાંતાબેન અને બિપિનચંદ્ર બ્રહ્મભટ્ટ — કલ્પના અને અમીત દોશી
મનહર અને નિર્મલા બારોટ — રીટા નાયક
જીતુ અને પારૂલ બ્રહ્મભટ્ટ — હિના અને નિલેશ રાવલ
પુરોહિત પરિવાર (વડોદરા) — વિરંચી અને ભૂમિકા બ્રહ્મભટ્ટ
ખ્યાતી બ્રહ્મભટ્ટ
સુહેલ, સંજના, પાયલ, ચિરાગ, મહેક, મેહાન, જાહાન્વી, સામીયા, વેદાંગ

**કપોળ મરણ**



જન્મ: ૮-૧૧-૪૩ — શ્રીજીચરણ: ૨૫-૩-૨૫

**સૌ. સરોજબેન કૃષ્ણકાંત (ભીખુભાઇ) ચીતલીયા**

ડુંગરનિવાસી
સ્વ. લીલાવતીબેન વનરાવનદાસ ચીતલીયાના સુપુત્ર કૃષ્ણકાંત (ભીખુભાઇ)ના ધર્મપત્ની

શોકાતુર
પતિ : કૃષ્ણકાંત (ભીખુભાઇ) વનરાવનદાસ ચીતલીયા
દિયર-દેરાણી : સુરેશભાઇ-સ્વ.મિનાક્ષીબેન ચીતલીયા, અરુણભાઇ-શોભનાબેન ચીતલીયા
નણંદ-નણંદોઈ : રેખાબેન-સ્વ. જગદીશભાઈ પારેખ
પુત્રી-જમાઈ : જાનકી-રાકેશ-નિહારિકા ભુવા, નેહા-તન્મય-વિહાન દેસાઈ
ભત્રીજા-ભત્રીજાવહુ : દીપેન-બેલા, નીરજ-રાધિકા, આનંદ-કીંજલ
પિયર પક્ષ
માતા-પિતા : સ્વ. કાંતાબેન-સ્વ. નાગરદાસ વળિયા (વાઘનગરવાળા)
ભાઈ-ભાભી : સ્વ. રજનીભાઇ-ગીતાબેન, અશોક-કલ્પના, અજિત-મીના વળિયા
બહેન-બનેવી : અરુણાબેન-સ્વ. નરેન્દ્રભાઈ ગોરડિયા, સ્વ. નયનાબેન-શાંતિભાઈ વોરા

પ્રાર્થના સભા
શનિવાર, તા. ૨૯.૩.૨૫ । સમય સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦
સ્થળ:ભારતીય વિદ્યા ભવન, ચોપાટી, મુંબઈ.
Valet Parking Available

LIKE & FOLLOW: /Mumbaisamachar4u


## ક્લાસિફાઈડ

### ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**
**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજ બ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૫૭૦૮/એ)

### ૧૨. યાત્રા સહેલગાહ

■ રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન પિકઅપડ્રોપ. સમગ્ર ભારતમાં કાર. ડિઝાયર ઈનોવા ક્રિસ્ટા ટેમ્પોટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ પેકેજ અને યાત્રા વીમો. અરહામ હોલિડે 9769977466/9892534488. (બી-૧૫૭૦૫)

### ૧૪. નોકરી ખાલી છે

PART TIME JOBS-RETIRED, Housewives, Pensioners, Salary + PF + Incentives: 7208368796. (B-15700)

### ૧૭. જગ્યા આપવી છે

**પેડર રોડ**
જસલોક પાસે - 'નિલકમલ' લીવલાયસન્સ 1 BHK ફુલ્લી ફર્નિશ્ડ, મહિને ૭૫,૦૦૦/=, તુરંત કબજો. 98202 96693 'કટારીયા' એજન્ટ. (૧૫૭૫૦-એ)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**ગોરેગાંવ ઈસ્ટ**
ગ્રાઉન્ડ ફ્લોર ૫૬ સ્કે. ફીટ ઓફિસ/ ગોડાઉન/ ફેક્ટરી લાયક જગ્યા ગોરેગાંવ ઈસ્ટમાં ઓનરશીપ/ ભાડેથી આપવાની છે. ૯૮૯૨૩ ૮૯૯૪૧. (કેપી-૨૫૨૮-બી)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**મહાલક્ષ્મી જ્યોતિષ**
**તાત્કાલિક સમાધાન, પ્રેમ સમસ્યા, લગ્નજીવનમાં સમસ્યા, પતિ-પત્ની મતભેદ, સાસુ-વહુનો ઝઘડો, સંતાન પ્રાપ્તિ, વિદ્યામાં/વિદેશમાં રૂકાવટ, ધંધામાં નુકસાન. ફીસ કામ પછી. 9321554879. (૧૫૭૪૫/એ)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૬૫૮-ઈ)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૬૭૦/બી)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# દેશનું બંધારણ ક્યારેય કોઈ બદલી નહીં શકે: ફડણવીસ

મુંબઈ: ભારતીય બંધારણના અમૃત જયંતિ વર્ષ નિમિત્તે, મહારાષ્ટ્ર વિધાનસભાના બજેટ સત્રમાં મંગળવાર અને બુધવાર બે દિવસ માટે બંધારણ પર ચર્ચા યોજાઈ હતી. આ ચર્ચામાં શાસક પક્ષ તેમજ વિપક્ષી પક્ષોના મોટી સંખ્યામાં ધારાસભ્યોએ ભાગ લીધો હતો. મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બંધારણની રચનાનો ઇતિહાસ અને તેમાં ડો. બાબાસાહેબ આંબેડકરના યોગદાન પર પણ પ્રકાશ પાડ્યો. ''જ્યાં સુધી ચંદ્ર અને સૂર્ય અસ્તિત્વમાં છે ત્યાં સુધી કોઈ પણ ભારતના બંધારણને બદલી શકશે નહીં. તેથી, બંધારણને કોઈ ખતરો નથી,'' એમ ફડણવીસે કહ્યું હતું. તેમણે કટોકટી દરમિયાન તેમના પિતાને બે વર્ષની જેલ થઇ હોવાની ઘટનાને પણ યાદ કરી હતી. ''કટોકટી દરમિયાન, મારા પિતા અને સંબંધીને બે વર્ષ જેલમાં રહેવું પડ્યું હતું. વિરોધ પક્ષોના એક લાખથી વધુ લોકોને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા'' તેમણે કહ્યું. દેશની સંસ્થાઓ પર થતી ટીકા અંગે બોલતા ફડણવીસે કહ્યું કે, ''તમે દેશની બધી સંસ્થાઓને કલંકિત કરવા માંગો છો.

## સંસ્થા સમાચાર

### આયંબિલ ઓળી પ્રસંગે રવિવારે ધીરગુરુદેવનો વિરાણી પૌષધશાળામાં પ્રવેશ



શ્રી સ્થાનકવાસી જૈન મોટા સંઘ, વિરાણી પૌષધશાળા, પેલેસ રોડ, રાજકોટ ખાતે નવપદ આયંબિલ ઓળી પ્રસંગે તા. ૩૦ ને રવિવારે ડૉ. કેશુભાઈ મહેતા (કરણપરા)ના નિવાસેથી નવકારશી બાદ સવારે ૯.૩૦ કલાકે પૂ. શ્રી ધીરગુરુદેવ તથા પ્રવર્તિની પૂ. વનીતાબાઈ મ.સ. આદિ ઠાણા પ્રથમવાર પધારતાં હોઈ અનેરો ઉત્સાહવાયો છે.

ત્રીજી એપ્રિલથી રોજ સવારે ૯.૦૦ કલાકે ભક્તામર અનુષ્ઠાન જાપ અને ૯.૩૦ થી ૧૦.૩૦ કલાકે પ્રવચન શ્રેણીનું લાઈવ પ્રસારણ યોજાશે.

જલગાંવમાં પૂ. શ્રી ધીરગુરુદેવ પ્રેરિત માલિનીબેન કિશોરભાઈ સંઘવી જૈન ઉપાશ્રય ખાતે પૂ. વિમળાજી મ.સ., પૂ. પદ્માજી મ.સ., પૂ. જિજ્ઞાજી મ.સ. તા. ૩૦ના આયંબિલ ઓળી પ્રસંગે પધારશે. નૂતન ઉપાશ્રયનું ઉદ્ઘાટન આગામી ડિસેમ્બર મહિનામાં યોજાશે.

છેલ્લા પાનાનું ચાલુ

## દિશા સાલિયન કેસ

અપાવ્યું હતું કે ઈટાલિયન એમ્બેસીના અધિકારીઓ ગેસ્ટ ગેલેરીમાં બેઠા છે. થોડી ધમાલ બાદ ગૃહની કાર્યવાહી ૧૦ મિનિટ માટે મોકૂફ રાખવામાં આવી હતી. ગૃહની બેઠક ફરી શરૂ થયા બાદ ગાયકવાડે આદિત્ય ઠાકરેની ધરપકડ કરવાની માગણી કરી હતી. પ્રધાન શંભુરાજે દેસાઈએ રાજ્ય સરકાર વતી જવાબ આપતાં કહ્યું હતું કે દિશા સાલિયનના પિતાએ પોલીસને મળીને કેટલાક ગંભીર આરોપ કર્યા છે. નૈતિક આધાર પર રાજીનામું આપવું કે નહીં તે તેમનો અને તેમની પાર્ટીનો મુદ્દો છે. મારે ફક્ત એટલું જ કહેવું છે કે કોઈપણ દોષી વ્યક્તિને છોડવામાં આવશે નહીં. સાલિયનના આક્ષેપો અંગે પોલીસ કમિશનર પાસેથી માહિતી મગાવવામાં આવશે અને તેને સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ને સોંપી દેવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

### દિશા સાલિયન કેસમાં આદિત્ય ઠાકરેને મુદ્દે સરકારનું વલણ સ્પષ્ટ કરો: ભાવના ગવળી

સત્તાધારી શિવસેનાના વિધાન પરિષદના સભ્ય ભાવના ગવળીએ બુધવારે એવી માગણી કરી હતી કે મહારાષ્ટ્ર સરકારે શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરે સામે સેલિબ્રિટી મેનેજર દિશા સાલિયનના મૃત્યુ કેસમાં કરવામાં આવેલા આક્ષેપો અંગે પોતાનું વલણ સ્પષ્ટ કરવું જોઈએ.

તેમણે એવો સવાલ કર્યો હતો કે કેમ આદિત્ય ઠાકરે આ કેસમાં નાર્કો-એનાલિસીસ ટેસ્ટનો સામનો કરવાનો ઈનકાર કરી રહ્યો છે.

વિધાન પરિષદમાં દિશા સાલિયન કેસનો મુદ્દો ઉપસ્થિત કરતાં કહ્યું હતું કે સરકારે આદિત્ય ઠાકરે સામે કરવામાં આવેલા મુદ્દે પોતાનું વલણ સ્પષ્ટ કરવું જોઈએ. તેમના સવાલનો જવાબ આપતાં રાજ્યકક્ષાના ગૃહ પ્રધાન યોગેશ કદમે એવી ખાતરી આપી હતી કે આ કેસમાં જે દોષી સિદ્ધ જણાશે તેની સામે આકરી કાર્યવાહી કરવામાં આવશે.

## ઈ-વેહિકલ્સ

વાહનો પરના છ ટકાના વેરાને રદ કરે છે. બજેટમાં રાજ્ય સરકારે ૩૦ લાખથી વધુ કિંમતના ઈવી પર છ ટકા વેરો લગાવવાનો નિર્ણય લીધો હતો.

આ પહેલાં તેમણે વિધાન પરિષદમાં કહ્યું હતું કે રાજ્ય ઈવીની રાષ્ટ્રીય રાજધાની તરીકે ઉપસી રહ્યું છે. મોટા ઈવી પ્લાન્ટ રાજ્યના પુણે અને સંભાજીનગરમાં આવી રહ્યા છે. પરંપરાગત વાહનો પરથી ઈવી પર વળવાથી વાયુ પ્રદૂષણમાં ઘટાડો થશે. પેટ્રોલ-ડીઝલના વાહનોનું વાયુ પ્રદૂષણમાં યોગદાન સૌથી વધુ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે ખાનગી અને સરકારી વાહન ક્ષેત્રો ઈવીને અપનાવી રહ્યા છે. રાજ્યના જાહેર પરિવહન ક્ષેત્રમાં ૨,૫૦૦ બસ સામેલ કરવામાં આવી રહી છે.

ઈવીની નોંધણી રાજ્યમાં સતત વધી રહી છે. નવા રજિસ્ટર થનારા વાહનોમાં પચાસ ટકા વાહનો હવે ઈવી છે, એમ તેમણે કહ્યું હતું.

## જળાશયોમાં માત્ર

સ્ટોક વાપરમાં આવશે નહીં, કારણકે તે માટે પાલિકાને સરકારને પૈસા ચૂકવવા પડે છે. જોકે જળાશયોનું પાણી જૂન સુધી ચાલી રહેશે એવો અંદાજ છે અને જૂન મહિનામાં ચોમાસામાં સારો વરસાદ પડે તો રિઝર્વ સ્ટોક વાપરવાની આવશ્યકતા રહેશે નહીં. મુંબઈને પાણી પૂરું પાડનારા સાતેય જળાશયોમાં બુધવારે સવારના ૫,૪૫,૧૮૩ મિલ્યન લિટર (એમએલડી) જેટલો ૩૭.૬૭ ટકા જેટલો પાણીનો જથ્થો હતો. ૨૦૨૩ની સાલાં ઓછો વરસાદ પડવાને કારણે ગયા વર્ષે આ જ સમયે જળાશયોમાં માત્ર ૩૧.૯૩ ટકા એટલે કે ૪,૬૨,૧૬૦ એમએલડી પાણીનો જથ્થો હતો. તેથી ગયા વર્ષે ૧૦ ટકા પાણીકાપ લાદવામાં આવ્યો હતો. બાદમાં જોકે જુલાઈમાં સારો એવો વરસાદ પડયા બાદ પાણીકાપ હટાવી દેવામાં આવ્યો હતો.

નોંધનીય છે કે મુંબઈને આખું વર્ષ પાણીકાપ વગર પાણીપુરવઠો કરવા માટે પહેલી ઓક્ટોબરે સાતેય જળાશયોમાં ૧૪,૪૭,૩૬૩ એમએલડી જેટલો પાણીપુરવઠો હોવો જોઈએ. હાલ મુંબઈને પ્રતિદિન ૩,૮૫૦ મિલ્યન લિટર જેટલો પાણીપુરવઠો કરવામાં આવે છે.

## જૈન મરણ

**ઝાલાવાડી દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**
વઢવાણ નિવાસી હાલ ભાયંદર, રમાબેન શાહ (ઉં.વ. ૭૪) બુધવાર, ૨૬-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. વસંતલાલ હિંમતલાલ શાહના ધર્મપત્ની. ઉમેશ, ભાવેશ, રાકેશના માતુશ્રી. સોનલ, હેતલ, અવનીબેનના સાસુ. હિતિક્ષા ચિંતનકુમાર, નિધિ જય, નેમી, સોહમ, ક્રિયાંશ, ધ્યાંશના દાદી. સ્વ. હીરાભાઈ, ગં.સ્વ. મંજુબેન, શારદાબેન, વીણાબેનના ભાભી. વિજયાબેન માધવજીભાઈ રાઘવાનીની પુત્રી. પ્રાર્થનાસભા ૨૭-૩-૨૫ના ગુરુવાર ૪ થી ૬. શ્રી ભાયંદર કપોળવાડી, ગીતાનગર ફાટક રોડ, આકાર ટાવર પાસે, ભાયંદર વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**
મોરબી હાલ ઘાટકોપર જયંતીલાલ પ્રેમચંદ મહેતા (ઉં.વ.૯૦) મંગળવાર ૨૫-૦૩-૨૫ના અરિહંત શરણ પામેલ છે. તે સ્વ. વિમળાબેનના પતિ. તે પ્રણય-રીટા, જતીન-સજીતા, નિખીલ-જીજ્ઞાના પિતાશ્રી. તે સુશીલાબેન, વસંતબેન, લતાબેન, શોભાબેન, ગીતાબેનના ભાઈ. રાજકોટ નિવાસી રાજેનભાઈ નગીનદાસભાઈ બોઘાણીના બનેવી. તે મીત-વીકીતા, અમીર-ભક્તિ, દર્શીલ-જીનીશા, ઈશીતા-સોહિલ, યશ્વી-રાહીલ, કવિના, સનાયા, કવીર, પ્રીશના દાદાજી. ભાવયાત્રા: ગુરુવાર ૨૭-૩-૨૫ના ૩.૩૦ થી ૫.૩૦ ઠે. લાયનર કોમ્યુનીટી હોલ, ગરોડીયા નગર, ઘાટકોપર (ઈ.)

**ઝાલાવાડી દશા શ્રીમાળી જૈન**
ચુડા નિવાસી, હાલ કાંદિવલી સ્વ. વિપુલ શાહ (ઉં.વ. ૬૪) તે પોપટલાલ મણીલાલ શાહ તથા શારદાબેનના પુત્ર. અ.સૌ. સ્વ. છાયાના પતિ. પ્રતીકના પિતાશ્રી. ભરતભાઈ, ધર્મેન્દ્રભાઈના ભાઈ. અં.સૌ. પૂજાના સસરા. તે શાંતિલાલ મણીલાલ વોરાના જમાઈ. બુધવાર ૨૬-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર ૨૭-૩-૨૫ના ૫ થી ૭. ઠે. એ - ૫૦૨ મધુપૂરી એપાર્ટમેન્ટ, એમ.જી.રોડ, દહાણુકર વાડી, કાંદિવલી (વે.) (ચક્ષુદાન કરેલ છે.)

**જામનગર વિશા શ્રીમાળી જૈન**
જામનગર નિવાસી, હાલ ઘાટકોપર અ.સૌ. આશાબેન નગીનદાસ મહેતા (ઉં.વ.૭૦) તે નગીનદાસ મહેતાના ધર્મપત્ની. તે સ્વ. કલ્પેશ, વિરેનના માતુશ્રી. તે પ્રિતીના સાસુ. દિયાના દાદી. તે ગીતાબેન, સ્વ. રાજેશભાઈ, અજયભાઈ તથા જયેશભાઈના બેન. ૨૬-૩-૨૫ના અવસાન થયેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**
જેતપુર નિવાસી, હાલ મુંબઈ સ્વ. સુશીલાબેન બાલુભાઈ (કાંતીલાલ) દેસાઈના સુપુત્ર ભરતભાઈ તે ચારૂલતાના પતિ. રવિવાર ૨૩-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે શૈલેષભાઈ, અતુલભાઈ, ભાવનાબેન પંકજભાઈ શાહના ભાઈ. તે ચિંતનના પિતાશ્રી. તે સારાના સસરા. તે ચત્રભુજભાઈ હરગોવિંદભાઈ દોશીના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્ય. બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**
શેરડીના પુનમ જીગર હરીયાના સુપુત્ર દિવસ (૨) તા. ૨૨-૩-૨૫ના પ્રભુ સમીપે પ્રયાણ કરેલ છે. કલ્પના (કોકીલા) રમેશના પૌત્ર. રીયાંશીના ભાઇ. ભાવનગરના લતાબેન દિપકભાઇ ગોહીલના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : રમેશ હરીયા, એ-૧૧, સાંઇ સત્યમ બિલ્ડીંગ, સાઇ નગર, કેબીન રોડ, ભાયંદર (ઇસ્ટ).

ભુજપુરના નાનજી કરમશી દેઢીયા (ઉં.વ. ૭૫) તા. ૨૫-૩-૨૫ના અવસાન પામેલ છે. ગંગાબાઇ કરમશી ભારમલના પુત્ર. સ્વ. મંજુલાબેનના પતિ. શીરીન, ભાવીનીના પપ્પા. રાયશી, મઠાંબાઇ દામજી, ઇંદીરા હીરાલાલના ભાઇ. તુંબડીના મઠાંબેન વેલજી સતીયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ: શીરીન દેઢીયા, ૮/૦૦૧, સાઇબાબા કોમ્પલેક્ષ, અગાશી રોડ, વિરાર (વેસ્ટ).

વડાલા (યવતમાળ)ના નાગજી સાવલા (ઉં.વ. ૮૧) ૨૫-૩ના અરિહંતશરણ પામ્યા છે. મુળીબેન કરમશી સાવલાના પુત્ર. સ્વ. પ્રભાબેનના પતિ. સ્વ. સુરેખા, પ્રીતીના પિતા. ખીમજી, ચંદ્રકાંત, શામજી, ગીરીશ, તારાબેન, ઉર્મીલાબેનના મોટા ભાઇ. કંકુબેન મેઘજી ભીમશી કેનીયાના જમાઇ. ગુણાનુવાદ સભા રાખેલ નથી. ઠે. બીપીન દેઢીયા, ગુરૂકૃપા દિવ્યમ, બિલ્ડીંગ નં. ૫૦/૧૪૦૬, પંતનગર, ઘાટકોપર (ઇ).

મોટી ખાખરના મંજુલાબેન (મીના) મનસુખલાલ વોરા (ઉં.વ. ૭૮) તા. ૨૪-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લક્ષ્મીબેન શીવજી માણેકના પુત્રવધૂ. મનસુખલાલના પત્ની. નિરેનના માતુશ્રી. કાંડાગરાના ઝવેરબેન નાગજી છેડાના પુત્રી. શાંતિલાલ, ડો. ભરતના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. નિરેન શાહ, બી-૪૦૩, તનિષ્ક હોલીહોક, વચ્છરાજ લેન, માટુંગા (ઈ).

વડાલાના નાનજી લાલજી નિસર (ઉં.વ. ૮૬) તા. ૨૫/૩ના અરિહંતશરણ પામ્યા છે. લાછબાઈ લાલજી આણંદના સુપુત્ર. વસુમતીબેનના પતિ. કૌશીક, ભાવના, જયનાના પિતાશ્રી. વડાલાના મેઘજી, વાલજી, મગનલાલ, ઉમરબાઈ મોરારજીના ભાઈ. પ્રાગપુર જવેરબેન હીરજી કોરશીના જમાઈ. પ્રા. માનવ સેવા સંઘ, સાયન/કિંગ્સ સર્કલ, ટા. ૪ થી ૫.૩૦. નિ. નાનજી લાલજી, ડી/૨/૮૬, કર્મક્ષેત્ર, હરબંસલાલ માર્ગ, સાયન, મું-૩૭.

વાંકીના ઉમેદ વેલજી સાવલા (ઉં.વ. ૭૬) તા. ૨૪-૩-૨૫ના અવસાન પામેલ છે. હીરબાઇ વેલજીના સુપુત્ર. ઉષા (ભારતી)ના પતિ. ચેરીનના પિતા. ચંચળ, મુલચંદ, કાંતિના ભાઇ. નવાવાસ મોંઘીબાઇ રતનશી મોણશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ઉષા સાવલા, ૫૬, સરસ્વતી ગણેશ, ખેરવાડી, વાંદરા (ઇ.).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**
રાજકોટ નિવાસી, હાલ દહીંસર, સ્વ. જસવંતરાય કાંતિલાલ ગાંધી તથા સ્વ. ઉષાબેન ગાંધીના દીકરી બીનાબેન (ઉં.વ. ૬૩) તે સ્વ. જયશ્રીબેન મુકેશભાઈ મહેતા તથા જતીનભાઈ જશવંતરાય ગાંધીના બેન. અ.સૌ. લીના જતીન ગાંધીના નણંદ. કાંતિલાલ ઝવેરચંદ ગાંધીના પૌત્રી. નટવરલાલ કૃપારામ દોશીના ભાણેજ તા. ૨૫-૩-૨૫ના મંગળવારે અરિહંતશરણ પામેલ છે. લૌકીક વ્યવહાર બંધ છે. ૨બી - ૭૪, રૂસ્તમજી ટાવર, રૂસ્તમ ઈરાની માર્ગ, જયવંત સાવંત માર્ગ, રૂસ્તમજી બિઝનેસ સ્કૂલની પાછળ, દહીંસર વેસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**
રામપરડા મુળી નિવાસી, હાલ મલાડ, નટવરલાલ જસરાજભાઈ શાહ (ઉં.વ. ૮૪) ૨૪/૩/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે દિનલત્તાબેનના પતિ. પ્રવીણભાઈ, કિરીટભાઈના ભાઈ. નિલેશના પિતા. નિકિતાના સસરા. પિયરપક્ષે ગોદાવરી નિવાસી સ્વ. સવિતાબેન ધીરજલાલ શાહના જમાઈ. સ્વ. અનુપચંદભાઈ, પ્રવીણભાઈ, હસમુખભાઈ, સ્વ. કિશોરભાઈ, સ્વ. પ્રીતિબેન મુકેશકુમાર મણિયારના બનેવી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી સ્થા. જૈન**
ગોંડલ નિવાસી હાલ મીરા રોડ, સ્વ. શશીકલા શશિકાંત મુળચંદ કોઠારીના સુપુત્ર ચિ રાકેશ (ઉં.વ. ૬૦) તે સ્વ. મિતાના પતિ. રાજ, શિવાની સ્વપનીલ ચૌહાણના પિતા. સ્વ. જયેશ તથા ઉમેશના ભાઈ. સ્વ. અમૃતલાલ રતિલાલ જોષીના જમાઈ, તા. ૨૪-૩-૨૫ને સોમવારે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ૬૦૬/૬૦૭, બી-ગંગોત્રી, જહાંગીડ કોમ્પ્લેક્ષ, મીરા રોડ(પૂર્વ).

**કચ્છી ગુર્જર જૈન**
ગામ કચ્છ મુન્દ્રાના હાલે ઘાટકોપર મુંબઈ નિવાસી વાડીલાલ હેમચંદ મહેતા (ઉં.વ. ૯૩) મંગળવાર, તા.૨૫.૩.૨૫ના અરીહંતશરણ પામેલ છે. સ્વ. વિરૂબેન હેમચંદ પ્રેમચંદ મહેતાના સુપુત્ર. તે શાંતાબેનના પતિ. તે જગદીશ, ચેતના, રીટા તથા મિલનના પિતાશ્રી. તે ગીતા, જયેશભાઈ ધીરજલાલ શાહ, પ્રેરણાના સસરા. તે સ્વ. રસિકભાઈ, સ્વ. લીલાવંતીબેન, સ્વ.ચંદુભાઈ, સ્વ. રમણીકભાઈ, સ્વ. જયસુખભાઈના ભાઈ. ગામ કચ્છ માંડવીના કરસનજી કચરાલાલ શાહના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

# પંચરત્ન ડાયમંડ એસો.માં ધમાલ બાદ બોર્ડ કાળું કર્યું: ૧૦ સામે ગુનો

મુંબઈ: દક્ષિણ મુંબઈના ઓપેરા હાઉસ ખાતે મુંબઇ ડાયમંડ એસોસિયેશનમાં મરાઠીઓને સભ્યપદ આપવામાં અન્યાય થતો હોવાનો દાવો કરીને ઉદ્ધવ ઠાકરે જૂથના કાર્યકરો દ્વારા ધમાલ કરવા તથા એસોસિયેશનના બોર્ડને કાળો રંગ ચોપડવા બદલ ડી.બી. માર્ગ પોલીસે સંતોષ શિંદે સહિત ૧૦ લોકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. કાર્યકરોએ દાવો કર્યો હતો કે ઉપરોક્ત એસોસિયેશનમાં હજારો લોકો સભ્યો છે, પણ મરાઠીઓ ફક્ત ૫૦થી ૬૦ જ છે. ઉપરાંત સભ્યપદના ફોર્મ પણ ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં છે. મરાઠીમાં કેમ નથી? આ બાબતોને લઇ તેમણે વિરોધ કર્યો હતો.

# ક્લાસ-ટૂ જમીન ધરાવતા ખેડૂતો હવે તેની સામે લોન લઈ શકશે

મુંબઈ: મહારાષ્ટ્રના મહેસૂલ વિભાગે એક જૂનો પરિપત્ર ફરીથી જારી કર્યો છે જેમાં જણાવાયું છે કે વર્ગ-૨ ની જમીન ધરાવતા ખેડૂતો બેંકો પાસેથી લોન મેળવવા માટે તેને ગીરવે મૂકી શકે છે, એમ રાજ્યના એક પ્રધાને જણાવ્યું હતું.

એક નિવેદનમાં, મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ જણાવ્યું હતું કે, ''ક્લાસ-૨ જમીન ધરાવતા ખેડૂતોને આવી જમીનો ગીરવે રાખવા પરના નિયંત્રણોને કારણે લોન મેળવવામાં ઘણીવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. મહેસૂલ વિભાગે હવે એક નવું મેમોરેન્ડમ બહાર પાડ્યું છે, જે બેંકોને આ જમીનોને ગીરવે તરીકે સ્વીકારવાની મંજૂરી આપે છે.''

''આ નિર્ણય હવે રાજ્યભરમાં અમલમાં આવશે, જેનાથી ક્લાસ-૨ ની જમીન ધરાવતા તમામ ખેડૂતો લોન માટે તેને ગીરવે મૂકી શકશે,'' બાવનકુળેએ જણાવ્યું.

મંત્રીએ કહ્યું કે ૧૯૯૦માં પણ આવો જ પરિપત્ર જારી કરવામાં આવ્યો હતો, અને વિભાગે હવે જૂનો પરિપત્ર ફરીથી જારી કર્યો છે.

''જિલ્લા મધ્યસ્થ બેંકો અને રાષ્ટ્રીયકૃત બેંકો હવે ક્લાસ-૨ ની જમીનને કોલેટરલ તરીકે સ્વીકારી શકશે,'' એમ કહેતા તેમણે ઉમેર્યું કે, એકસમાન અમલ સુનિશ્ચિત કરવા માટે તમામ વિભાગીય કમિશનરો અને જિલ્લા કલેક્ટરોને રીમાઇન્ડર પરિપત્ર મોકલવામાં આવ્યો છે.

# ઉદ્ધવ ઠાકરેને રાયગડમાં ફટકો: સ્નેહલ જગતાપ અજિત પવારના પક્ષમાં

મુંબઈ: રાયગડ જિલ્લામાં ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરેની શિવસેનાને મોટો ફટકો આપનાર સ્નેહલ જગતાપ ગઈ કાલે અજિત પવારની હાજરીમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીમાં જોડાયાં.

સ્નેહલ જગતાપે કહ્યું કે 'મેં રાયગડ જિલ્લાના વિકાસ અને મતવિસ્તારના વિકાસ માટે આ નિર્ણય લીધો છે.' જોકે, શિવસેના યુબીટી જિલ્લા પ્રમુખ નંદુ શિર્કેએ કહ્યું કે સ્નેહલ જગતાપ દ્વારા લેવાયેલો નિર્ણય ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે.

## હિન્દુ મરણ

ભાવનગર નિવાસી હાલ મુંબઈ ભાનુમતી બાલકૃષ્ણ ભટ્ટ (ઉં.વ. ૯૩) તા. ૨૫-૩-૨૫ના અવસાન પામ્યા છે. તે સ્વ. નંદલાલ જેઠાલાલ દવે અને સવિતા નંદલાલ દવેના પુત્રી. જાગૃતિ, આનંદ, જયેશના માતુશ્રી. ડૉ. નરેન્દ્ર, ડૉ. લીના, ડૉ. કોમલના સાસુ. લૌ. વ્ય. બંધ છે.

મહુવાવાળા હાલ વિલેપારલે, સ્વ. જયાલક્ષ્મી બાલકૃષ્ણ પારેખના પુત્રવધૂ અ.સૌ. જ્યોત્સના રમેશ પારેખ (ઉં.વ. ૭૯) દેવાંગના માતૃશ્રી. કિન્નરીના સાસુમા. નીતિ-વરુણના દાદીમા. અવાણિયાવાલા સ્વ. સવિતાબેન ગીરધરલાલ ધાબલિયાના દિકરી. સ્વ. પૂર્ણિમાબેન નવીનચંદ્ર શાહ, સ્વ. ભૂપેન્દ્રભાઈ, ગંગાસ્વરૂપ કોકીલાબેન રજનીકાંત પારેખના બેન તા. ૨૫-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યહાર બંધ છે.

**દશા સોરઠિયા વણિક**
મહુવા નિવાસી હાલ વસઈ સ્વ. મંગળાબેન ધીરજલાલ મુંજયાસરાના પુત્ર સુરેશભાઈ (ઉં.વ. ૬૮) તે સ્વ. દિપીકાબેનના પતિ. વૈભવ, જીજ્ઞેશના પિતાશ્રી. નિકીતા, સ્નેહના સસરા. સતિષભાઈ માધાણી, હરેશભાઈ શાહના વેવાઈ. શારદભાઈ, હરેશભાઈ, સ્વ. રાજેશભાઈ, નિતીનભાઈ, પ્રેમભાઈ, મીનાબેન સૂર્યકાંત ગગલાણી, રીટાબેન જિતેન્દ્રકુમાર તારપરા, ગીતાબેન નયનકુમાર માધાણી, રૂપલબેન વિજેશકુમાર ઝવેરીના મોટા ભાઈ મંગળવાર, તા. ૨૫-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૩-૨૫, ગુરુવારના ૪ થી ૬ કે. ટી. વાડી, કે. ટી. વિલેજ, ૬૦ ફૂટ રોડ, હોલી પેરેડાઈસ સ્કૂલ પાસે, વસઈ વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**
સિહોરવાળા હાલ ભાયંદર સ્વ. પ્રવિણચંદ્ર બાલકૃષ્ણ દોશીના ધર્મપત્ની ગં. સ્વ. ભાનુમતી (ઉં.વ. ૮૩) તે સમીર, મીતાબહેન (મોહિની) શૈલેનભાઈ મહેતા, સ્વ. તૃપ્તીબેન જયંતભાઈ મહેતાના માતુશ્રી. લજ્જા દિવ્યેશ ઓઝા, દર્શન, જયમીનના નાની. સ્વ. નવનીતલાલ, સ્વ. નટવરલાલ, સ્વ. ચંદ્રકાન્ત, નલિનભાઈ, હર્ષદભાઈ, હંસાબહેન રમણભાઈ, જયોત્સનાબહેન કિશોરભાઈના ભાભી. મોસાળ પક્ષે ચિત્તલવાળા સ્વ. હરીલાલ ત્રિકમજી મોદીના દીકરી તા. ૨૪-૩-૨૫, સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**દશા નાગર વૈષ્ણવ વણિક**
ગં. સ્વ. ચંદ્રકાન્તાબેન જયંતીલાલ મહેતા (વિરપુર) હાલ તાડદેવ નિવાસી (ઉં.વ. ૯૪) તા. ૨૪-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ભૂપેન્દ્રભાઈ, સ્વ. વિનોદભાઈ, પ્રવિણાબેન, બિપીનભાઈ, નિતીનભાઈના માતુશ્રી. ભાવનાબેન, ગીતાબેન, રાજેષકુમાર, ગીતાબેન, અલ્પાબેનના સાસુ. નિતલ, હેઝલ, હાર્દિક, શશીન, રોનક, ધ્વીતી, કુનાલ, દિપલના દાદી. બેસણું સાંજે ૪ થી ૬ તા. ૨૭-૩-૨૫ના કૈલાશનગર, ફલેટ નં. ૬૪, બીજે માળે નિવાસસ્થાને રાખેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**
કચ્છ ગામ ભુજ, હાલે મુલુન્ડ નિવાસી સ્વ. મંજુલાબેન તુલસીદાસ સોનેતાના પુત્ર જિતેન્દ્ર (જીતુમામા) (ઉં.વ. ૬૩) મંગળવાર, તા. ૨૫-૩-૨૫ના કૈલાસવાસી થયા છે. તે રેખાબેનના પતિ. તે સ્નેહા તથા ધવલના પિતા. અમિત અને અલ્પાના સસરા. સ્વ. ચંદ્રા (બેબીબેન) રસિકભાઈ ગણાત્રા, સ્વ. દિલીપભાઈ, સ્વ. જંયતિલાલના ભાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૭-૩-૨૫ના ૫થી ૭ આર્ટ ઓફ લિવીંગ, પરમેશ્વરી સેન્ટ્રલ, ડી-૨, મદન મોહન માલવિયા રોડ, અચીઝા હોટલ પાસે, એમટીએનએલ કોલોની, મુલુન્ડ (વે.). લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**
રાજુલાવાળા હાલ બ્રીચકેંડી મુંબઈ સ્વ. દેવીદાસ ગિરધરદાસ સંઘવી તથા સ્વ. મંગળાબેન ચુનીલાલ ગોરડિયાના પુત્ર ઈશ્વરદાસ (ઉં.વ. ૭૯) તે સ્વ. જ્યોત્સનાબેનના પતિ. ભાવેશ-તૃપ્તિ, કલ્પેશ, સોનાલી સંદીપ મહેતાના પિતાશ્રી. યશ, મેઘા, ધનવીન તથા રાજના દાદા. હરીભાઈ, નગીનદાસ, સ્વ. ધરમદાસ, ભરતભાઈ, સ્વ. સરસ્વતીબેન, સ્વ. અનસૂયાબેન, ગં.સ્વ. શાંતાબેન તથા લતાબેનના ભાઈ તા. ૨૫-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૭-૩-૨૫ના સોફિયા ભાભા ઑડિટોરિયમ, સોફિયા કૉલેજ કેમ્પ્સ, ભુલાભાઈ દેસાઈ રોડ, બ્રીચકેંડી, મુંબઈ-૨૬, ૫થી ૭.

**કપોળ**
ડુંગર ગામના અ.સૌ. સરોજબેન ચિતલીયા (ઉં.વ. ૮૨) ૨૫ માર્ચના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે શ્રી કૃષ્ણકાંત ચિતલીયા (ભીખુભાઈ)ના ધર્મપત્ની. જાનકી રાકેશ ભુવા તથા નેહા તન્મય દેસાઈના માતુશ્રી, તે સુરેભાઈ, અરૂણભાઈ તથા રેખા જગદીશ પારેખના ભાભી. તે સ્વ. મિનાક્ષીબેન તથા શોભનાબેનના જેઠાણી. તે વાઘનગરવાળા સ્વ. કાંતાબેન તથા સ્વ. નાગરભાઈ વળિયાના પુત્રી. તે સ્વ. રજનીભાઈ, અશોકભાઈ તથા અજિતભાઈ વળિયા તથા અરૂણાબેન નરેન્દ્રભાઈ ગોરડિયા તથા સ્વ. નયના શાંતિભાઈ વોરાના બહેનની પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૯-૩-૨૫ ભારતીય વિદ્યા ભવન, ચોપાટી, મુંબઈ. સમય સવારે ૧૦.૩૦થી ૧૨.૩૦ વાગે રાખેલ છે.

**પરજીયા સોની**
મુળ ઠળીયાવાળા હાલ કાંદિવલી, સ્વ. સોની જીતેન્દ્રભાઈ વાલજીભાઈ થડેશ્વરના ધર્મપત્ની ગં.સ્વ. સોની ચંપાબેન થડેશ્વર (ઉં.વ. ૮૦) તા. ૨૫-૩-૨૫ના મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે સુરજભાઈ થડેશ્વરના માતુશ્રી. બીનાબેન ભુપેશકુમાર ધકાણ તથા પ્રીતિબેન અરવિંદકુમાર સાગરના માતુશ્રી. દ્રીશાના દાદી. ભુપેશકુમાર, અરવિંદકુમાર તથા ભાવિકાબેન સુરજભાઈના સાસુ. સ્વ. પ્રભુદાસ ધનજીભાઈ સુરૂ (દાઠાવાળા)ના દીકરી. પ્રાર્થનાસભા સ્થળ: તા. ૨૭-૩-૨૫ ગુરુવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦. સ્થળ: સોની વાડી, શિમ્પોલી ક્રોસ રોડ, બોરીવલી (વે.)

**દશા મોઢ માંડલીયા વણીક**
ગીરગઢડા નીવાસી, હાલ મીરા રોડ તે જયેશ છગનલાલ પટેલ (ઉં.વ.૬૪) તે ૨૩-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે દક્ષાબેનના પતિ. સાગરના પિતાશ્રી. તે સ્વ. ઉષાબેન, નીલમબેન, ભુપેન્દ્રભાઈ, શીલાબેનના નાનાભાઈ. તે મહુવા નિવાસી સ્વ. પ્રભુદાસ પારેખના જમાઈ. ભાવીકાના સસરા. તે રીટાબેનના દિયર. પ્રાર્થનાસભા ૨૭-૩-૨૫ના ગુરુવાર ૫ થી ૭. ઠે. સ્વામીનારાયણ મંદિર, પહેલે માળે, શાંતીનગર, સેકટર નં. ૧૦, મીરા રોડ (ઈ.) લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**
ગામ અંજાર-કચ્છ, હાલ થાણા તે ગં.સ્વ. મંજુલાબેન નરેન્દ્રભાઈ માધવજી મજેઠિયાના જયેષ્ઠ પુત્ર રાજેશભાઈ (ઉં.વ.૫૭) તે ગીતાબેનના પતિ. તે આકાશના પિતાશ્રી. તથા

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

ફોરમના સસરા. ગામ વરસામેડીવાળાના કરશનદાસ રાઘવજી માણેકના જમાઈ. તે અનીલાબેન હરીશભાઈ, ભાવના શૈલેષભાઈ તથા મનીષના ભાઈ. દિવ્યાના જેઠજી. ૨૫-૩-૨૫ના રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ૨૭-૩-૨૫ના ૫ થી ૭. ઠે. ગોપુરમ હોલ, આર.પી.રોડ, મુલુંડ (વે.)

**સોરઠીયા શ્રીગૌડ માળવિય બ્રાહ્મણ**
મૂળ થાણાગાલોળ હાલ કાંદિવલી, મનસુખભાઈ પુરોહિત (ભાઈલાલભાઈ) (ઉં.વ. ૮૩) તે સ્વ. ભાનુશંકર હરજીવન પુરોહિતના પુત્ર. ધારીવાળા સ્વ. પ્રભાકર કરસનજી ભટ્ટના જમાઈ. તરૂલતાબેનના સહધર્મચારી. સ્વ. કનુભાઈ, સ્વ. જગુભાઈ, સ્વ. મંજુલાબેનના નાનાભાઈ. ઇન્દુબેન શરદકુમાર, હંસાબેન જયસુખલાલના મોટાભાઈ. ભાવિક, આરતી, પાયલના પિતાશ્રી તા. ૨૪/૩/૨૫ના કૈલાસવાસી થયેલ છે. પ્રાર્થનાસભા ગુરુવારે ૨૭/૩/૨૫ના ૫ થી ૬. શ્રી ઠક્કાઈ ભાટિયા પંચાયત, કમલા નહેરુ ક્રોસ રોડ નં.૧, જેઠવા નગર, કાંદિવલી રેલવે સ્ટેશન પાસે, કાંદિવલી(વેસ્ટ).

**દેસાઈ સઈ સુથાર જ્ઞાતિ**
ગામ ભોરિંગડા, હાલ મીરા રોડ, સ્વ. પ્રવિણભાઈ મોહનભાઈ હિંગોળ (ઉં.વ. ૭૭) મંગળવાર તા. ૨૫-૩-૨૫ના રામશરણ પામ્યા છે. તે કાંતાબેનના પતિ. રાકેશભાઈ ચેતનભાઈ, સંગીતાબેન દિનેશકુમાર મકવાણાના પિતાશ્રી. રસિકભાઈ હિંગોળ, મંગલાબેન પ્રભુદાસ સરવૈયા, નિર્મળાબેન કિશોરકુમાર ગોહિલના ભાઈ. અરુણભાઈ, રીટાબેન, સ્વ. લોપાબેનના કાકા. સોનલબેન સેજલબેનના સસરા. સ્વ. જીવરાજભાઈ પરસોત્તમભાઈ રાઠોડના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨૭-૩-૨૫ના ગુરુવારે ૪ થી ૬. શ્રી દેસાઈ સઈ સુથાર જ્ઞાતિની વાડી, અશોક ચક્રવર્તી રોડ, ગણેશ મંદિરની સામે, કાંદિવલી ઈસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**પરજીયા સોની**
જસદણ નિવાસી, હાલ કાંદિવલી, સ્વ. મંજુલાબેન ગીરધરલાલ ચોકસીના પુત્રવધૂ. શૈલેષભાઇ ચોકસી (જગડા)ના ધર્મપત્ની અ.સૌ. લત્તાબેન (ઉં.વ. ૬૨) ૨૨/૩/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. લક્ષ્મીબેન મોહનલાલ હીરજી પટ્ટ મેરાઉના દીકરી. ખ્યાતિ તથા યજ્ઞેશના માતુશ્રી. સુશીલકુમાર હરીશભાઈ પંચાલના સાસુ. સાદડી ૨૭/૩/૨૫ના ૫ થી ૬. સોનીવાડી, શીમ્પોલી, બોરીવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**
પડઘાવાળા, હાલ થાણા, નરેન્દ્ર ઠક્કર (સુતરીયા) (ઉં.વ. ૮૪) તા. ૨૪-૩-૨૫ને સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ગુણવંતીબેન મંગળદાસ ઠક્કરના પુત્ર. સ્વ. સુધાબેન (સરુબેન)ના પતિ. મનોજ, સ્વ. સચિનના પિતાશ્રી. મંજુ તથા આરતીના સસરા. સ્વ. લલીતભાઈ, રમેશભાઈ, નલીનભાઈ, હરેશભાઈ તથા સરલા સુરેશભાઈ ચિપલુણકરના ભાઈ. સ્વ. ધનકુંવરબેન ચત્રભુજ સુંદરજી પંચમતીયાના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૨૭-૩-૨૫ના ૪.૩૦ થી ૬.૦૦. શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજનવાડી (રઘુવંશી હોલ), ખારકરઆળી એન.કે.ટી. કોલેજ સામે, થાણે વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**
ગામ ઢીણગી હાલ થાણા, મૂલજી રતનશી પંચમતિયા પરિવારના કશ્યપ (ઉં.વ. ૫૧) તા. ૨૫-૩-૨૫ને મંગળવાર શ્રીજીચરણ પામેલ છે. તે કિર્તિદા મુકુંદભાઈ પંચમતિયાના પુત્ર. માધવજી લક્ષ્મીદાસ પંચમતિયાના પૌત્ર. મમતાના પતિ. જશના પિતા. ચેતના, કૌશલ્યા કેતન નાનજી શાહ તથા ભાર્ગવના ભાઈ. ગં.સ્વ. માધવી પ્રમોદ શરાફના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૭-૩-૨૫ને ગુરુવારે ૪:૩૦ થી ૬:૦૦. જય મંગલભવન, શ્રી રિષભ-અજીત ભક્તામર જિનાલય, રામ મારૂતિ ક્રોસ લેન નંબર ૧, નૌપાડા થાણે (૫).

**કચ્છી**
સુરત ગામ કચ્છ મુદ્રાવાળા હાલે મુલુંડ, સ્વ. કાંતાબેન રાઘવજી સોમૈયાના પુત્ર. મહાલક્ષ્મીબેનના પતિ. રૂપા (ચૈતાલી) નિલેશ કાનાનીના પિતાશ્રી. પાર્થ અને હર્ષના નાના. વિજયભાઈ રાઘવજી સોમૈયા (ઉં.વ. ૮૦) તે સ્વ. મધુકાંતભાઈ દિલીપભાઈ હરીશભાઈ મયુરભાઈ હંસાબેન હેમાબેન સ્વ. મંજુબેનના ભાઈ. સ્વ. ગોદાવરીબેન છગનલાલ જોબનપુત્રાના જમાઈ. બુધવાર તા. ૨૬/૩/૨૫ના રામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૨૭/૩/૨૫ના ૫.૩૦ થી ૭. મુક્તેશ્વર મહાદેવ મંદિર, ડમ્પીંગ રોડ, મુલુંડ વેસ્ટ, લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણ**
બારડોલીના હાલ વિલેપાર્લે, વિરલ યોગેશ વ્યાસ (ઉં.વ. ૩૮) તા. ૨૫-૩-૨૫ના રામશરણ પામેલ છે. તે ભારતીના પતિ. નૈશાના પિતા તથા શેફાલી, ધૃતિ અને અવનીના ભાઈ. કિશોર વ્યાસ, વ્રજેશ વ્યાસ, હરેશ વ્યાસના ભત્રીજા. રાજેન્દ્ર અમૃતલાલ જોશીના ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ છે.

**સૌરાષ્ટ્ર ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ**
સેંદરડા નિવાસી હાલ બોરીવલી, ગં.સ્વ. મધુકાન્તા વસંતરાય પંડયા (ઉં.વ. ૮૬) તે સ્વ. હરિલાલ દેવરામ પંડયાનાં પુત્રવધૂ. સ્વ. દુર્લભજી જેઠાલાલ દેસાઈનાં દીકરી. તા. ૨૪-૩-૨૫ના સ્વર્ગવાસી થયાં છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**હરસોલા વૈષ્ણવ વણિક**
મૂળ વતન મોડાસા હાલ મુલુંડ, શિલ્પાબેન શાહના પતિ, પરેશ રસિકલાલ શાહ (ઉં.વ. ૫૭) હર્ષના પિતા. કૃષ્ણજીવન ભાઈ, પ્રાકેશભાઇ, કિનાબેન, રીટાબેનના ભાઈ. સ્વ. વાડીલાલ ત્રિકમલાલ શાહ આંત્રોલી વાળાના જમાઈ. રસિકલાલ એમ મોદીનો ભાણિયો, તા. ૨૫/૩/૨૫ના શ્રીજીચરણ પામ્યાંછે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૭/૩/૨૫ના ૫.૦૦ થી ૭.૦૦. ગોપુરમ હોલ, આર પી રૉડ, જ્ઞાન સરિતા સ્કૂલની પાસે, મુલુંડ વેસ્ટ. લોકાચાર બંધ છે.

**કપોળ**
મોટા લીલીયાવાળા હાલ કાંદિવલી, ભુપતરાય જાદવજી મહેતા (ઉં.વ. ૯૦) તા. ૨૫/૩/૨૫ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે મંછાબેનના પતિ. મુકેશભાઈ, હિતેષભાઈ, હરમેષભાઈના પિતાશ્રી. અમીતા, લીના, સોનલના સસરા. સ્વ. મંગળાબેન હરીલાલ, સ્વ. કંચનબેન શાંતિલાલ, મનસુખભાઈ અને સ્વ. અનંતરાયના મોટાભાઈ. સસરાપક્ષે ડેડાણ નિવાસી સ્વ. માધવજી હરખજી મહેતાના જમાઈ. જયશ્રીબેન, કુંદનબેનના જેઠ. પ્રાર્થનાસભા ગુરુવારે ૨૭/૩/૨૫ ૫ થી ૭. આંગન બેંકવેટ હોલ, કેન્ટ ટાવર બી, ફેકટરી લેન, બોરીવલી વેસ્ટ.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# પુરુષ

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

## આઝાદ ભારતમાં દેશપ્રેમની કેટલીક નવી વ્યાખ્યા કંઈક આવી છે!

વિદેશી કાપડનો બહિષ્કાર, સ્વદેશી અપનાવવી અને અંગ્રેજી સરકારની નોકરીમાંથી રાજીનામું આપીને અસહકારની ભાવના દર્શાવવી. તે સમયે આ બધું દેશ માટેના પ્રેમનું પ્રતીક હતું. અને એ વખતે લાખો યુવાનોએ એવું કરેલું અને અંગ્રેજી સલ્તનતના પાયા ઢીલા પાડી નાખેલા, પરંતુ આજે આઝાદ ભારતમાં દેશપ્રેમની વ્યાખ્યા બદલાઈ ગઈ છે.



આજના સમયમાં દેશપ્રેમ એટલે ફક્ત ભાવનાત્મક કે પ્રતીકાત્મક જોડાણ નહીં- વર્ષમાં બે વાર 'જનગનમન' ગાઈ લીધું પછી ' ઈન્સ્ટાગ્રામ' પર એની સ્ટોરી ઠઠડાવી દીધી એટલે પૂરું એવું નહીં, પરંતુ રોજિંદા જીવનમાં નાની-નાની વાતમાં દેશ પ્રત્યેની જવાબદારી દર્શાવવી, પોતાના ભાગની ફરજો અદા કરવી અને ખાસ તો દેશના રિસોર્સિસનું ધ્યાન રાખીને તેમાં પોતાનું યોગદાન આપવું એ હવે નવા સમયનો દેશપ્રેમ છે.

જોકે અમને આ બધી લપ હમણાં કેમ સૂઝી?

તો કે આજકાલ દાંડી યાત્રાના દિવસો ચાલી રહ્યા છે અને ઐતિહાસિક દાંડી યાત્રાના આ દિવસોમાં ગાંધીજીએ દેશના લાખો લોકોને દેશપ્રેમ કોને કહેવાય કે દેશ માટે યોગદાન આપવું એટલે




શું એ વિશેની કેટલીક બાબત સ્પષ્ટ કરી આપી હતી. એ પરથી જ અમને વિચાર આવ્યો કે ભાઈ ચાલો , ત્યારે તો દેશ આઝાદ નહોતો અને અંગ્રેજો સામે લડી લેવાનું હતું. એટલે મિસ્ટર ગાંધીએ કેટલાંક સૂત્રો વ્યાખ્યાયિત કરી આપ્યા કે 'આ કરશો એટલે તમે દેશમાં યોગદાન આપ્યું કહેવાશે' પરંતુ આજના સમયમાં શું ? શું હમણાં દેશને નાગરિકોના યોગદાનની જરૂર નથી ? એટલે જ પછી અમે થોડો વિચાર કર્યો અને આ એક નાનકડી યાદી બનાવી. કે હાલના સમયમાં દેશને બીજી કોઈ જરૂર હોય કે ન હોય, પરંતુ કેટલીક બેઝિક વર્તણૂકોની તો અત્યંત તાતી જરૂરિયાત છે, જેમકે. આજે દેશપ્રેમ એટલે દેશને સ્વચ્છ રાખવો. ગમે ત્યાં ગંદકી ન ફેલાવવી એ એક નાનું પગલું છે, પરંતુ તેની અસર ઘણી વ્યાપક હોય છે. જ્યારે આપણે રસ્તા પર કચરો ફેંકીએ છીએ, જાહેર સ્થળોને ગંદા કરીએ છીએ, ત્યારે આપણે દેશની સુંદરતા અને સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડીએ છીએ. એ આપણામાંના જ છે કે જાહેર સ્થળોએ કચરો કરતા ખચકાતા નથી અને કેટલાક તો એમ પણ ગર્વભેર કહે છે કે આપણે ટેક્સ શેનો ભરીએ છીએ? જો, આ માનસિકતા ઘર કરી ગઈ હોય પછી સ્વચ્છતાને લઈને આપણા માપદંડો તો ભૂલી જાઓ, પરંતુ દેશ માટેનો આપણો ગર્વ કેવોક છે એ પણ ચર્ચાનો વિષય બને કે નઈ?

બીજું, ટ્રાફિક નિયમોનું પાલન કરવું પણ દેશપ્રેમનો એક હિસ્સો છે. ગમે તેમ ડ્રાઇવિંગ ન કરવું, ઝડપની મર્યાદાનું ધ્યાન રાખવું અને ટ્રાફિક સિગ્નલનું પાલન કરવું એ નાની વાતો લાગે છે, પરંતુ આનાથી રસ્તાઓ પર સલામતી વધે છે. આપણે જ્યારે નિયમો તોડીએ છીએ, ત્યારે ફક્ત આપણું જીવન જ નહીં, બીજાનું જીવન પણ જોખમમાં મુકાય છે. યુવાનો, જે ઘણી ઝડપ અને સાહસના શોખીન હોય છે, એમણે આ વાત ગંભીરતાથી લેવી જોઈએ. ટ્રાફિક સેન્સ એટલે દેશના અન્ય નાગરિકો પ્રત્યેની સંવેદનશીલતા. અને આ ટ્રાફિક સેન્સમાં હોર્નાહોર્ન પણ આવે. આપણે રસ્તા પર એ રીતે હોર્ન વગાડતા ફરીએ છીએ કે જાણે આપણે યુદ્ધ માટે રણશિંગુ ફૂંકતા હોઈએ!

બીજી તરફ રસ્તા પર ચાલવાને લઈને પણ આપણે એવા જ તરંગી. જોકે એમાં વાંક આપણા ભ્રષ્ટ તંત્રનો પણ એટલો જ છે. જે તંત્ર હપ્તા લઈને ફૂટપાટો ફેરી-પાથરણા અને દુકાનોને ભેટમાં આપી દેતું હોય એ દેશમાં લોકો પછી રસ્તાઓ પર ન ચાલે તો બીજે ક્યાં ચાલવાના ?

આ ઉપરાંત જાહેર કાર્યક્રમોમાં બહુ ઘોંઘાટ ન કરવો એ પણ દેશસેવાનું એક સ્વરૂપ છે. ભારતમાં ઉત્સવો, લગ્નો કે અન્ય પ્રસંગોમાં ઘોંઘાટ એક સામાન્ય બાબત બની ગઈ છે.

આનાથી ધ્વનિ પ્રદૂષણ વધે છે, જે આપણા સ્વાસ્થ્ય અને પર્યાવરણને નુકસાન પહોંચાડે છે એ વિશે તો આપણે કદાચ આવતી સદીમાં ચિંતા કરીશું, પરંતુ આપણા જાહેર કાર્યક્રમોનો ઘોંઘાટ અને એમાં આપણો વ્યવહાર એ હદનો નિંભર હોય છે કે આપણે વિચાર જ નથી કરતા કે આ કાર્યક્રમોની બીજાઓ, ખાસ કરીને દર્દીઓ, વૃધ્ધો અને વિદ્યાર્થીઓ પર શું અસરો થતી હશે ? આપણે ત્યાં સુધી મચી પડીએ છીએ કે શહેરોના પોલીસ કમિશનરો કે જિલ્લાના પોલીસ અધિક્ષકોને દર વખતે ચિંતા થઈ જાય છે કે આ પ્રજા ક્યાંક દંગલ ન મચાવી દે!

અને છેલ્લે, દેશના કુદરતી સંસાધનો જેમ કે પાણી, વીજળી અને જંગલોનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો એ આજના યુગમાં દેશપ્રેમનું સૌથી મોટું પગલું છે. આપણે જ્યારે પાણી બગાડીએ છીએ, વીજળીનો દુરુપયોગ કરીએ છીએ કે જંગલોનો નાશ કરીએ છીએ, ત્યારે આપણે આવનારી પેઢીઓનું ભવિષ્ય જોખમમાં મૂકીએ છીએ. યુવાનો પાસે નવી ટેકનોલોજી અને જાગૃતિનું બળ છે. એ રિસાયકિંલગ, રિન્યુએબલ એનર્જીનો ઉપયોગ અને પાણીની બચત જેવી આદતો અપનાવીને દેશના સંસાધનોનું રક્ષણ કરી શકે છે. પર્યાવરણ-પ્રકૃતિ સંરક્ષણ મૂળમાં હોય એવી લાઈફ સ્ટાઈલનું અનુસરણ કરી શકીએ છીએ, પરંતુ આપણને એ વ્યય દેખાતો જ નથી. બલ્કે આપણે વધુ ને વધુ રિસોર્સિસનો નાશ કરી રહ્યા છીએ. અને પછી આપણે દાવા કરીએ છીએ કે આપણે માટે દેશ પ્રથમ છે. અરે, દેશ પ્રથમ હોય તો પ્રતીકાત્મક્તા નહીં, આચરણ પર ભાર આપીએ. નહીંતર તો આપણી વાતો વાર્તાઓ બનીને રહી જશે. એનો શું અર્થ ? ■



## ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## મારી બા એ તારી બા તો તારી બા એ મારી બા કેમ નહીં?

**ડિયર હની,**

તને જે પ્રશ્ન ઘણીવાર થાય છે એ મને પણ થાય છે અને બધાને થવા જોઈએ. તેં એકવાર મને કહેલું કે, મારાં માતા- પિતાને તું તારાં માતા- પિતા માની લે છે પણ પતિ એના સાસુ ને સસરાને કેમ માતા- પિતા માનતો નથી. સંબોધનથી માંડી સંબંધ સુધીના વાતોમાં આ અંતર દેખાઈ આવે છે. આવું કેમ?

આવો પ્રશ્ન થવો વાજબી છે, કારણમાં પુરુષ પ્રધાન સમાજ મહત્ત્વનો મુદો છે એ ય સાવ સાચું.

તું મને પરણીને મારા ઘેર એટલે કે સાસરે આવી એ પહેલાથી જ તું સાસુને 'બા' કહેવા લાગી હતી. અને મારા પિતાને અમે બધા પપ્પા કહેતા એટલે તું પણ એમ જ કહેતી. તારા માટે આ સહજ હતું કે નહિ એ પછીની વાત છે, પણ તું એ સંબોધન કરે ત્યારે ક્યારેય એવું ના લાગતું કે તું આ પરાણે બોલે છે કે સ્વીકારે છે. તારામાં આ સહજતા ક્યાંથી આવે છે? એવો પ્રશ્ન મને અનેકવાર થયો છે.

કદાચ આવું સ્ત્રી જ કરી શકે. એ પરાયાને પોતીકા કરી બતાવે છે. અને એમાં એ દેખાડો કરતી નથી. લગ્નના કેટલાં ક વર્ષો પછી તો એવું લાગે કે, મારા કુટુંબીજનો તારા કુટુંબીજનો કરતાં વધુ નજીક છે. અને એનો કોઈ ભાર ના તો તને કે અમારા કુટુંબીજનોને લાગે છે.

સામા પક્ષે પતિ માટે સ્થિતિ જુદી છે. એ સાસુ કે સસરાને જલદીથી મા-, બા કે મમ્મી બોલાવતો થતો નથી. એવું જ સસરા માટે બને છે. ધીરે ધીરે એ ટેવાઈ જાય છે, પણ મને ક્યારેક એવું લાગે છે કે, પતિ એના સાસુ-સસરાને મા- બાપ તરીકે બોલાવાનું ટાળતો રહે છે. શક્ય હોય ત્યાં સુધી સંબોધન કરવાનુંય ટાળે છે.

તું તારાં માતા-પિતાને કાકા ને કાકી કહીને સંબોધે એ મને ક્યારેક ઓડ લાગતું , પણ પછી હું ય ટેવાઈ ગયો. પણ જમાઈ મોટાભાગે સાસુને સાસુજી કે સાસુમા કહી બોલાવે છે. જાહેરમાં કે પછી તો સામસામે હોય ત્યારે પણ. અને આ વાત સાસુ- સસરાની સારસંભાળ સુધી પહોંચે છે. તું બા કે પપ્પાનું કોઈ કામ હોય કે પછી બીમાર પડે તો સેવા કરે જ. અને એવું તારી પાસે અપેક્ષિત હોય છે, પણ પતિનાં કિસ્સામાં એવું અપેક્ષિત રખાતું નથી. પતિ એના સાસુ- સસરાની સાર સંભાળ એની પત્ની જેમ સાસુ સસરાની લે છે એમ લેતો નથી. આ વાસ્તવિકતા છે. એનો કોઇ ઇનકાર કરી ના શકે. અને આ તફાવત આજે ય જોવા મળે છે.

એક છોકરાનાં સગપણની વાત ચાલતી હતી. જે છોકરી સાથે વાત ચાલતી હતી એના પિતા બીમાર રહેતા હતા એટલે છોકરા અને છોકરી વચ્ચે વાતચીત ચાલી તો છોકરીએ કહ્યું કે, મારા પિતાની તબિયત સારી રહેતી નથી એટલે એમની પાસે મારે જતું રહેવું પડશે. છોકરીએ સ્વાભાવિક રૂપે વાત કરી હતી અને એમાં શું ખોટું હતું? દરેક દીકરી એના મા-બાપ પ્રત્યે સંવેદનશીલ હોય એ સ્વાભાવિક છે, પણ છોકરાએ આ વાત પોતાના ઘેર જઈ કરી તો એના પર ચર્ચા થવા લાગી. એની માતાને થયું કે, આ તો મારા દીકરા પર એક વધારાની જવાબદારી આવી જાય. અને આ જ કારણે કદાચ સબંધની વાત અટકી પડી. એમાં બીજાં કારણો ય જરૂર હશે પણ એક કારણ આ પણ હતું.

અરે, કેટલાક કિસ્સામાં તો છોકરા પક્ષે એવું ય વલણ લેવાય છે કે, જે તે છોકરીને વધુ બહેનો હોય તો વ્યવહારમાં ખેંચાવું પડે ને!

આ વાત વધુ પડતી છે. જો કોઈ પણ યુવતી પરણીને સાસરે આવે અને સાસરિયાની સારસંભાળની જવાબદારીની એની પાસે અપેક્ષા રાખવામાં આવે છે તો કોઈ પણ યુવાન કે જેન પરણે એ પછી એના સાસરિયાની સારસંભાળ રાખવા માટે શા માટે અપેક્ષા રાખવામાં ના આવે? આમાં અનુચિત શું છે? નથી. મને બરાબર

આમ છતાં છોકરા પાસે આવી અપેક્ષા રાખવામાં આવતી યાદ છે કે, તારા પિતા એટલે કે મારા સસરા બીમાર પડ્યા, હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા અને જીવલેણ બીમારી આવી તો હું રોજ એમની પાસે જતો, ડોક્ટર કે દવા,ઈત્યાદિની વ્યવસ્થા કરતો એમાં હું કેટલાક લોકો માટે ટીકાનું પાત્ર બન્યો હતો. છાને ખૂણે મારી વાતો થતી. અલબત, મને એનાથી કોઈ ફેર પડતો નથી. હું સ્પષ્ટ માનું છું કે, જેટલી જવાબદારી છોકરીની એની સાસરીયા પ્રત્યે છે એટલી જ છોકરાની એના સાસરિયા પ્રત્યે છે. અને આવી ચર્ચા શાની? આ તો સહજ અને સ્વાભાવિક વાત છે,જે દરેકે સમજી જવી જોઈએ.

**તારો બન્ની**

# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## સેતુનું કામ કરજો...

આ 'સંધ્યા-છાયા' કોલમમાં આપણે વૃદ્ધાશ્રમ વિષે વાતો કરી. આ કોલમમાં આપણે જીવન સંધ્યાને આરે ઊભેલાં લોકો વિશે વાતો કરીએ છીએ. એમના પ્રોબ્લેમના સોલ્યુશન આપણે વૃદ્ધાશ્રમમાં શોધીએ છીએ. હવેથી આપણે વૃદ્ધાશ્રમની વાતો તો ક્યારેક ક્યારેક કરીશું , પણ સાથે સાથે ઘરે- પરિવાર સાથે રહેતા વડીલોની વાતો પણ કરીશું. સિનિયર સિટિજનના પ્રશ્નો, પ્રોબ્લેમ્સ, સ્વભાવ અને એનાં નિરાકરણ સહિત એમના જીવનને સ્પર્શતા પ્રશ્નો વિષે ચર્ચા કરીશું.

તાજેતરમાં એક પારિવારિક પ્રસંગે અમે સૌ સગાં-સ્નેહીઓ મળ્યા હતા. મુંબઈમાં આપણે હવે કોઈને ત્યાં કારણ વગર મળવા જતા નથી. સારાં-નરસાં પ્રસંગે સૌ મળીએ છીએ. તેથી જ્યારે મળવાનું થાય ત્યારે કંઈ કેટલીયે વાતો કરવાની હોય છે. અમારાં એક સ્નેહી વડીલનું તાજેતરમાં અવસાન થયું હતું. સૌ એને યાદ કરતા હતા. એમના અવસાનને એકાદ મહિનો જ થયો હોવાને કારણે એમના પરિવારજનો હાજર ન હતા, એટલે હંમેશાં જેમ બનતું આવ્યું છે તેમજ ગેરહાજર પરિવાર વિશે વધુ ચર્ચા ચાલી. પુષ્પાકાકીએ પૂછ્યું :

'નંદલાલભાઈ પાસે ઘણી મિલકત, પૈસો પણ ઘણો હતો નહીં?'

'હા, એ ખૂબ કમાયાં ' કોઈ જાણકાર ભાઈ બોલ્યા.

'પણ સાંભળ્યું છે એમને દીકરા સાથે સંબંધ ન હતો?' પુષ્પાકાકીએ પંચાત શરૂ કરી.

'હા, પુત્ર-પુત્રવધૂ સાથે નંદલાલભાઈ અને નિર્મળાબહેનને જરાય બનતું ન હતું. કહે છે કે બોલવા વહેવાર પણ ન હતો.' રમામાસીએ ચર્ચામાં સૂર પૂર્યો.

' એવું તે વળી શું થઈ ગયું કે દીકરા-વહુ સાથે બોલવા વહેવાર પણ ન હતો?' પુષ્પાકાકીએ પંચાત - પુરાણ આગળ ચલાવ્યું.

'હવે, એ તો કેમ ખબર પડે? સૌ એકમેકનો વાંક કાઢે. સાચી વાત કોણ કરે? કોઈ પોતાની વાત તો ન જ કરે. પણ પરિવારમાં ખટરાગ હતો એ વાત તો સૌ જાણતા હતા.' રમાબહેને કહ્યું.

'નંદલાલભાઈનું અવસાન થયું ત્યારે એમનાં પુત્ર-પુત્રવધૂ આવ્યાં હતાં કે નહીં?' પુષ્પાબહેને પૂછ્યું.

'હા, આવ્યા હતા ને. એમના નજીકના સંબંધીએ ફોન કર્યો હતો અને દીકરો-વહુ દોડતા આવ્યાં હતાં.' રમામાસીએ કહ્યું.

'નંદલાલભાઈએ બધી મિલકત કોને આપી?' પુષ્પાકાકીએ પૂછ્યું.

'હમણાં મેં સાંભળ્યું છે કે બંને ભાઈ-બહેને શાંતિથી ભાગ પાડીને સરખે ભાગે મિલકત વહેંચી લીધી.' રમામાસીએ જણાવ્યું.

'એ કેવી રીતે બન્યું? લોકોને તો મિલકત માટે ભારે ઝઘડા થાય છે.' પુષ્પાકાકીએ કહ્યું.

'હા, આ લોકોના કેસમાં પણ એવું જ લાગતું હતું કે આ ભાઈ-બહેન વચ્ચે મોટા ઝઘડા થશે. લાકડીઓ ઊડશે અને કોર્ટ-કચેરીએ મામલો પહોંચશે પણ એવું કાંઈ થયું નહીં.' રમામાસી બોલ્યાં.

'તે આ નંદલાલભાઈને કેટલા સંતાન?' પુષ્પાકાકીએ પૂછ્યું.

'એક દીકરો અને એક દીકરી.' રમામાસીએ જણાવ્યું.

'દીકરાને તો મિલકત આપવાના ન હતા, કારણ કે એની સાથે સંબંધ ન હતો, તો શું બધી મિલકત દીકરીના નામે કરી હતી?' પુષ્પાકાકીનો પ્રશ્ન.

'હા, નંદલાલભાઈ અને એમના પત્નીએ બધી જ મિલકત, ફિકસ્ડ ડિપોઝિટ, દર-દાગીના બધું જ દીકરીના નામે કર્યું હતું. તેથી જ નંદલાલભાઈના અવસાન વખતે બધાંને લાગતું હતું કે હવે ભારે થવાની છે. દીકરો-વહુ થોડા ચૂપ રહેશે? વળી દીકરાની આર્થિક સ્થિતિ પણ નબળી. સામે પક્ષે દીકરી કરોડપતિ. મોટાભાગના સગાં-સંબંધી દીકરીના પક્ષે જ હતા, કારણ કે દીકરી અને તેનો પરિવાર સક્ષર અને સમાજમાં આગળ પડતો હતો. બધાં પોતપોતાની રીતે પોતાના હથિયારની ધાર કાઢીને તૈયાર બેઠાં હતાં. તેમને બધાંને એમ હતું કે આ લોકોને ઝઘડો પડશે એટલે વચમાં મધ્યસ્થી કરવા આપણને તો બોલાવશે જ.. પંદર દિવસ થયા બધાં ક્રિયા-કર્મ શાંતિથી થઈ ગયા. સગાં-વહાલાં ઊંચા-નીચા થતા હતા, પણ ભાઈ-બહેને જાણે મૌન ધારણ કરી લીધું હતું.



'તો પછી શું થયું દીકરીએ બધું રાખી લીધું?' પુષ્પાકાકીએ પૂછ્યું.

'ના, રે ના. ભાઈ-બહેને સરખે સરખા ભાગે મિલકત વેચી લીધી.' રમામાસીએ જણાવ્યું.

'શું વાત કરો છો, ઝઘડો ન પડ્યો?

'ના, જરાય નહીં. ભાઈ-બહેને અંદર અંદર સમજી લીધું. બહેન પણ ડાહી. તેણે કહ્યું, 'મારા મા-બાપે જે કર્યું તે પણ ભાઈનો શું વાંક છે? એને પણ એના હક્કનું મળવું જોઈએ. આમ જરાયે મનદુઃખ ન થયું. આજે ભાઈ અને બહેનના પરિવાર વચ્ચે મધુર સંબંધ જળવાઈ રહ્યાં છે.' રમામાસીએ વાતને વિરામ આપતા કહ્યું.

અહીં સવાલ એ પેદા થાય છે કે માતા-પિતાએ આવું કેમ કર્યું? પુત્ર જેવો પણ હોય પણ એને એનો હક્ક આપવો જોઈતો હતો. પુત્રને તમે સાવ તમારી મિલકતમાંથી બાકાત ન રાખી શકો. ધારો કે બહેન ભાઈને તેનો ભાગ આપવા તૈયાર ન થઈ હોત તો ભાઈ શું ચૂપ રહેત? ભાઈ ચૂપચાપ બધી મિલકત બહેનને હવાલે કરીને રાજી થઈને ઘરમાંથી નીકળી જાત? ના. ભાઈ કોર્ટ કેસ કરત. મિલકત પર સ્ટે લાવત... પણ બહેનની સમજણ અને ભાઈ પ્રત્યેનો પ્રેમ જીતી ગયો અને ઘીના ઠામમાં ઘી પડી ગયું.

આ ઉદાહરણ પરથી વડીલોએ એ સમજવાનું છે કે એમણે એવું કામ કરવું જ શા માટે કે પોતાના મૃત્યુ પછી વારસદારો વચ્ચે ઝઘડા થઈ જાય. અહીં તો વારસદારો સમજુ હતા તેથી બધું ઠીક થઈ ગયું. બાકી.

ટૂંકમાં , માતા-પિતાએ પોતાનાં સંતાનો વચ્ચે ભેદભાવ રાખવો નહીં. બધાંને તેના હક્કનું આપવાનું છે. મરતાં મરતાં પોતાનાં સંતાનો વચ્ચે સેતુ બાંધતા જવાનો છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# મારો ઉછેર મુક્ત વિચાર ને સ્વતંત્ર વાતાવરણમાં થયો



નામ: કેપ્ટન લક્ષ્મી સહગલ
સમય: ૧૯૯૮
સ્થળ: કાનપુર
ઉંમર: ૯૩ વર્ષ
(ભાગ: ૨)



**ચાર** ભાઈ બહેનોમાં હું વચલી. ગોવિંદ, લક્ષ્મી, સુબ્બરામ અને હું, બે ભાઈ અને બે બહેન. મારા પિતા સુબ્બરામ સ્વામીનાથન મારા જીવનના, અસ્તિત્વના આધારસ્થંભ હતા. હું બ્રાહ્મણ કુળના પ્રખ્યાત વૈદિક અને સંસ્કૃત વિદ્વાનોનું નાનકડું ગામ શેખરીપુરમ્ અમારું વતન. મારા દાદાજી સુબ્બરામ પટ્ટર ઉચ્ચ કોટિના વિદ્વાન હતા. જોકે, મારા પિતા ખૂબ નાના હતા ત્યારે જ એ દેવું મૂકીને મૃત્યુ પામ્યા. મારા પિતાને કદાચ એટલે જ અસુરક્ષાનો ભાવ સતત રહેતો. અમે ચારેય ભાઈ-બહેન ખૂબ ભણીને અમારી કારકિર્દી બનાવીએ એ સિવાય મારા પિતા બીજો કોઈ આગ્રહ રાખતા નહીં.

મારો ઉછેર મુક્ત વિચાર અને સ્વતંત્ર વાતાવરણમાં થયો. અમને નાનપણમાં જ અનેક નેતાઓની મુલાકાત કરવાનો અવસર મળ્યો. મારા પિતા મદ્રાસ હાઈ કોર્ટમાં વકીલ હતા એટલે મલાબાર આવતા અનેક રાજનેતાઓ અમારા ઘરની મુલાકાત લેતા. જવાહરલાલ નહેરુ, ગોપાલકૃષ્ણ ગોખલે, લોકમાન્ય તિલક સહિત રાજગોપાલાચારી જેવા અનેક નેતાઓ સાથે અમને વાતચીતનો મોકો મળ્યો. મારો ભાઈ, હું અને મારી બહેન મૃણાલિની... અમને હોર્સ રાઈડિંગ, સ્વિમિંગ, ટેનિસ જેવી રમતો શીખવવામાં આવી. અમારા ઘરની નાનકડી લાઈબ્રેરીમાં ફરજિયાત દિવસના બે કલાક ગાળવા એવો નિયમ હતો. જેને કારણે અમને વાંચનનો શોખ કેળવાયો.

જોકે, મારા બાળપણમાં સુખદ દિવસો પણ હતા. અમારી પાસે પીળા રંગની મોટી ઓસ્ટિન ગાડી હતી, જેમાં બેસી દરરોજ સાંજે હું અને મૃણાલિની મરીનાના દરિયાકાંઠે ફરવા જતાં. બાળપણથી જ દરિયા માટે મને ખૂબ પ્રેમ રહ્યો છે. નીલવર્ણ સમુદ્રપટ, વાદળી આકાશ, ઊછળતાં મોજાં, અસીમ વેરાયેલો રેતીતટ, પગની પાનીએથી સરી જતી ચમકતી સફેદ રેતી-એ બધું જ અદ્‌ભૂત, અવિસ્મરણીય એવા ભૂતકાળનો હિસ્સો છે.

અમારા ઘરમાં એકદમ વિદેશી વાતાવરણ હતું. અમે ભાઈ-બહેનો અંગ્રેજીમાં વાત કરતાં અને કોન્વેન્ટ શાળામાં ભણતાં હતાં. મારા પિતા હંમેશાં કહેતા કે, 'જ્યાં સુધી આપણે અંગ્રેજોની શિક્ષણ અને ડિસિપ્લિનમાં બરાબરી નહીં કરી શકીએ ત્યાં સુધી આપણે આઝાદ થઈએ તો પણ એમના જેવો વિકાસ નહીં સાધી શકીએ.' પરંતુ મારા પિતાજીના વિચાર અચાનક બદલાયા-એનું કારણ બહુ રસપ્રદ હતું. કદમ્બુર નામના એક ગામમાં જમીનદાર ગુજરી ગયા. એમનો દીકરો માઈનર-એટલે કે પુખ્ત નહોતો. એમની સંપત્તિને અંગ્રેજોએ કોર્ટ ઓફ બોર્ડ્‌સને હવાલે કરી અને ડેલા હે નામના એક માણસને ટ્રસ્ટી નિયુક્ત કર્યો, પરંતુ એ માણસે આ માઈનર-પુખ્ત નહોતો એવા એમના વારસદારને મારી નાખ્યો. આનો કેસ ચાલ્યો જેમાં મારા પિતા ગુજરી ગયેલા છોકરા વતી કેસ લડ્યા. એ કેસ જીત્યા, પરંતુ ત્યારે એમને સમજાઈ ગયું કે, અંગ્રેજો આ દેશમાં જોહુકમી કરવા અને જમીન પડાવી લેવા આવ્યા છે. એમણે અંગ્રેજોને હરાવ્યા એને કારણે અંગ્રેજો સાથેના એમના સંબંધો બગડવા લાગ્યા. એમને કોર્ટમાં અન્યાય થવા લાગ્યો અને એમણે પોતાની જાતને એક ભારતીય તરીકે-સાચા હિન્દુસ્તાની તરીકે પ્રસ્થાપિત કરવાનો નિર્ણય કર્યો. અમને વિદેશી શાળામાંથી ઉઠાવી લઈને ગવર્નમેન્ટ હાઈસ્કૂલમાં ભારતીય વિદ્યાર્થીઓ સાથે ભણવા મૂક્યા. ફ્રોક અને વિદેશી વસ્ત્રોને બદલે અમે હવે ભારતીય વસ્ત્રો પહેરતાં થયાં. અમારા ઘરમાં ભારતીય ભોજન બનવા લાગ્યું અને અમને ભારતીય સંસ્કૃતિનું પણ જ્ઞાન આપવા માટે ખાસ શિક્ષક રાખવામાં આવ્યા.

એક રીતે જોતા આ બહુ ફાયદો થયો, કારણ કે અમે વિદેશી શિક્ષણ, વિદેશી રીતરસમ અને ભારતીય સંસ્કૃતિ બંને બહુ સુંદર રીતે શીખી શક્યાં. મારા પિતા અમારા શિક્ષણ વિશે ખૂબ ચિંતિત હતા... એવામાં એક દિવસ અચાનક અમારા ઘર પર વીજળી તૂટી પડી. ૧૯૩૦નો ૩૧ ડિસેમ્બરનો દિવસ દુર્ભાગી બની ગયો. મારા પિતાજી અનંત યાત્રાએ સિધાવ્યા હતા. મારા વિશેના એમના અનેક સપનાં અધૂરાં રહી ગયાં. હું હજી હાઈસ્કૂલમાં હતી. મને ખબર જ ન પડી કે, હવે મારા જીવનમાં મારે કઈ રીતે આગળ વધવું જોઈએ... ગઈકાલ સુધી અમારા ઘરમાં જે સુખ-શાંતિ અને મજા હતા, એ બધું અચાનક અદૃશ્ય થઈ ગયું. મારા માથે મારાં ભાઈ-બહેનોની જવાબદારી આવી પડી. મેં ટ્યૂશન શરૂ કર્યાં. મારા ભાઈ-બહેનોને ભણાવવા માટે અડધા સમયની નોકરી પણ કરવા લાગી. મારા પિતાજીના મૃત્યુ પછી મારાં માતાએ 'ગિલક્રિસ્ટ ગાર્ડન્સ'ને પોતાના સામાજિક અને રાજકીય બન્ને વર્તુળનું કેન્દ્રસ્થાન બનાવ્યું. મારી મા એના રાજકીય અને સામાજિક કામોમાં વ્યસ્ત રહેતી.

મારાં માતા કેટલીક બાબતે ખાસ્સાં જક્કી હતાં. આમ તો પિતાના મૃત્યુ પહેલાં જ તેઓ રાજકારણમાં સક્રિય થઈ ચૂક્યાં હતાં. ચેન્નાઈના સમાજમાં તેઓ નેતા જ હતાં. તેઓ ઈન્ડિયા ક્લબનાં પણ સભ્ય હતાં. મોટા ભાગે બધાં નાટકોમાં તેઓ મુખ્ય નાયિકાની ભૂમિકા ભજવતાં. તેઓ ટેનિસ રમતાં અને કાર ચલાવનાર પ્રથમ સ્ત્રી હતાં. તેઓ ખાસ્સાં જાજરમાન, બુદ્ધિશાળી વ્યક્તિ અને પ્રેમાળ યજમાન હતાં. જોકે એમની પાસે એમનાં બાળકો માટે સમય ન હતો. દેશની વધતી જતી અશાંત પરિસ્થિતિ અને ગાંધીજીએ સ્ત્રીઓને સ્વાતંત્ર્યની લડતમાં જોડાવાના કરેલા આહ્‌વાનથી ત્રીસીનાં અંતિમ વર્ષોમાં મા કૉંગ્રેસમાં જોડાયાં. તેઓ ઓલ ઈન્ડિયા વિમેન્સ કોન્ફરન્સનાં પ્રમુખ બન્યાં. સમયાંતરે તામિલનાડુના ડીંડીગુલથી પ્રતિનિધિત્વ કરી દિલ્હીમાં ધારાસભાનાં સભ્ય પણ બન્યાં.

ઘણાં બધાં પ્રખ્યાત સ્ત્રી મહાનુભાવો 'ગિલક્રિસ્ટ ગાર્ડન્સ'માં રહેવા આવતાં. અમે એમની મહેમાનગીરી કરતાં જ મોટાં થયાં. સરોજિની નાયડુ, સુભાષિની સરકાર, ખ્યાતનામ સામ્યવાદી લેસ્ટર હચિન્સન, મૃણાલિની ચટ્ટોપાધ્યાયને અમે ગુન્નુઆન્ટી કહેતાં, હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય, રાજકુમારી અમૃત કૌર, જેઓ ખાદી પહેરતાં છતાં રાજવી જ લાગતાં, લેડી ધનવંતી રામારાવ-અમારાં 'ધનમાસી', માર્ગરિટ કઝિન્સ (જેમણે દેવદાસી પ્રથાની નાબૂદીનું બિલ રજૂ કરેલું), ડો. મુથુલક્ષ્મી રેડ્ડી (જેમણે ૧૯૩૨માં નૃત્યની વિરુદ્ધ અભિયાન ચલાવેલું), ભગિની શુભલક્ષ્મી (જેઓ ત્રસ્ત-પીડિત સ્ત્રીઓને મદદ કરતાં). ૧૯૪૭માં મારાં મા ડિંડિગલથી ચૂંટાઈને સંસદ સભ્ય બન્યાં.

મારી મહેનત અને લગનથી મારા ભાઈ-બહેનો ખૂબ સારું ભણ્યા. મારો ભાઈ વકીલ થયો અને મારી બંને બહેનોનાં લગ્ન હું કરી શકી. મારી નાની બહેન મૃણાલિનીનાં લગ્ન અમદાવાદમાં સારાભાઈ પરિવારમાં થયાં. મદ્રાસ કોલેજમાંથી મેડિકલ પૂરું કરીને મેં ડોક્ટરની ડિગ્રી મેળવી. શિક્ષણ દરમિયાન મારી મુલાકાત સરોજિની નાયડુની બહેન સુહાસિની ચટ્ટોપાધ્યાય સાથે થઈ. એ સામ્યવાદી વિચારોથી પ્રભાવિત હતાં. કમ્યુનિસ્ટ પાર્ટીની મીટિંગ અટેન્ડ કરતાં અને જર્મનીમાં હિટલરના ઉદ્‌ભવ અને એના શાસન દરમિયાન એમણે જર્મનીમાં વસવાટ કર્યો હતો. પહેલીવાર એમણે મને 'ચીનનો લાલ સિતારો' પુસ્તક વાંચવા આપ્યું. મને સમજાયું કે, દુનિયાના કોઈપણ દેશમાં જો ખરેખર વિકાસ કરવો હોય તો વર્ગવિગ્રહને નાબૂદ કરવો પડશે. હું પણ સામ્યવાદના વિચારોથી પ્રભાવિત થવા લાગી.


એ દિવસોમાં મારી મુલાકાત ટાટા એરલાઈન્સના એક નવયુવાન પાઈલટ બી.કે.એન. રાવ સાથે થઈ. અમે પહેલાં મિત્રો બન્યા, અને ધીરે ધીરે મને એના માટે પ્રેમ થવા લાગ્યો. એકવાર એની ટેસ્ટ ફ્લાઈટમાં એણે મને એની સાથે આકાશનો પ્રવાસ કરાવ્યો, અને આસમાનમાં મારી સાથે લગ્ન કરવાની પ્રપોઝલ મૂકી. એ ખૂબ દેખાવડો અને સફળ હતો-ના પાડવાનું મારી પાસે કોઈ કારણ નહોતું. ભાઈ-બહેનોની જવાબદારી પૂરી થઈ ચૂકી હતી અને હવે, મારી માતા પણ ઈચ્છતી હતી કે, હું લગ્ન કરી લઉં.

લગ્ન પછીનાં બે વર્ષ ખૂબ સુંદર પસાર થયા, પરંતુ એ દરમિયાન અમારી વચ્ચે વિચારભેદ વધતો ગયો. આ વિચારભેદને કારણે અમે ધીમે ધીમે એકબીજાથી દૂર થતાં ગયાં. રાવ ખૂબ પ્રવાસ કરતા. ભાગ્યે જ ઘરમાં રહેતા એટલે અમે એકબીજાને સમય પણ આપી શકતાં નહીં. અમારો સંબંધ એક એવી જગ્યાએ પહોંચ્યો, જ્યાં છૂટા પડવા સિવાય અમારી પાસે બીજો કોઈ વિકલ્પ ન રહ્યો. અંતે, અમે છૂટાછેડા લીધા... (ક્રમશઃ)■

ભારતની વીરાંગનાઓ
ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

## જ્ઞાનપીઠ પુરસ્કાર મેળવનાર પ્રથમ મહિલા

# આશાપૂર્ણા દેવી



'અમારું કુટુંબ અત્યંત રૂઢિચુસ્ત હતું. કડક નિયંત્રણોવાળું. છોકરીઓને શાળાએ મોકલવાનો રિવાજ નહોતો. કન્યાને ભણાવવા પર પ્રતિબંધ હતો. એથી મને નિશાળે જવાનું નસીબ પ્રાપ્ત ન થયું. અમે કુલ આઠ ભાઈબહેન હતાં. અત્યંત સાધારણ જીવન હતું. ભાઈઓ તો અભ્યાસ કરતા, પણ અમારું તો બાર વર્ષની ઉંમરથી ઘરની બહાર નીકળવાનું બંધ થઈ ગયેલું....'

વીસમી સદીના આરંભે જન્મેલી કોઈ પણ સ્ત્રી માટે આ પ્રકારનો સામાજિક પરિવેશ નવી નવાઈનો નહોતો. સ્ત્રીનું આખુંય આયખું આવા પરિવેશમાં વીતી જાય. પણ આવા સામાજિક વાતાવરણની સીડી પર ચડીને એક સ્ત્રીએ ચીલો ચાતર્યો અને સાહિત્યમાં સર્વોચ્ચ ગણાતા જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત કરીને સિદ્ધિ હાંસલ કરી !

એમનું નામ આશાપૂર્ણા દેવી... બંગાળી ભાષાનાં ઉત્કૃષ્ટ સાહિત્યકાર. નવલિકા લેખિકા અને નવલકથાકાર તરીકે જાણીતાં. બાળસાહિત્ય, કિશોરસાહિત્ય, ટૂંકી વાર્તાના સંગ્રહો અને નવલકથાઓ સહિત બસ્સો કરતાં પણ વધુ કૃતિઓનાં રચનાકાર. સાહિત્યસર્જન બદલ કેટલાંયે પુરસ્કારોથી એમને નવાજવામાં આવ્યાં. ૧૯૫૪માં કોલકાતા વિશ્વવિદ્યાલય તરફથી લીલા પુરસ્કાર, ૧૯૬૪માં રવીન્દ્ર પુરસ્કાર, ૧૯૬૬માં ભુવનમોહિની દાસી સુવર્ણચંદ્રક, ૧૯૬૬માં પશ્ચિમ બંગાળ સરકારનો બૂંદ મેમોરિયલ પુરસ્કાર, ૧૯૭૬માં ભારત સરકાર તરફથી ચોથો સર્વોચ્ચ પુરસ્કાર પદ્મશ્રી અને આ જ વર્ષમાં પ્રથમ પ્રતિશ્રુતિ માટે જ્ઞાનપીઠ પુરસ્કાર, ૧૯૮૮માં બંગીય સાહિત્ય પરિષદનો હરનાથ ઘોષ પદક અને ૧૯૯૩માં કોલકાતા વિશ્વવિદ્યાલય તરફથી જગતરાની સુવર્ણચંદ્રક... આ બધાં સન્માનો પ્રતિષ્ઠિત હતાં, પણ સૌથી પ્રતિષ્ઠિત સન્માન એટલે જ્ઞાનપીઠ પુરસ્કાર. પુરસ્કારોના મુગટમાં જ્ઞાનપીઠે મોરપીંછ બનીને શોભા વધારી. જ્ઞાનપીઠનું મહત્ત્વ એટલાં માટે પણ હતું કે, આશાપૂર્ણા દેવી આ પુરસ્કાર મેળવનાર પ્રથમ મહિલા હતાં!

આશાપૂર્ણા દેવી પશ્ચિમ બંગાળના કોલકાતામાં ૮ જાન્યુઆરી ૧૯૦૯ના અત્યંત રૂઢિચુસ્ત કુટુંબમાં જન્મેલાં. માતા સરોલા દેવી. પિતા હરેન્દ્રનાથ ગુપ્ત ચિત્રકાર હતા. હરેન્દ્રનાથના અન્ય ચિત્રકાર મિત્રો પણ હતા. એ સહુ પ્રસંગોપાત હરેન્દ્રનાથને ઘેર આવતા. પિતાને કારણે આશાપૂર્ણા દેવી કલાકારોનાં દર્શન કરી શક્યાં, જયારે માતાએ દીકરીનો પરિચય સાહિત્યસૃષ્ટિ સાથે કરાવ્યો. આશાપૂર્ણા દેવીના શબ્દોમાં કહીએ તો : 'મારી માનો સાહિત્યપ્રેમ અદભુત હતો. માનું પુસ્તકવાંચન એટલે કુંભકર્ણની ભૂખ...' માનો આ વાંચનશોખ આશાપૂર્ણામાં સાંગોપાંગ ઊતર્યો. એમને શાળાએ જવા પર પ્રતિબંધ હતો. એમના ભાઈઓ જ્યાં વાંચતા લખતા હોય ત્યાં એ ચૂપચાપ બેસી રહેતાં અને જે કંઈ જોતાં, સાંભળતાં એને ગ્રહણ કરતાં તે જ તેમનું ભણતર. જોકે દીકરીઓને લખવા વાંચવાની છૂટ હતી. અભ્યાસ ઘરમાં જ થતો. એને પગલે આશાપૂર્ણા વાંચ્યા કરતાં.

દરમિયાન, આશાપૂર્ણા દેવીનાં લગ્ન માટે મુરતિયાઓ જોવાનું શરૂ થયું. જોકે સાહિત્ય અને સંસાર સિવાય આશાપૂર્ણાના જીવનમાં બીજું કશું આકર્ષણ નહોતું. એમની તીવ્ર ઝંખના તો ઘણાં બધાં પુસ્તકો વાંચવાની હતી. પ્રવાસ કરવાની પણ. એટલે જ લગ્નની વાત ચાલતી હતી, ત્યારે આશાપૂર્ણાને એમ થતું કે, જો મારો પતિ ગ્રંથાલયનો વડો હોય તો બહુ સારું; ઘણાં પુસ્તકો વાંચવાની સગવડ થાય. વળી પાછું એમ પણ થાય કે જો રેલવેમાં અમલદાર હોય તો પણ કંઈ ખોટું નહીં; સારી પેઠે પ્રવાસ ખેડી શકાશે.... પણ પત્તાના મહેલની જેમ સપનું તૂટી પડ્યું. આશાપૂર્ણાના પતિ કાલિદાસ ગુપ્ત બેમાંથી એકેય નહોતા. એ તો બેન્કના કર્મચારી હતા. એથી લેખનવાંચન જ એકમાત્ર આધાર રહ્યો. ઘરની ચાર દીવાલો વચ્ચે રહેતાં આશાપૂર્ણાનું જગત બારીમાંથી જે દેખાય તે હતું. રૂઢિચુસ્ત ઘરની દીકરી અને એવા જ રૂઢિચુસ્ત ઘરની વહુ હતાં, એથી પરિચિત જગતની બહાર પગ મૂકવાનું દુ:સાહસ ક્યારેય ન કર્યું. છતાં વાંચનના શોખને પગલે વિચારવિશ્વ વિસ્તરતું રહ્યું.

કુશળ ગૃહિણી તરીકે ઘરનું કામ આટોપીને આશાપૂર્ણા દેવી પોતાનો લેખન અને વાંચનનો શોખ પૂરો કરતાં. એમાં સારી પેઠે સફળતા પણ મળી. બીજા કશાનું એવું આકર્ષણ નહોતું. ઈચ્છાનુસાર પ્રવાસે જતાં રહેતાં. માતૃભાષા ઉપરાંત બંગાળી અનુવાદ પરથી વિદેશી સાહિત્યનો આસ્વાદ લઈ શકાયો. અનુવાદ હાથમાં આવતાંવેંત ધ્યાનથી વાંચી જતાં. વાંચતાં એમ થતું કે પરિવેશ, દેશકાળ, પાત્રો, વગેરે ભલે ભિન્ન હોય તોયે અંદરથી તો બધા માણસ સરખા છે. બહોળું વાંચન દિલોદિમાગમાં ઘૂંટાતું ને ઘોળાતું રહ્યું. જે જોયું, એ જોઈને મનમાં જે પ્રતિભાવ જાગ્યો, તે લખતાં રહ્યાં.

આશાપૂર્ણા દેવીએ લેખિકા જીવનનો આરંભ બાળ અને કિશોર સાહિત્યની રચનાથી કરેલો. એમાં મુખ્યત્વે કાવ્યો તથા વાર્તાઓ હતાં. ઉંમરલાયક વાચકો અને યુવાનો તથા તે પછીની પેઢીના વાચકો ૧૯૩૭માં લખેલી એમની પ્રથમ વાર્તા 'પત્ની ઓ પ્રેયસી' આનંદબજાર પત્રિકાના પૂજા અંકમાં પ્રકાશિત થયેલી. એમનો પ્રથમ વાર્તાસંગ્રહ જલ ઓ આગુન ૧૯૪૦માં પ્રગટ થયો. પહેલી નવલકથા પ્રેમ ઓ પ્રયોજન ૧૯૪૫માં પ્રગટ થઈ. આમ બીજા વિશ્વયુદ્ધના સમયથી એમની સર્જનપ્રવૃત્તિ વેગવંતી બની. ૧૩ જુલાઈ ૧૯૯૫ના એમનું અવસાન થયું ત્યાં સુધીમાં એમની એકસો એંસી નવલકથાઓ, હજાર ઉપરાંત વાર્તાઓ તથા સોળ બાળસાહિત્યની પુસ્તિકાઓ પ્રગટ થયેલી.

આશાપૂર્ણા દેવીની નવલકથાઓની વિશેષતા એ છે કે એમાં બધી સમસ્યાઓ તથા સંબંધો અથવા નાનાંમોટાં આંદોલનોને સડકો પર નહીં, પણ ઘરની ચાર દીવાલોની અંદર રાખીને એનો ઉકેલ દર્શાવાયો છે. એમની વાર્તાઓમાં પુરુષ પાત્રોની તુલનામાં સ્ત્રીઓને અધિક પ્રાધાન્ય અપાયું છે. આટઆટલી નવલિકાઓ અને નવલકથાઓ લખી હોવા છતાં, એમની પાત્રસૃષ્ટિ તથા કથાવસ્તુમાં પ્રચુર વૈવિધ્ય છે. એ સંદર્ભમાં આશાપૂર્ણા દેવીએ જ્ઞાનપીઠ પુરસ્કાર સ્વીકારતી વખતે કહેલું કે, 'પ્રત્યેક પળે મને એવું લાગે છે કે હું નથી લખી રહી, જાણે કોઈ મારી પાસે લખાવી રહ્યું હોય. મને એવું લાગ્યા કરે છે કે સ્વયં સરસ્વતી દેવી મારી પાસે લખાવે છે. હું સરસ્વતી માતાની સ્ટેનોગ્રાફર છું. એ જે લખાવે છે એ જ હું લખું છું!' ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# એમની આભાસી દુનિયાના ઘાત-આઘાત



**શહેરની** એક જાણીતી કોન્વેન્ટ સ્કૂલમાં ભણતી બે ટીનએજર છોકરી આંશી અને ઈરા. બન્ને એકદમ ચાર્મિંગ અને યંગ. એકબીજાની ખૂબ નજીક. દિવસ આખો સ્કૂલ ઉપરાંત રોમાન્ટિક નોવેલ વાંચવામાં, પોતાના ક્લાસમેટ્સ તેમજ આસપડોશના છોકરાઓની વાતો કરવામાં અને રંગબેરંગી સપનાઓ જોવામાં પસાર કરે.

આંશીની પડોશમાં લગભગ ચાલીસેક વર્ષની મિનિતા રહે. મસમોટા મહેલ જેવા ઘરમાં સાવ એકલી મિનિતા જીવે. એ વાતથી આંશીને અજાયબી લાગે તો ક્યારેક એ મિનિતાના એકાંતપ્રિય સ્વભાવથી પ્રભાવિત પણ થાય. પોતાના ઘરમાં આખો દિવસ ઘોંઘાટ હોય એટલે મિનિતાને મળતી શાંતિ અને એકલતાની આંશી રીતસર ઈર્ષ્યા કરતી.

જોકે, મિનિતા ભાગ્યેજ ઘરમાંથી બહાર નીકળતી. એનું કારણ આંશીને પોતાના દાદી પાસેથી જાણવા મળ્યું. દાદીના કહેવા મુજબ એક સમયે મિનિતા અત્યંત સ્વરૂપવાન યુવતી હતી, પણ લગભગ આંશી જેવડી ઉંમરે અકસ્માતમાં માતા-પિતા ગુમાવી દીધાં. ત્યાર મિનિતા અઢળક સંપત્તિ વચ્ચે એકલતામાં જીવતી આવી છે. ટીનએજમાં આવી પડેલી અણધારી એકલતાએ અંતે મિનિતાને એક નિરસ તેમજ એકાકી જીવન તરફ ધકેલી દીધી હતી. એ સમયે ઘણાને મિનિતા ગમતી. નજીકના સગા-સંબંધીઓએ મિનિતાના લગ્ન કરાવી ઠરીઠામ કરવાની થોડીક કોશિશ કરી, પણ એમાં કોઈને સફળતા મળી નહીં. દાદીની વાત સાંભળ્યા બાદ હવે જ્યારે પણ મિનિતાને ઘરની છત પર ટહેલતા કે બાલ્કનીમાં બેસેલી જુએ ત્યારે આંશીને એની સહાનુભૂતિ થઈ આવતી.

આંશી પોતાના મનની દરેક વાત ઈરાને કરે. આંશીના એકપણ ઈમોશન્સ ઈરાથી છુપાયેલા ના હોય, પણ આંશી કરતાં ઈરા થોડી વધુ ટીખળખોર. મિનિતાની આખી વાત સાંભળી ઈરાના તોફાની મગજમાં ચમકારો થાય છે.

'સાંભળ આંશી, તારા દાદી કહેતા હતાં ને કે મિનિતા આન્ટી તો ઘણા લોકોને ગમતાં, પણ એનો કંઈ મેળ ના પડ્યો.' આંશીએ હકારમાં માથું ધુણાવ્યું.

'તો મને એમ થાય છે કે આપણે મિનિતા આન્ટીની મદદ કરવી જોઈએ'. એમ બોલી આંખ મિંચકારતી મિનિતાને બનાવટી પત્રો લખવાની યોજના ઈરા ઘડે છે. એ આંશીને એવી ધરપત આપે છે કે, આવું કરવાથી મિનિતાના તદ્દન નિરસ, એકલતાભર્યા કંટાળાજનક જીવનમાં કંઈક ઉત્સાહ લાવી શકાશે. આંશી પહેલા તો ઈરાના આવા ઉટપટાંગ આઈડિયા સાથે સહમત થતી નથી, પણ અંતે હંમેશાની માફક ઈરાની વાક્પટુતા સામે એણે નમતું જોખી દીધું .

બીજા દિવસથી ઈરા પત્રો લખનું શરૂ કરે છે. જે મિનિતાને પોતાને મનોમન ચાહતા કોઈ પ્રેમી દ્વારા લખાયા હોય એવો ભાસ ઉત્પન્ન કરાવે છે. મિનિતાના આંગણે રોજબરોજ એક પછી એક પત્ર ઠલવાતા રહે છે અને મિનિતાનો ભરોસો જીતતા રહે છે કે ખરેખર કોઈ છે આ જગતમાં જેને મિનિતાની પરવાં છે.

મધ્યાવસ્થાએ પહોંચેલી મિનિતા બે મુગ્ધાવસ્થામાં જીવતી છોકરીઓ દ્વારા ઊભા કરાયેલા આભાસી પ્રેમના પ્રભાવને સત્ય માની ખુશ રહેવા લાગે છે. એ ધીમે-ધીમે જીવન તરફ પાછી ફરવા લાગે છે. જાણે અંદરથી જીવંત થઈ ઉઠી હોય એમ એ ઘરની બહાર નીકળતી થઈ છે. લોકો સાથે વાતો કરે છે. સામે મળનારનું સ્મિતથી અભિવાદન કરે છે તો પડોશના લોકોને પ્રેમથી ઘેર આવવા આવકારે છે.

આ જોઈ આંશી- ઈરાનો હરખ સમાતો નથી. જોકે પોતે કંઈક એવું કામ કરી બતાવ્યું છે જે બીજું કોઈ કરી શક્યું નહી. એ વિચારી ફુલાયને ફાળકો થયેલા આંશી-ઈરા હવે ધબડકો કરે એટલી જ વાર હતી, કારણકે, મિનિતામાં આવેલા સકારાત્મક બદલાવ જોઈ ઈરાની હિંમત વધુ ખૂલી ા છે. મિનિતા માટે ઉભી કરાયેલી આભાસી દુનિયામાં હવે એ વધુ ાનાના રંગો ઉમેરવા તત્પર બની, પરંતુ એનું ટીનએજ મન એ કતથી અજાણ હતું કે, અમુક વણજોઈતા રંગો ચિત્રને કદરૂપું બનાવી હોય છે.


આંશીને ઈરા કહે છે કે, આપણે મિનિતા માટે સાચે જ કોઈ પ્રેમી ીએ. આંશીની વિચારસરણી અહીં ઈરાથી અલગ પડે છે. એનો ાબ છે : 'ના, બસ હવે વધુ ખેંચ્યા વગર આપણે આ રમત અહીં ા કરવી જોઈએ, પણ ઈરા જેનું નામ. એનું મન જંપવાનું નામ લેતું નથી. એ કોઈ પણ ભોગે પોતાના પત્રો થકી ઊભી કરેલી આભાસી વ્યક્તિને સાચુકલે શોધવા માંગે છે, પણ આવો પુરુષ શોધવો ક્યાંથી?

અકળાયેલી ઈરા પોતાના એક મિત્રને મદદ કરવા કહે છે. બસ, વાર્તા ખત્મ. ઈરાની આવી તોફાની સાહસકથા એ નાનકડા શહેરમાં વાયુવેગે ફેલાય જાય છે. વહેતી વાત મિનિતાને કાને અથડાતા વાર ાડતી નથી. મિનિતા આઘાતમાં સુન્ન થઈ જાય છે. પોતાની ાણીઓની નાલેશી એ સહી શકે એમ નથી. મિનિતા ઘર-બાર યી શહેર છોડવાનું નક્કી કરી લે છે.

ટીનએજમાં દરેક વાતને મજાકમાં લેવાની આદત હોય. આ ઉંમરે કંઈક નવું દેખાય તો એના પરત્વે મનમાં જીજ્ઞાસા ઉત્પન્ન થવી સામાન્ય હોય છે. અવિચારી નિર્ણયો લેવામાં આનંદ આવતો હોય, પરંતુ જ્યારે તરુણાવસ્થાના બાલિશ નિર્ણયોની અસર હેઠળ કોઈ અન્ય વ્યક્તિની જીંદગી બદલાય જાય ત્યારે શું થાય એ વિચાર આંશી કે ઈરાએ ક્યારેય કર્યો નહોતો. જોકે, આંશીને પોતાની ભૂલ સમજાય છે. એ મિનિતાને રોકવાની કોશીશ કરે છે, પણ હવે બહુ મોડું થઈ ચૂક્યું છે.

અંતે આંશી પોતાની મમ્મીને સાચી વાત જણાવે છે, જેના પરિણામે એને બોર્ડિંગ સ્કુલ મોકલી દેવાનું નક્કી થાય છે. આંશી આના કારણે ઈરાથી અત્યંત નારાજ છે કે ઈરાએ મિનિતાની વાત અન્ય કોઈને કરી. એ કારણથી જે કમઠાણ થયું એના ફળસ્વરુપ પોતાને ઘરથી દૂર જવું પડે છે. એ ઈરા સાથેના તમામ સંપર્ક આંશી તોડી નાખે છે. અને નાદાનીમાં કરાયેલી એક શરારત એમના સંબંધોમાં ઊભી તિરાડ સર્જે છે.

એ ઘટનાના બરાબર પંદર દિવસ પછી આંશીના ઘેર પાસેથી બે ગાડી વિરુધ્ધ દિશા તરફ રવાના થાય છે. એકમાં આંશી છે અને બીજામાં મિનિતા. અને એમને લાચાર નજરે જતાં જોઈ રહેલી ઈરા બંન્નેમાંથી કોઈ સાથે આંખ મેળવી શકવા સક્ષમ નહોતી. ■




**‘હે, શક્તિદાત્રી મા, તારી અસીમ કૃપા પામવા અમે યજ્ઞની સર્વોચ્ચ આહૂતિરૂપે અમે આ કન્યાનું બલિદાન આપવાનો સંકલ્પ કરીએ છીએ. મા, તું સર્જનશક્તિ છો, તું જ સંહારકશક્તિ તારું ખપ્પર એ મહાયજ્ઞ છે..હે મહાદેવી, બલિદાનરૂપે અમારા અર્ઘ્યનો સ્વીકાર કર..!**

-અને પછી વિતથનાથે પોતાનું મોઢું પહોળું કર્યું. મને તાળવામાં જોવા હાથથી ઈશારો કર્યો. મેં નીચા વળીને જોયું. તાળવામાં એક મોટું છિદ્ર હતું. એમણે મારા જમણા હાથની વચલી આંગળી ઝાલીને એ છિદ્રમાં પ્રવેશાવી. પૂરી આંગળી પેસી જવા છતાં એ છિદ્રનો અંત પામી શકાતો નહોતો. મને ખૂબ આશ્ચર્ય થયું. મેં આંગળી પાછી ખેંચી લીધી એટલે એમણે કહ્યું:

‘તાળવાને આંગળીના નખથી ખોતરી ખોતરી મેં આજ્ઞાચક્ર અને સહસ્રારને ભેદી નાખ્યા છે. આ બ્રહ્મરંધ્ર છે. આ ખેચરી પ્રયોગ છે... આ ખેચરીની મહત્તા આપણા શાસ્ત્રોએ વર્ણવી છે. હઠયોગીઓ નખ વડે તાળવાને ખોતરી એ સિદ્ધ કરે છે.’

ભારતીય તત્ત્વજ્ઞાનમાં આત્મા કરતાં શરીરને ગૌણ ગણવામાં આવ્યું છે. કેટલાક વિદ્વાનો-ચિંતકોએ તો શરીરને પિંજરું કે કેદખાનું પણ કહ્યું છે. આત્મા કર્મોના કારણે શરીરના બંધનમાં પડે છે અને તેમાંથી કાયમ માટે મુક્તિ મેળવવી એ જ આત્માનું કર્તવ્ય-ધર્મ ગણવામાં આવે છે. આ વિચારસરણીના કારણે અનેક યોગીઓ-અઘોરીઓ-હઠયોગીઓ પોતાના શરીરને પીડે છે. એને નિષ્ક્રિય બનાવે છે. હિમાલયના બરફમાં ઉઘાડા શરીરે રહેવું, ખીલાના બિછાના પર સૂવું, શરીરની સંવેદનશીલ ઈન્દ્રિયોને હથિયારો દ્વારા છેદવી કે દિવસો સુધી જમીનમાં જીવતાં દટાઈ રહેવું એ માન્યતાના કારણે શક્ય બન્યું છે.

અઘોરી વિતથનાથ બસ્સો વર્ષથી પણ વધુ વયના હોય તો એમાં શંકાને કોઈ કારણ નથી. શરીરને અનેક રીતે પીડવામાં જ એમણે એમની જિંદગી વ્યતીત કરી નાખી હતી. જીવ-ચેતના શરીરમાં ઉર્ધ્વગમન કરે છે એમ આ યોગીઓ માને છે. વિતથનાથ યોગીઓ, હઠયોગીઓ અને અઘોરીઓ સાથે રહ્યા છે. કુંડલિની જાગૃત કરવાની યોગિક પદ્ધતિઓની સાધના એમણે કરી પણ સંતોષ ન થયો. એ પછી હઠયોગીના સંપર્કમાં આવ્યા, જેણે એમને તાળવું ખોતરી બ્રહ્મરંધ્ર ભેદવાની આ રીત શીખવી. ત્રીસેક વર્ષની અસહ્ય યાતના પછી એ શક્ય બન્યું.

‘ક્યારેક નિરાશ થતો. વળી નવી આશા સાથે તાળવું ખોતરવા લાગતો. અસહ્ય પીડામાં દિવસો સુધી બેભાન અવસ્થામાં જ પસાર થઈ જતાં અને જાગતો ત્યારે ઘા રુઝાઈ ચૂક્યો હોય, કશું ખાઈ ન શકાય, દૂધ સાથે રક્ત પેટમાં ચાલ્યું જાય, માથું જાણે આખા વિશ્વનું વજન ઊંચકીને ફરતું હોય એમ ભારે લાગે. ત્રીસ ત્રીસ વર્ષ આમ જ વીતી ગયાં. એક દિવસ મેં અનુભવ્યું કે મારી આંગળી સહસ્રારને સ્પર્શી છે. તૃપ્તિનો-સિદ્ધિનો આનંદ મેં પ્રથમ વાર અનુભવ્યો.’

વિતથનાથે આ કહ્યું આમ છતાં આ કહેતા સમયે એમના ચહેરા પર પ્રસંગ યાદ કરવાનો આનંદ નહોતો. એ માટે એ ગર્વ અનુભવતા હોય એમ પણ ન લાગ્યું. એમણે આગળ ચલાવ્યું:

‘વર્ષો વીતી ગયાં એ આનંદને માણતા. એ પછી ચૈતન્યાનંદનો ભેટો થયો.’

‘ચૈતન્યાનંદ?! તમે એને મળ્યા હતા?’

‘હા. એમણે પણ ખેચરી સિદ્ધ કરી હતી. પણ જુદી રીતે. જીભને એટલી લાંબી કરી હતી કે એ ઠેઠ કપાળને અડતી.’

મને યાદ આવ્યું, હું જ્યારે એમની સાથે હતો ત્યારે એ વારંવાર નાકના ટેરવાંને પોતાની જીભ અડાડતાં, કપાળે જીભનો સ્પર્શ કરાવતાં મેં એમને ક્યારેય જોયા ન હતા.

‘ચૈતન્યાનંદના સંપર્કથી મને ભાન થયું કે આવી સિદ્ધિઓનો કશો અર્થ નથી. એ કહેતાઃ ‘આનો શો અર્થ છે? આ કૃપણતા છે. કશુંક મેળવવું-સંઘરવું એ નરી કૃપણતા છે. ત્રીસ વર્ષના સતત પ્રયત્ન પછી કરોડપતિ થઈ શક્યો હોત. હિમાલય ચડી શક્યો હોત, સમ્રાટ બની શક્યો હોત પણ આપણે આ મેળવવા તો સંસારનો ત્યાગ કર્યો નહોતો. બ્રહ્મરંધ્ર ફોડ્યા પછી ફક્ત આનંદ મળે છે પણ એ કંઈક મેળવ્યાનો આનંદ છે. આપ્યાનો આનંદ શાશ્વત છે. તારી કે મારી પાસે આપવા જેવું કશું છે?’

‘એમની આ વાતથી મારી આંખો ઊઘડી ગઈ હતી. વ્યર્થ જીવનના પશ્ચાતાપથી મન ભરાઈ ગયું. ખૂબ જીવ્યો, ખૂબ જીવ્યો, પણ શા માટે?’

વિતથનાથના કરચલીવાળા ચહેરા પર વેદના છવાઈ ગઈ. ચૈતન્યાનંદ પણ એવી જ વેદના સહેતા હતા. મારી આંખમાં આંસુ ઊભરાઈ આવ્યા. ચૈતન્યાનંદની કૃપા યાદ આવી ગઈ. હું પણ સિદ્ધિઓ મેળવવા પાછળ એક દિવસ પાગલ હતો. એમણે ન ચેતવ્યો હોત તો?

કેટલીય વાર ખામોશ રહ્યા પછી મેં શરૂઆત કરી :

‘ભૂલ ક્યાંક થાય છે. ભ્રમણા ભૂલવે છે. આપણી પૂર્વેના અનેક લોકોએ જીવનને ક્યારેક ફક્ત નાટક, તો ક્યારેક સ્વપ્ન અને સજારૂપ કહ્યું છે. દ્વૈત-અદ્વૈતવાદીઓ આત્મા-પરમાત્માના વિચારની આસપાસ ઘૂમ્યા કર્યા છે. પરમાત્માથી દૂર અને પરમાત્માની પાસે જીવનનું સાચું રહસ્ય શોધવાની કોઈએ પરવા જ નથી કરી. રહસ્ય મળી ગયું હોય એમ માનીને વર્તવાથી જ ભ્રમણા થાય છે. હું પણ ભ્રમણાના માર્ગે હતો. ચૈતન્યાનંદે એમના અનુભવો પછી મને ચેતવ્યો. ફરી હું જીવનનું રહસ્ય શોધવા લાગ્યો. સર્જન, સંહાર, પાલન, ફરી નવસર્જન અને એનો સંહાર. લખવું અને ભૂંસવું. ચિતરવું અને ભૂંસવું. શિખવું અને ભૂલવું. જન્મવું અને મરવું, ઊગવું અને આથમવું. આ વિશાળ વિશ્વ ફક્ત નાટક નથી. તુક્કો નથી. સ્વપન નથી. આની પાછળ કશુંક રહસ્ય જરૂર છે.’

‘જ્ઞાન પુસ્તકોમાંથી, પુરાણોમાંથી, વેદોમાંથી, આપણે શોધીએ છીએ. સાચું જ્ઞાન જીવન વિશે સાચું જ્ઞાન જોઈએ તો જીવનમાંથી-પોતાના, બીજાના, જીવનમાંથી શોધવું પડે. અનુભવ, વિચાર, કલ્પના અને વાસ્તવિકતાના અનેક ચકરાવા ભેદ્યા પછી મને સમજાયું કે જીવન હેતુમય છે. માટીમાંથી સુંદર પુષ્પ બને છે અને સૌન્દર્ય અને સુવાસ, પુષ્પના નાશ પછી પણ બાકી રહે છે. જે બાકી રહે છે તે જ સત્ય છે. અનેક મનુષ્યોના જીવન પરથી સમજાય છે કે સ્નેહ જ સર્વોત્તમ ભાવના છે. સ્નેહ-પ્રેમના માનવજીવનનું પરિવર્તન એ જ જીવનનો હેતુ છે. આ સમજ્યા પછી કોઈ સામાન્ય સિદ્ધિ આકર્ષી શકતી નથી.’

‘એ સમજવું આટલું સરળ છે તો મનુષ્યને સમજાતું શા માટે નથી? મનુષ્ય માયાના ચકરાવામાં સતત શા માટે રહેતો નથી?’ વિતથનાથે પૂછયું.

‘જીવન મુખ્યત્વે ત્રણ તત્ત્વોનું બન્યું છે. એક આ જડ શરીર, જડતત્ત્વમાં ક્યારેય આ વિશ્વમાં વધારો-ઘટાડો થતો નથી. ફક્ત પરિવર્તન થાય છે. અન્ન, વાયુ, અગ્નિ, આકાશ, જળ વગેરે તત્ત્વોથી બનેલું શરીર ફરી એમાં જ પરિવર્તન પામે છે. પૃથ્વીના જડતત્ત્વમાં અંશમાત્રનો પણ ઘટાડો થતો નથી. આ પછી બીજું તત્ત્વ છે. ઊર્જા ચેતના જીવ. આ દિપકમાં રહેલ ઇંધણમાં છુપાયેલી શક્તિ છે. જે શરીરને જીવંત રાખે છે. શરીર, અન્ન, જળ, વાયુ, અગ્નિ દ્વારા પોષાતું અને ઊર્જા ગ્રહણ કરતું હોવા છતાં એની શક્તિઓ ક્ષીણ થતી રહે છે. શક્તિનો હંમેશાં ક્ષય થાય છે. સૂર્યશક્તિ પણ ધીરે ધીરે ખૂબ જ ધીરે ધીરે નાશ પામી રહી છે. જગતની સર્વશક્તિ આખરે નાશ પામે જ છે. ત્રીજું તત્ત્વ છે ભાવના. આ જ એક એવું અદૃશ્ય તત્ત્વ છે જે સદા વૃદ્ધિ પામે છે. માટીનું કોડિયું તૂટીને માટીને બને છે. દિપકની શક્તિ નાશ પામે છે. પણ પ્રકાશ અને ઉષ્મા કદી નાશ પામતા નથી. ભ્રમણાના કારણે દિપક બુઝાય ત્યારે પ્રકાશનો નાશ થાય એમ આપણે માનીએ છીએ પણ એ ફેલાયો હોય છે, નાશ પામ્યો હોતો નથી, અનુભવાતો કે દેખાતો નથી. પણ એ ત્યાં આવશ્યક છે જ.

જડતત્ત્વ જીવનના આધારરૂપ છે. શક્તિ એને જીવંત બનાવે છે. જ્ઞાની, શક્તિનું રૂપાંતર શ્રેષ્ઠ ભાવનામાં કરે છે. મોહવશ મનુષ્ય પ્રથમ જડતત્ત્વના પ્રેમમાં પડે છે. શરીર, દ્રવ્ય, જમીન, ઝવેરાત આદિમાં જ એને જીવનનું સાર્થક્ય લાગે છે. આમાં પણ આ દ્રવ્યનો સંગ્રહ કરનાર નીચ છે, કારણ કે આમ કરવા માટે જ એ અન્યને જડતત્ત્વોથી વંચિત રાખવાના ઉપાયો વિચાર્યા કરે છે..બીજા તત્ત્વ શક્તિનો સંગ્રહ કરનારા તમારા જેવા અઘોરીઓ અને રાજા-મહારાજાઓ-સમ્રાટો અને નેતાઓ છે. અન્ય જીવો દુર્બળ રહે એમ એ ઈચ્છે છે. માનસશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન એમના શાસ્ત્રો છે. બુદ્ધિજ્ઞાનના ઉપયોગ પણ જડ અને શક્તિ તત્ત્વોના સંગ્રહ માટે કરવાનું જ આવા લોકો શીખવે છે.

‘ત્રીજું શ્રેષ્ઠ તત્ત્વ ભાવના છે. એ તત્ત્વ સ્વતંત્ર નથી. જડ અને શક્તિના આધારે જ એનો વિકાસ થાય છે. અજ્ઞાન, અધૂરું જ્ઞાન ને ભ્રમણા ભાવનાને સતત જડ અને શક્તિમાં બાંધી રાખવાનો પ્રયત્ન કરે છે. પરમજ્ઞાન કલ્પનાયોગ અને મનની શક્તિનો સાક્ષાત્કાર થતાં જાગૃત થાય છે અને ભાવના, જડ અને શક્તિ તત્ત્વોમાંથી ધીરે ધીરે મુક્ત બને છે. આ પછી ફક્ત પ્રેમની ભાવનામાં જ સમગ્ર ચેતનાનું પરિવર્તન થાય છે. આગનો સ્પર્શ પામ્યા પછી દિપક પ્રકાશવા લાગે છે તેમ.’

‘આ છે જીવનનું રહસ્ય, જીવન એ સ્વપ્ન નથી. નાટક કે કેદ પણ નથી. શક્તિને સ્નેહમાં બદલવાની પ્રક્રિયા છે.’

‘તો આ રહસ્ય સહજ શા માટે નથી? ગૂઢ શા માટે છે? શક્તિને સ્નેહમાં બદલાવું - પલટાવું છે તો અટપટું, ભ્રમણાયુક્ત, માયાયુક્ત જીવન શા માટે?’

વિતથનાથે પૂછયું.

‘માટી જ સુગંધ બની જાય તો ફૂલ બનવાનો આનંદ ક્યાંથી મળે? આનંદ મેળવતાં પ્રેમમય બનવું એ જીવનની પહેલી શરત છે. જીવવા માટે આનંદ આવશ્યક છે. પ્રેમનું સર્જન કરવાનો આનંદ પ્રેમમય બની જવા કરતાં પણ વિશેષ છે. સંહાર, સર્જન, પ્રકૃતિના ગુણ છે. જીવનને આનંદમય બનાવે છે. પ્રેમનો અનુભવ આનંદ વગર થતો નથી અને આનંદ જીવ્યા સિવાય મળતો નથી.’

‘હું બહુ લાંબું જીવ્યો છતાં મેં આનંદનો અનુભવ કર્યો નથી.’ વિતથનાથે પોતાના પાતળા અને એકવડા શરીર પર નજર નાખતા કહ્યું: ‘આ શરીર સાથે મેં ખૂબ સંઘર્ષ કર્યો છે છતાં ય આનંદનો મને અનુભવ થયો નથી.’

‘કાળ પણ સાપેક્ષ છે. જડ, ચેતન અને ભાવનાના સંદર્ભમાં એ બદલાય છે, તમે જડ શરીરમાં શક્તિનો સતત સંચય કરતાં રહ્યા. શક્તિનો સંચય ભ્રામક છે, એમ તમને જ્ઞાન હોત તો તમે આમ ન કરત. યુવાનીમાં મૃત્યુ પામનાર જ્ઞાનેશ્વરે ભાવનાનો સંચય અને વૃદ્ધિ કર્યાં હતાં. આજે પણ એ જીવિત છે. જેટલા ભૂતકાળનું જ્ઞાન પ્રાપ્ત કરી શકો એટલું તમે ભવિષ્યમાં જીવો છો. ભવિષ્યનું જ્ઞાન એટલે બનાવો કે તવારીખનું જ્ઞાન નહીં પણ સત્ય તરફ લઈ જનારું જ્ઞાન. ભાવનાઓ - તમારી સ્નેહમય ભાવનાઓ જીવતી રહે એ જ જરૂરી છે. જડ શરીર હોય કે ન હોય તેથી શો ફરક પડે છે?’

‘આનંદનો અનુભવ તો સર્વને થાય છે. પ્રેમમાં - સ્નેહમાં સંપૂર્ણ પરિવર્તન સહુ માટે શક્ય નથી એમ શા માટે?’

‘સહુ માટે શક્ય છે. જે કર્તવ્ય માટે આપણે જીવતાં હોઈએ એ અશક્ય કેવી રીતે હોઈ શકે. આપણને આપણા કર્તવ્યની ખબર જ ન હોય તો આમ બને. ભૌતિકવાદીઓ પ્રયાસપૂર્વક મનુષ્યને તેના ‘-તો ભૌતિકવાદીઓને સાચા કર્તવ્યની ખબર છે?’

‘ના અને હા, જડતત્ત્વ એટલું વ્યાપક અને આંખ સામે સ્પષ્ટ દેખાય છે કે એમાંથી પ્રાપ્ત થતો આનંદ મનુષ્યને ભ્રમણામાં નાખે છે. આમ છતાં આનંદનો પ્રથમ અનુભવ મનુષ્યને જડ તત્ત્વથી જ થાય છે. સ્ત્રી પ્રાપ્ત કરવી એ જડ આનંદ છે. સંભોગ એ ચેતનાનો આનંદ છે. આ બંને આનંદનું રહસ્ય સમજતાં જ મુક્તિ મળે છે અને ભાવનાત્મક આનંદની શરૂઆત થાય છે. ભૌતિકવાદીઓ જાણે-અજાણ્યે જડ-ચેતન આનંદમાંથી મનુષ્યને મુક્ત થવા દેતા નથી. બીજી તરફ, અધ્યાત્મવાદીઓના - યોગીઓના - તાંત્રિક - માંત્રિકોના, સ્વર્ગ અને સિદ્ધિઓ આનું ઉદાહરણ છે. આનંદ અનુભવ છે અને પ્રેમ પ્રાપ્તિક. બંને એક જ છે. અનુભવ વગરની પ્રાપ્તિ અને પ્રાપ્તિ વગરનો અનુભવ કશા જ કામનો નથી.’

તે દિવસ ચૌદશનો હતો અને મા ચામુંડા મૂર્તિની પ્રતિષ્ઠા થવાની હતી. ચોગાનમાં એ માટેની તૈયારી ચાલી રહી હતી. વિતથનાથ સાથે કલાકોની ચર્ચા બાદ હું નિકુંભઆનંદ સાથે મોડી સાંજે એ વ્યવસ્થા નિહાળતો હતો.

ઘાસ અને માટીમાંથી મૂર્તિ છ-સાત ફૂટ જેટલી ઊંચી બનાવવામાં આવી હતી. ચહેરો રૌદ્ર હતો. ગળામાં સાત ખોપરીઓની માળા ભયાનક લાગતી હતી. ગદા, તલવાર, ભાલો, પાશ ત્રિશૂળ, ચક્ર આદિ આયુધો તેના આઠ હાથમાં આપવામાં આવ્યા હતા. મૂર્તિને રંગીન મણકાઓ અને કોડીઓથી સજાવવામાં આવી હતી. સૂર્યાસ્ત સમયે ચાર અઘોરીઓ એ મૂર્તિને ઊંચકીને યજ્ઞવેદી સમક્ષ લાવ્યા. ત્યાં એક ઊંચા માટીના બનાવેલા ઓટલા પર એને મૂકવામાં આવી.

અંધારું છવાયું અને મશાલો પ્રગટાવવામાં આવી ત્યાં સુધી મંત્રોચ્ચાર ચાલુ હતા. મંત્રોથી દેવીને આહ્વાન કરવામાં આવી રહ્યું હતું. સર્વપ્રથમ દેવીની શક્તિની પ્રશંસા કરવામાં આવી. એ પછી શક્તિની એ દેવીને રક્તનો અભિષેક કરી પ્રાર્થવામાં આવી કે એ ત્યાં હાજર થઈ એમના ભોગનો સ્વીકાર કરે. ડાકલા જેવા કોઈ વાદ્યમાંથી સતત એકધારો એકતાલમાં અવાજ આવી રહ્યો હતો. તે દિવસ નૃત્ય સમયે ધૂણી રહેલો અઘોરી અત્યારે પણ મૂર્તિની સામે બંને હાથમાં સળગતાં લાકડાં ઝાલી નાચી રહ્યો હતો. આ પછી દેવીને માંસ અને મદિરાનો અભિષેક કરવામાં આવ્યો. મદિરા બધા જ અઘોરીઓને પણ પ્રસાદરૂપે વહેંચવામાં આવી. પરાત્પર ભૈરવનાથ, વામદેવ, અદિતી વગેરે એ ટોળામાં જોઈ શકાતા હતા, પણ વિતથનાથ દેખાતા નહોતા. મદિરાનો પ્રસાદ લીધા પછી અઘોરીઓ પણ ગોળ ફરતા નાચવા લાગ્યા હતા. સળગતાં લાકડાં લઈને નાચતો અઘોરી હવે એ સળગતાં લાકડાઓ પોતાના શરીર પર ચાંપતો હતો અને એને કંઈ થતું ન હતું. અઘોરીઓ હર્ષથી ચિચિયારીઓ પાડતા અને પેલો અઘોરી ઉશ્કેરાઈને વધુ મુશ્કેલ પ્રયોગ કરતો હતો. અંતમાં એણે સળગતું લાકડું પોતાના મુખમાં ખોસી દીધું. ભૈરવનાથે એ પછી એ અઘોરીના પ્રયોગોને રોક્યા.

પરાત્પર આગળ આવ્યા. દેવીને નમન કરી એમણે મંત્રોપાસના શરૂ કરી. મંત્રોપાસના પછી વામદેવ બલિદાન માટે લવાયેલી પેલી બારેક વર્ષની છોકરીને દોરી લાવ્યો. છોકરી ત્યારે પોતાના પગ પર ચાલી રહી હતી. સ્વેચ્છાએ જ એ ત્યાં આવી રહી હોય એવો ભાસ થતો હતો. એના બંને હાથોમાં ફૂલો હતાં. એના નાજુક ખભા પર વામદેવનો વિકરાળ પંજો દબાયો હતો. પૂતળાની જેમ ચૂપચાપ એ ત્યાં ઊભી રહી. પરાત્પરે દેવીની મૂર્તિને સંબોધી એ કન્યાના બલિદાનનો સંકલ્પ કર્યો.

‘હે, શક્તિદાત્રી મા, તારી અસીમ કૃપા પામવા અમે આ આહૂતિઓનો યજ્ઞ કરી રહ્યા છીએ. અનેક પ્રકારની આહૂતિઓ આપી અમે તને પ્રસન્ન કરી છે. સિદ્ધિઓરૂપે અમે તારી કૃપા પામ્યા છીએ. યજ્ઞની સર્વોચ્ચ આહૂતિરૂપે અમે આ કન્યાનું બલિદાન આપવાનો સંકલ્પ કરીએ છીએ. મા, તારી સંહારશક્તિને અમારી આ અંજલિ છે. તું સર્જનશક્તિ છો, તું જ સંહારકશક્તિ પણ છો. તારા ખપ્પરમાં કાળ જીવોને હોમે છે. તારું ખપ્પર એ મહાયજ્ઞ છે. કાળે કરીને સર્વ જીવો એમાં આહૂતિ બની હોમાશે. એ મહાયજ્ઞમાં આ બલિદાનરૂપે અમારી સંમતિ પ્રાપ્ત કર. જે યજ્ઞ અમે કરી રહ્યા છીએ એ તારા મહાયજ્ઞનું જ પ્રતીક છે. હે મહાદેવી, બલિદાનરૂપે અમારા અર્ઘ્યનો સ્વીકાર કર.’

વામદેવે છોકરીનો ખભો દબાવ્યો એટલે એણે દેવીના ચરણોમાં ફૂલ ધર્યા, અઘોરીઓ દેવીનો જયજયકાર કર્યો.

આ પછી પરાત્પર લકુલેશે બધાં જ અઘોરીઓને સંબોધીને નાનું પ્રવચન કર્યું. પ્રવચનમાં સાધનાની મહત્તા અને બલિદાનનું રહસ્ય સમજાવવામાં આવ્યું:

‘પ્રકૃતિરૂપી શક્તિના યજ્ઞકુંડમાં મનુષ્યની આહૂતિ આપવી આ અઘોર ધર્મ છે. કુમારી યુવતીની આહુતિ શ્રેષ્ઠ છે. યજ્ઞો, લુપ્ત થઈ રહ્યા છે. યામીઓ યજ્ઞમાં ઘૃત અને શ્રીફળની આહુતિ આપી દેવોની વંચના કરે છે. વામમાર્ગીઓ માટે એ શક્ય નથી. મહાકાળ જીવનું ભક્ષણ કરીને જ તૃપ્તિ અનુભવે છે. વામમાર્ગીઓ માટે એ શક્ય નથી. મહાકાળ જીવનું ભક્ષણ કરીને તૃપ્તિ અનુભવે છે. નિર્બળનું ભક્ષણ કરી બળવાન વધુ શક્તિવાન બને છે. શક્તિવાન બનવું એ જ શ્રેષ્ઠ સાધના છે. શક્તિવાન જ મહાકાળને પ્રસન્ન કરી શકે છે. મહાકાળના પડકારને ઝીલી શકે એ જ એમને પ્રસન્ન કરી શકે છે. અન્ય એનો ભક્ષ છે. કાળપુરુષની શક્તિની આરાધનાથી જ પ્રસન્ન થાય છે. મા ચામુંડા મહાશક્તિ છે. મંત્ર એની વાણી છે. માંસ મદિરા એના ભક્ષ્ય છે. મૈથુન એની સર્જન શક્તિ અને મૃત્યુ સંહારકશક્તિ છે.’

એક યુવાન અઘોરી ધસમસતો આવી પરાત્પર સામે ઊભો રહ્યો મકાન તરફ આંગળી ચીંધી એ કંઈક કહી રહ્યો હતો. કોલાહલ અને ગણગણાટને કારણે સ્પષ્ટ નહોતું સંભળાતું પણ વિતથનાથ અંગે કંઈક કહી રહ્યો હતો. પરાત્પર, અદિતિ, ભૈરવનાથ વગેરે વિતથનાથ જ્યાં રહેતા હતા એ તરફ ગયા. વામદેવ પેલી છોકરીને લઈ ચાલ્યો ગયો. નિકુંભે મારી નજીક આવી ધીરેથી કહ્યું:

‘મહાશય તમે ફરી એક નવી મુસીબત ઊભી કરી છે.’ મેં પ્રશ્નાર્થ ચહેરે એની સામે જોયું.

‘વિતથનાથ આજે સમાધિ લઈ રહ્યા છે.’ સાંભળીને હું ચમક્યો. ‘શા માટે?’ મેં પૂછયું.

‘અહીંના કોઈ પણ અઘોરી કરતાં તમે જ એ સારી રીતે જાણતા હશો.’ નિકુંભ આનંદના જવાબમાં કટાક્ષ હતો. હું ચૂપ રહ્યો.

‘મૃત્યુ એક દિવસ તો સહુને ઝડપવાનું છે.’ વિતથનાથ ઓટલા પર ઊભા ઊભા અઘોરીઓને સંબોધી રહ્યા હતાઃ

‘મેં નિર્ણય કર્યો છે કે એ મહાકાળ મને એના ખપ્પરમાં ખેંચી લે તે પહેલાં હું જ મારા જીવનને આહૂતિરૂપે એના ખપ્પરમાં અર્પણ કરી દઉં. હું ખૂબ લાંબું જીવ્યો છું. જીવનનો મોહ હવે ચાલ્યો ગયો છે. આજે મૃત્યુની પરમશાંતિ મને આકર્ષી રહી છે. સમાધિ લેવાના મારા નિર્ણયને આપ સહુ સ્વીકારશો.’

અઘોરીઓને કંઈ વધુ વિચારવાનો સમય મળે તે પહેલાં તો ભૈરનાથે ‘વિતથનાથની જય’ પોકારાવી પરિસ્થિતિને પોતાના કાબૂમાં લઈ લીધી. વિતથનાથની સમાધિ માટે તૈયારી થવા લાગી ત્યારે પરાત્પરે મને પોતાની પાસે બોલાવ્યો. મારો હાથ ઝાલી એણે કહ્યું: ‘ચાલ, મારી સાથે ચાલ.’ હું પાછળ પાછળ જવા લાગ્યો. મેં પાછળ નજર કરી તો મને લાગ્યું કે અદિતી અમને જોઈ રહી છે.

‘મૃત્યુ વિશે તું શું જાણે છે?’

પરાત્પરનો ઘેરો ગંભીર અવાજ સંભળાયો. અંધકારને કારણે એમના મુખ પરના ભાવો દેખાતા નહોતા. એમના સવાલનો આશય મને સમજાયો નહીં. એ શું મને મૃત્યુની ધમકી દેવા ઈચ્છતાં હતા?

‘આપનો આશય મને સમજાયો નથી.’ મેં કહ્યું.

‘અહીં આવવાનો તમારો આશય તો હવે અમને સમજાવા લાગ્યો છે.’ ખૂબ ગંભીરતાથી એમણે કહ્યું

‘જુવો, કોઈ ગુપ્ત આશય માટે હું અહીં આવ્યો નથી. મેં મારો આશય છુપાવ્યો પણ નથી. મારા વિચારો કોઈ અઘોરીને સ્પર્શે અને એના જીવનની રાહ એ બદલે તો એમાં મારો કોઈ વાંક નથી. અલખઆનંદ અને વિતથનાથ માટે મારા હૃદયમાં ચૈતન્યાનંદ જેટલો જ આદર છે.’

‘..પણ અમે અમારા બે શ્રેષ્ઠ સાથીઓને ગુમાવ્યા છે.’ પરાત્પરના અવાજમાં કંપ અને ક્રોધ સ્પષ્ટ વર્તાતા હતા.

‘એમણે શ્રેષ્ઠ માર્ગ અપનાવ્યો છે.’ મેં દૃઢતાથી કહ્યું.

એટલામાં જ અદિતિએ ત્યાં પ્રવેશ કર્યો. પરાત્પર તરફ ફરી એણે કહ્યું:

‘અંતિમ ઈચ્છા તરીકે વિતથનાથે આમના માટે અભયના વચનની માગણી કરી છે.’ હું ચમક્યો. વિતથનાથને પરાત્પરના કોઈ ઈરાદા વિશે જાણ થઈ હશે કે અદિતિએ જ આ માટે વિતથનાથને પ્રેર્યા હશે?!

પરાત્પર ખામોશ ધૂંધવાતા ઊભા રહ્યા. થોડા સમય પછી એણે મારા તરફ જોઈ કહ્યું:

‘તું જઈ શકે છે, આવતી કાલે તારી વિદાયનો પ્રબંધ કરવામાં આવશે.’

મેં એમનો આભાર માન્યો. એ પછી ઉમેર્યું:

‘તમે મને મૃત્યુ વિશે પૂછયું હતું. ઈચ્છા હોય તો એ વિશે આપને કંઈક કહેવા ઈચ્છું છું.’

‘મારી સાંભળવાની ઈચ્છા નથી.’

મેં અને અદિતિએ વિદાય લીધી. ચાલતાં ચાલતાં મેં કહ્યું:

‘કાલે વિદાય પછી પણ આપ મને હંમેશાં યાદ રહેશો. અહીં રહ્યો એ દરમિયાન આપે મારા તરફ ખૂબ મમતા બતાવી છે.’

અદિતિએ કોઈ જવાબ ન આપ્યો. ફક્ત સ્મિત કર્યું.

ચોગાનમાં ધમાલ શરૂ થઈ ચૂકી હતી. વિતથનાથ મા ચામુંડાની મૂર્તિ સામે બેસી સ્તોત્રો ઉચ્ચારી રહ્યા હતા. અનેક અઘોરીઓ એમાં સૂર પુરાવી રહ્યા હતા.

વિતથનાથ અત્યારે ખૂબ ભવ્ય દેખાઈ રહ્યા હતા. અદિતિજીએ કહ્યું: ‘વિતથનાથની સમાધિના કારણે આજના કાર્યો વિલંબમાં મુકાશે.’ મેં પૂછયું:

‘આજે કયો ખાસ કાર્યક્રમ હતો?’

‘આવતીકાલના બલિદાન માટેની પૂર્વ તૈયારીનો. વિલંબ થશે પણ બલિદાન ચોક્કસ સમયે જ અપાશે. એ નિશ્ચિત છે.’

‘એક સવાલ પૂછું?’ પૂછતાં પહેલાં મેં આજ્ઞા માગી લીધી.

‘પૂછો.’

‘બલિદાન- આ એક નિર્દોષ કન્યાના બલિદાન વિશે તમારો શો મત છે?’

‘આ અમારા સંપ્રદાયનો નિયમ છે- વિધિ છે.’

‘એક હત્યાથી તમે શું પ્રાપ્ત કરી શકશો?’ હત્યા શબ્દથી ચોંકી એમણે કહ્યું:

‘શાસ્ત્રોક્ત રીતે અપાતા બલિદાનને હત્યા કેવી રીતે કહી શકાય? તમારા સામાજિક રાજકીય નિયમો આધિન યુદ્ધ કે દેખાવો દરમિયાન થયેલા મૃત્યુને તમે હત્યા કહેશો?’

‘એક સમજદાર માણસ ચોક્કસ એને હત્યા જ કહેશે.’

‘-તો વિતથનાથને સમાધિ માટે ઉશકેરવા એ પણ હત્યા છે.’ અદિતિજીએ ખૂબ તીખાશથી આ વાક્ય ઉચ્ચાર્યું.

‘ના. આ સ્વૈચ્છિક બલિદાન છે. વિતથનાથ ખૂબ લાંબુ જીવ્યા છે. જિંદગીના થાકને હવે આરામની-ચિરનિદ્રાની જરૂર છે.’

‘-અને અલખઆનંદ?!’

‘એ એમની સિદ્ધિઓની નિરર્થકતા જીરવી ન શક્યા. આમ છતાં એ શું કરવાના છે એનો મને ખ્યાલ હોત તો મેં એમને રોક્યા હોત. કોશિશ અવશ્ય કરી હોત.’

અમે અદિતિજીના ઓરડામાં પ્રવેશ્યા. એ પોતાના ઉચ્ચ આસને કંઈક વિચારના ડાબા હાથનો ટેકો લઈ ઢળીને આરામ કરતાં બેઠાં. ઈશારાથી જ એમણે મને સામે બેસવા સૂચવ્યું.

‘બબ્બે મૃત્યુએ પરાત્પરને ખૂબ જ હચમચાવી મૂક્યા છે.’ અદિતિએ ધીરેથી કહ્યું.

‘આવતી કાલનું બલિદાન એમને વધારે હચમચાવે એમ હું ઈચ્છું છું.’ મેં પણ એટલી જ દૃઢતાથી કહ્યું.

(ક્રમશઃ) ■

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

# કન્યાને દાનમાં અપાય?

જે વસ્તુ ઉધારી તરીકે,

* લોન તરીકે, હપ્તેથી, ભાડેથી, ઉપકાર તરીકે કે

* વેચાતી આપી ન શકાય અને જેના પર ભવિષ્યમાં ક્યારેય દાવો નહીં કરાય તેવી વસ્તુઓના લિસ્ટમાં.

* જ્ઞાનદાન, નેત્રદાન, રક્તદાન, અન્નદાન, વસ્ત્રદાન, પિંડદાન, જીવનદાન, ભૂદાન, અવયવદાન, શરીરદાન વગેરે આવે.

- પ્રત્યેક દાન-બલિદાન ઈશ્વરને, બ્રહ્મને અર્પણ તરીકે જ અપાય છે. તેવી જ રીતે ઉપર દર્શાવ્યા મુજબનાં બધાં દાનો પ્રત્યેક માનવમાં રહેલા બ્રહ્મનાં દર્શન કરીને અપાય છે, આપવા જોઈએ.

એ જ પ્રમાણે કન્યાદાન પણ જમાઈમાં રહેલા

* બ્રહ્મને,

* પ્રેમને,

* સારસંભાળ લેનાર, કક્ષક તથા સખારૂપે જોઈને અપાતું હોય તેમ લાગે છે.

- જેમાં બદલાની આશા હોય તેને દાન કહી શકાય નહીં.

* ભિક્ષુકને અપાતા પૈસા, શ્રમદાન વગેરેમાં પણ બદલાની-વળતરની આશા હોતી નથી.

* ભારત છોડી દુનિયાના કોઈ પણ દેશમાં ‘કન્યાદાન’ શબ્દ દેખાતો નથી.

* ભારતમાં પણ ઘણા ધર્મ અને ભાષાના લોકો વસે છે, તેમાં પણ અમુક ધર્મ-જ્ઞાતિના લોકોમાં જ ‘કન્યાદાન’ શબ્દ વપરાય છે.

- હવે લગ્ન કરનારા મોટે ભાગે શિક્ષિત તથા જોબ કે બિઝનેસ કરી આર્થિક રીતે પગભર રહી શકે તેવા હોય છે.

- ભિન્નભિન્ન ધર્મ,

- ભાષા, પ્રદેશ કે

- બે જુદા દેશવાસીઓ વચ્ચે પણ પ્રેમસંબંધના લીધે લવમેરેજ થતાં હોય છે. તેમાંની અમુક યુવતીઓને ‘કન્યાદાન’ શબ્દમાં અપમાન જેવું પણ લાગે છે.

- તેઓ માને છે કે ‘કન્યા’ એ કંઈ મા-બાપની મિલકત નથી કે ‘દાન’માં આપી શકાય.

* દાનમાં એ જ વસ્તુ આપી શકાય જેની માલિકી આપણી હોય,

* ખરીદીને કે ખરીદેલી હોય.

* પોતાના શરીરમાંથી કાઢીને આપવી હોય.

* મરણ પહેલાં કે મરણ પછી

* બીજાનું શરીર,

* બીજાનું જીવન કે

* બીજાના અવયવ કેવી રીતે આપી શકાય?

- મા-બાપ ટ્રસ્ટી તરીકે,

- પ્રેમાળ પિતા તરીકે જરૂર સલાહ-સૂચન આપી શકે-માલિકી તરીકેનો ભાવ ન આવવો જોઈએ.

- સત્ય ક્યા પક્ષે છે તે તો ભવિષ્યમાં જ ખબર પડે.

## લગ્ન તો કરો જ!

એક યુવાનને લગ્ન કરવાની ઈચ્છા નહોતી. એના કુટુંબીજનો એને ખૂબ જ દબાણ કરતા હતા. એથી એ મહાન-જગવિખ્યાત તત્ત્વજ્ઞાની સૉક્રેટિસ પાસે સલાહ લેવા ગયો.

સૉક્રેટિસનું લગ્નજીવન સુખી નહોતું કેમ કે એની પત્ની કર્કશા હતી.

- યુવાનને ખાતરી હતી કે આવા અનુભવવાળો માણસ લગ્ન કરવાની સલાહ ના જ આપે.

- પણ સૉક્રેટિસે તો તરત જ કહ્યું,

- ‘તમે લગ્ન તો ચોક્કસ કરો.’

- ‘યુવાને આશ્ચર્યથી પૂછ્યું.’

- ‘તમે આમ કેમ કહો છો?’

- ‘એટલા માટે કે જો તમને સારી સ્ત્રી મળશે તો તમારું જીવન સુખી થશે અને કર્કશા સ્ત્રી મળશે તો તમે તત્ત્વજ્ઞાની બનશો.’

- ‘બન્ને પરિસ્થિતિમાં લગ્નથી તમારું કલ્યાણ જ થવાનું છે.’ ■



# સુશાંતસિંહ રાજપૂતના મોતની હવે એસઆઈટી પાસે ફરી તપાસ કરાવો

## વિધાનસભામાં ભાજપના સભ્ય રામ કદમની જોરદાર માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાજપના વિધાનસભ્ય રામ કદમે બુધવારે એવો આરોપ લગાવ્યો હતો કે ઉદ્ધવ ઠાકરેની સરકારે સુશાંત સિંહ રાજપૂતના મૃત્યુના કેસમાં પુરાવાઓનો નાશ કર્યો હતો અને એવી માગણી કરી હતી કે દિશા સાલિયનના મૃત્યુના કેસમાં થનારી એસઆઈટીની તપાસમાં સુશાંત સિંહ રાજપૂતની મૃત્યુની પણ તપાસ કરવામાં આવે.

મહારાષ્ટ્ર વિધાનસભામાં રામ કદમે આ માગણી કરી હતી. અહીં ઉલ્લેખનીય છે કે સીબીઆઈ (સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન) દ્વારા ગયા અઠવાડિયે સુશાંત સિંહ રાજપૂતના કથિત આત્મહત્યાના કેસમાં ક્લોઝર રિપોર્ટ ફાઈલ કરવામાં આવ્યો હતો.

કદમે કહ્યું હતું કે આ કેસ ૬૮ દિવસ પછી સીબીઆઈને હસ્તાંતરિત કરવામાં આવ્યો હતો. બિહાર પોલીસ જેમણે રાજપૂતના મૃત્યુ સંબંધે ગુનો નોંધ્યો હતો, તેમને તપાસ હાથ ધરવા દેવામાં આવી નહોતી.

સુશાંતના ઘરને પુરાવા નાબૂદ કર્યા બાદ મકાનમાલિકને સોંપી દેવામાં આવ્યું હતું. ઘરમાંથી ફર્નિચર કાઢી નાખવામાં આવ્યું હતું. ઘરમાં નવો રંગ કરવામાં આવ્યો હતો. એ બાબતની તપાસ થવી જોઈએ કે આ બધું પુરાવા નાબૂદ કરવાના હેતુથી કરવામાં આવ્યું હતું ?, એવો સવાલ રામ કદમે કર્યો હતો.

કદમે એવી પણ માગણી કરી હતી કે ત્યારના મુખ્ય પ્રધાન અને શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેની અને સુશાંતની ગર્લફ્રેન્ડ રિયા ચક્રવર્તીની પુરાવા નાબૂદ કરવામાં ભૂમિકાની તપાસ થવી જોઈએ. દિશા સાલિયનના મૃત્યુની તપાસ માટે નિયુક્ત કરવામાં આવેલી એસઆઈટીને બંને કેસની તપાસ સાથે સોંપવી જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

નાના પટોલેએ આનો વિરોધ કરતાં કહ્યું હતું કે જ્યારે બંધારણના ૭૫ વર્ષ પર ચર્ચા ચાલી રહી છે ત્યારે આ બાબતની પરવાનગી કેવી રીતે આપી શકાય.

આના વિરોધમાં વિપક્ષે વોકઆઉટ કર્યો હતો.

બીજી તરફ પ્રધાન શંભુરાજે દેસાઈએ રાજ્ય સરકાર વતી બોલતાં કહ્યું હતું કે આ પહેલાં જ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે કે દોષીને છોડવામાં આવશે નહીં. દિશાના પિતા દ્વારા પોલીસને આપવામાં આવેલી બધી જ માહિતીની તપાસ કરવામાં આવશે.

શિવસેના (યુબીટી)ના વિધાનસભ્ય વરુણ દેસાઈએ એવો સવાલ કર્યો હતો કે ભાજપ-શિવસેનાની સરકાર કેન્દ્રની ભાજપ સરકાર હેઠળ કામ કરતી સીબીઆઈને કેમ અવમૂલ્યન કરી રહી છે?

સુશાંત કેસ પાંચ વર્ષ જૂનો છે. છેલ્લા ત્રણ વર્ષથી તમે જ સત્તામાં છો, એમ તેમણે કહ્યું હતું.

શંભુરાજ દેસાઈએ કહ્યું હતું કે સરકાર સીબીઆઈની તપાસને પડકારવાનો કોઈ હેતુ ધરાવતી નથી. દિશાના પિતા પોલીસને મળ્યા હતા અને તેમણે એવું કહ્યું છે કે તેમની પાસે ઘણી નવી માહિતી છે. તેની તપાસ કરવી આવશ્યક છે.

તેમણે એવો ટોણો માર્યો હતો કે ઉદ્ધવ ઠાકરેની સરકારમાં હું રાજ્યકક્ષાનો ગૃહ પ્રધાન હતો અને ત્યારે મને શીખવવામાં આવ્યું હતું કે કોઈને અન્યાય ન થવો જોઈએ. ■



**માગણી મનાવવા કોઈ ટાંકી પર ચડે, કોઈ ઝાડ પર...:** ખેડૂતોને મળતા પાકના ભાવ અને ઓર્ગેનિક ફાર્મિંગને સંબંધી માગણીઓ સાથે ઈશ્વર શિંદે નામનો આ યુવક વિધાનસભા સામે તિરંગા સાથે ઝાડ પર ચડ્યો હતો પણ કેટલીક સમજાવટ પછી કલાકે નીચે ઊતર્યો હતો. (જયપ્રકાશ કેળકર)

# વિધાન પરિષદમાં કામરા વિરુદ્ધ વિશેષાધિકાર ભંગની નોટિસ

મુંબઈ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની ઠેકડી ઊડાડતા ગીત બદલ સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરા સામે ગઈ કાલે વિધાન પરિષદમાં વિશેષાધિકાર ભંગની નોટિસ આપવામાં આવી હતી.

ભાજપના ધારાસભ્ય પ્રવીણ દરેકરે કામરા ઉપરાંત શિવસેના (યુબીટી)નાં પ્રવક્તા સુષ્મા અંધારે સામે નોટિસ રજૂ કરી હતી.

કુણાલ કામરાએ નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેના વ્યક્તિગત અને અપમાનજનક સંદર્ભો ધરાવતું ગીત રજૂ કર્યું હતું, એમ દરખાસ્ત રજૂ કરતા વિધાન પરિષદના નેતા દરેકરે જણાવ્યું હતું.

અંધારેએ પ્રદર્શનને ટેકો આપ્યો હતો અને વાંધાજનક ભાષાનો ઉપયોગ કર્યો હતો, જે ગૃહનું અપમાન છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

કામરા અને અંધારે બંનેએ તેમની ટિપ્પણી દ્વારા કાયદાકીય સંસ્થાઓની ગરિમાનો અનાદર કર્યો હતો, એમ દરેકરે દાવો કર્યો હતો.

આ નોટિસને વિશેષાધિકાર સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવે તે પહેલાં કાઉન્સિલના ચેરમેન રામ શિંદે દ્વારા મંજૂરી મેળવવી પડશે. જો સમિતિ તેને મંજૂરી આપે છે, તો આ પ્રસ્તાવ પર ગૃહમાં ચર્ચા કરવામાં આવશે.

સુધીર મુનગંટીવાર (ભાજપ) એ કહ્યું કે વિશેષાધિકાર સમિતિના સભ્યોનું નામ વહેલામાં વહેલી તકે જાહેર કરવું જોઈએ.

પ્રિસાઇડિંગ ઓફિસર સંજય કેળકરે કહ્યું હતું કે સ્પીકર રાહુલ નાર્વેકર નોટિસ પર નિર્ણય લેશે. (પીટીઆઈ) ■

# કબરથી કામરા સુધી: વિધાનસભાના તોફાની સત્રનો અંત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણને બુધવારે રાજ્ય વિધાનમંડળના બંને ગૃહોના કામકાજને ત્રણ અઠવાડિયા લાંબા અધિવેશન બાદ બુધવારે સ્થગિત કર્યું હતું. આ અધિવેશનમાં ઔરંગઝેબની કબર, નાગપુરની હિંસા અને કુણાલ કામરાના મુદ્દે ભારે ધમાલ જોવા મળી હતી.

રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરે વિધાનસભામાં અને વિધાનપરિષદના સ્પીકર રામ શિંદેએ વિધાન પરિષદમાં રાજ્યપાલના આદેશને વાંચી સંભળાવ્યો હતો. રાજ્ય વિધાનસભાનું ચોમાસુ સત્ર જૂન મહિનામાં આયોજિત કરવામાં આવશે.

વિધાનસભાના બજેટ સત્રનો પ્રારંભ ત્રીજી માર્ચે થયો હતો અને વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ ૧૦ માર્ચે રજૂ કરવામાં આવ્યું હતું.

આ અધિવેશનમાં સમાજવાદી પાર્ટીના વિધાનસભ્ય અબુ આઝમીનું સસ્પેન્શન જોવા મળ્યું હતું.

નાગપુરમાં ઔરંગઝેબની કબરને હટાવવાના મુદ્દે થયેલા આંદોલન બાદ ૧૭ માર્ચે થયેલી હિંસાને પગલે વિધાન મંડળના બંને ગૃહોમાં સત્તાધારી બેન્ચ અને વિપક્ષી બેન્ચ દ્વારા કાયદો અને વ્યવસ્થાને મુદ્દે ભારે બોલાચાલી જોવા મળી હતી.

દિશા સાલિયનના મૃત્યુના કેસમાં તેમના પિતા દ્વારા કરવામાં આવેલી પિટિશનને પગલે શિવસેના (યુબીટી)ના વિધાનસભ્ય આદિત્ય ઠાકરે અને અન્યો સામે ગુનો નોંધવાની માગણીને કારણે સત્તાધારીઓ અને વિપક્ષ વચ્ચે સંઘર્ષ જોવા મળ્યો હતો.

કોમેડિયન કુણાલ કામરા દ્વારા શિવસેનાના નેતા અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સામે કરવામાં આવેલા નિવેદનોના પડઘા બંને ગૃહોમાં જોવા મળ્યા હતા. અધિવેશનના છેલ્લા દિવસે કામરા સામે વિધાન પરિષદ દ્વારા વિશેષાધિકાર ભંગની નોટિસ ફટકારવામાં આવી હતી.

વિધાનસભાએ સામાજિક કાર્યકર્તા દંપતિ મહાત્મા જ્યોતિરાવ ફૂલે અને સાવિત્રીબાઈ ફૂલેને ભારત રત્ન આપવાની ભલામણ કેન્દ્ર સરકારને મોકલી છે. ■

# વિધાન પરિષદના અધ્યક્ષ સામેનો અવિશ્વાસ પ્રસ્તાવ વિપક્ષે પડતો મૂક્યો

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં વિપક્ષે ગઈ કાલે અધ્યક્ષ રામ શિંદે સામેનો અવિશ્વાસ પ્રસ્તાવ પાછો ખેંચી લીધો, અને કહ્યું કે તેમને ઉપલા ગૃહમાં ન્યાયી વર્તનની ખાતરી આપવામાં આવી છે.

વિપક્ષી નેતા અને શિવસેના (યુબીટી) ના ધારાસભ્ય અંબાદાસ દાનવેએ અધ્યક્ષ કાર્યાલયને એક પત્ર સુપરત કર્યો જેમાં ૧૯ માર્ચે રજૂ કરાયેલી તેમની દરખાસ્ત પાછી ખેંચી લેવામાં આવી હતી.

તેમણે તેમના પત્રમાં કહ્યું કે, "ઉપલા ગૃહમાં બંને પક્ષના ધારાસભ્યોને લાગ્યું કે અધ્યક્ષ દ્વારા તેમનો અવાજ સાંભળવામાં આવ્યો નથી. તેમની સામે ૧૯ માર્ચે અવિશ્વાસનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે ૨૧ માર્ચે એક બેઠક યોજાઈ હતી અને અમને ઉપલા ગૃહમાં ન્યાયી વર્તનનું ખાતરી આપવામાં આવી હતી. તેથી અમે અધ્યક્ષ શિંદે સામેનો અવિશ્વાસ પ્રસ્તાવ પાછો ખેંચવાનો નિર્ણય લીધો છે." ■

# અન્ના બનસોડે મહારાષ્ટ્ર વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર ચૂંટાયા

મુંબઈ: એનસીપીના ધારાસભ્ય અન્ના બનસોડે ગઈ કાલે સર્વાનુમતે મહારાષ્ટ્ર વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર તરીકે ચૂંટાયા.

ત્રણ ટર્મથી ધારાસભ્ય બનેલા બનસોડે નાયબ મુખ્યપ્રધાન અને એનસીપીના વડા અજિત પવારના નજીકના સાથી છે.

બનસોડેને ડેપ્યુટી સ્પીકર તરીકે ચૂંટવા માટેની દરખાસ્ત પવાર દ્વારા રજૂ કરવામાં આવી હતી અને ભાજપના ચંદ્રકાંત પાટીલે તેને સમર્થન આપ્યું હતું.

મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસ (ભાજપ), તેમના ઉપપ્રમુખ એકનાથ શિંદે (શિવસેના) અને અજિત પવાર અને વિપક્ષી નેતાઓ સહિત વિવિધ રાજકીય પક્ષોના સભ્યો, બનસોડેને તેમની બેઠક સુધી લઈ ગયા હતા.

અનુસૂચિત જાતિ સમુદાયના બનસોડે પુણે જિલ્લાના પિંપરીથી ત્રણ વખત ધારાસભ્ય રહ્યા છે.

૨૦૧૯ માં, અવિભાજિત એનસીપીના આદિવાસી ધારાસભ્ય નરહરિ ઝિરવાલ ડેપ્યુટી સ્પીકર તરીકે ચૂંટાયા હતા. તેઓ હાલમાં ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ સરકારમાં મંત્રી છે. ■

# ડ્રોન સાથે ઍરપોર્ટ પર પકડાયેલો અફઘાની શું આતંકવાદી છે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પરથી પોલીસે અફઘાનિસ્તાનના યુવકની ધરપકડ કરી તેની પાસેથી ડ્રોન, બે મોબાઈલ ફોન અને એક લૅપટોપ જપ્ત કર્યાં હતાં. યુવક આતંકવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલો હોવાની શંકાને આધારે મહારાષ્ટ્ર એન્ટી ટેરરિઝમ સ્ક્વોડે (એટીએસ) તેની તપાસ હાથ ધરી હતી.

સહાર પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ અજમલ ખાન હમદર્દ (૨૭) તરીકે થઈ હતી. અફઘાનિસ્તાનના કાબૂલના વતની અજમલે આધાર કાર્ડ, પૅન કાર્ડ અને કોલકતાના રહેઠાણ સંબંધી બોગસ દસ્તાવેજોને આધારે કોલકતામાંથી ભારતીય પાસપોર્ટ પ્રાપ્ત કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું.

અજમલ સંબંધી શંકાસ્પદ માહિતી સામે આવતાં જ એટીએસની ટીમ મંગળવારે સહાર પોલીસ સ્ટેશને પહોંચી હતી. પોલીસના જણાવ્યા મુજબ હમદર્દે દુબઈ જવા માટે ૨૩ માર્ચની ફ્લાઈટની ટિકિટ બુક કરાવી હતી. ઍરપોર્ટ પર ઈમિગ્રેશન અધિકારીને અજમલના પાસપોર્ટને જોતાં શંકા ગઈ હતી. તેણે આમીર ખાનના નામનો પાસપોર્ટ રજૂ કર્યો હતો. પાસપોર્ટ પર કોલકતાનું ખોટું સરનામું હતું. અમુક પ્રશ્નોના ઉત્તર તે સરળતાથી આપી શક્યો નહોતો. પરિણામે તેને સહાર પોલીસના તાબામાં સોંપાયો હતો.

આરોપી પાસેના બે મોબાઈલ ફોનને પોલીસે તાબામાં લીધા હતા, જેમાંથી એકમાં અજમલના નામનો જીમેઈલ હતો. આ મેઈલને આધારે પોલીસે તેનું સાચું નામ-સરનામું શોધી કાઢ્યું હતું. પોલીસનું કહેવું છે કે અગાઉ અનેક વાર અજમલ અફઘાનિસ્તાનના પાસપોર્ટ પર ભારત આવી ચૂક્યો છે, પરંતુ અત્યારે તેણે દુબઈ જવા માટે શા માટે બનાવટી ભારતીય પાસપોર્ટ તૈયાર કરાવ્યો તેની તપાસ કરવામાં આવી રહી છે. ■



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| टंचाई | ટીખળ |
| टम्या | અચાનક |
| टणक | લુચ્ચું |
| टपकन | અછત |
| टवाळी | કઠણ |

## ઓળખાણ પડી?

સોનેરી સુમન તરીકે પણ ઓળખાતા આ વૃક્ષની ઓળખાણ પડી? કેરળમાં રાજ્ય વૃક્ષનો દરજ્જો પ્રાપ્ત થયો છે આ ફૂલને.



અ) પલાશ બ) કેસુડો ક) ગરમાળો ડ) અઘેડો

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ નં | દ | ૨ ન | ૩ વ | ન | ■ | ૪ ર | ૫ મ | ણી | ય |
| દ | ■ | ૬ મ | દ | ■ | ૭ શિ | ખ | રો | ■ | ■ |
| ૮ કું | ૯ દ | ન | ■ | ૧૦ ભા | ય | ડા | ■ | ૧૧ આ | ૧૨ હા |
| ૧૩ વ | ર | ■ | ૧૪ સાં | ભ | ળ | વું | ■ | ૧૫ ચા | ઉ |
| ૧૬ ર | બ | ર | ■ | લ | ■ | ■ | ૧૭ સા | ર | સ |
| ■ | દ | ■ | ૧૮ વ | ડી | લ | ■ | ગ | ■ | બો |
| ૧૯ આ | ર | ૨૦ પા | ર | ■ | ■ | ૨૧ ખા | ર | ૨૨ પા | ટ |
| નં | ■ | ૨૩ ર | દ | ■ | ૨૪ ચ | ટ | ■ | રો | ■ |
| ૨૫ દિ | ૨૬ વ | ■ | ■ | ૨૭ સો | મ | ■ | ૨૮ બે | ■ | ૨૯ વા |
| ૩૦ ત | રો | તા | જા | ■ | ૩૧ ન | ક્સ | લ | વા | દી |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | ■ | ૫ | |
| | ■ | | ■ | ૬ | ■ | | | | ■ |
| ૭ | ૮ | | ૯ | | ■ | ૧૦ | ૧૧ | ■ | ૧૨ |
| ૧૩ | | ■ | ૧૪ | | | ■ | ૧૫ | | |
| ■ | ૧૬ | ૧૭ | | ■ | | ૧૮ | | ■ | |
| ૧૯ | | | ૨૦ | ■ | ૨૧ | | | ૨૨ | |
| ૨૩ | | ■ | ૨૪ | ૨૫ | ■ | | | | ■ |
| | ■ | ૨૬ | ■ | | ■ | ૨૭ | ૨૮ | | ૨૯ |
| ૩૦ | | | ■ | ૩૧ | ૩૨ | | | ■ | |
| | ■ | ૩૩ | | | | ■ | ૩૪ | | |

**આડી ચાવી**

૧. અનેક, ઘણાં (૪)
૩. રોગ (૨)
૫. તમારે ઊંટ વિના નહીં ચાલે (૨)
૭. લગનિયું, વર તરફથી કન્યાને મોકલાય (૫)
૧૦. --- મૂકવો એટલે રસિક બનાવવું (૨)
૧૩. આકાશ (૨)
૧૪. એક જાતનો સાડલો (૩)
૧૫. દબાણ (૩)
૧૬. રસ્તો (૨)
૧૮. પર્વત (૨)
૧૯. એક ઋષિ (૪)
૨૧. નીચે ઉતરવું તે, ટાંચણ (૫)
૨૩. ખેંચાણ, ટેન્શન (૨)
૨૪. શંકા (૨)
૨૭. વ્યવસાય, ધંધો (૪)
૩૦. ધાતુના ખખડવાના અવાજ (૩)
૩૧. ગાંધીજી --- ઉપવાસ કરતા (૪)
૩૩. એક મણ + પા મણ (૪)
૩૪. ઊંડો પહોળો ખાડો કે બખોલ (૩)

**ઊભી ચાવી**

૧. સારી રીતે, ચલાવવું તે (૪)
૨. અટકાવ, કેદ (૩)
૪. નફરત, ઘૃણા (૩)
૫. છુટ્ટી (૨)
૬. સામેલગીરી (૪)
૮. અમૂઝણ (૫)
૯. --- કરવા એટલે અદૃશ્ય થવું (૨)
૧૧. મૃત્યુ પામેલ (૪)
૧૨. આચ્છાદન, પડદો, અંતરાય (૪)
૧૭. ભૂખ્યો માણસ કોઈપણ --- જાય (૨)
૧૮. નવલકથા લખનાર (૫)
૧૯. આબોહવા (૫)
૨૦. કાબૂમાં, તાબામાં (૨)
૨૨. રસિક સ્ત્રી (૩)
૨૫. ખૂનેરજી, કાપાકાપી (૪)
૨૬. ખૂબ સરસ, મજાનું (૩)
૨૮. અંકોડો (૩)
૨૯. તૂટી જાય એવું, જિર્ણ (૩)
૩૨. વીસ કિલોનું જૂનું માપ (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ સ્ત્રીના સગા જેઠાણીના એક માત્ર દિયરના સસરાના એક માત્ર પુત્રનો દીકરો સગપણમાં એ સ્ત્રીને શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) કાકા બ) ભત્રીજો ક) દિયર ડ) ભાણેજ

## જાણવા જેવું

ગેડીદડાની રમત હોકી જેવી ભારતની રાષ્ટ્રીય લોકરમત છે. ગેડીદડાની રમતમાં દડો વજનદાર હોવાથી ખેલાડીના કાંડાને વધારે તાકાતની જરૂર પડે છે. આ રમતમાં દડો લૂગડાંને સખત ગૂંથીને બનાવેલો ૧૮થી ૨૨ સેમી. વ્યાસનો હોય છે. તથા ગેડી કાંડાની જાડાઈ જેટલી તેમજ હોકી સ્ટિકની જેમ એક છેડેથી જરાક વળેલી હોય છે.

## સુડોકુ-૮૦૪૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | ૯ | | ૨ | | | ૮ | |
| ૩ | | ૧ | ૮ | ૭ | ૬ | | ૫ | |
| | | | ૪ | | | ૩ | ૨ | |
| | ૮ | | | ૩ | | ૨ | | |
| | | | ૨ | | ૮ | | | |
| | | ૨ | | ૧ | | | ૭ | |
| | ૪ | ૮ | | | ૩ | | | |
| | ૬ | | ૭ | ૪ | ૫ | ૯ | | ૮ |
| | ૧ | | | ૮ | | ૫ | ૪ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૪૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૧ | ૭ | ૩ | ૮ | ૫ | ૪ | ૨ | ૯ |
| ૩ | ૯ | ૮ | ૪ | ૭ | ૨ | ૧ | ૬ | ૫ |
| ૫ | ૪ | ૨ | ૯ | ૧ | ૬ | ૩ | ૭ | ૮ |
| ૯ | ૮ | ૪ | ૨ | ૩ | ૧ | ૭ | ૫ | ૬ |
| ૨ | ૫ | ૧ | ૬ | ૯ | ૭ | ૮ | ૪ | ૩ |
| ૭ | ૬ | ૩ | ૮ | ૫ | ૪ | ૯ | ૧ | ૨ |
| ૧ | ૩ | ૫ | ૭ | ૨ | ૯ | ૬ | ૮ | ૪ |
| ૮ | ૨ | ૬ | ૧ | ૪ | ૩ | ૫ | ૯ | ૭ |
| ૪ | ૭ | ૯ | ૫ | ૬ | ૮ | ૨ | ૩ | ૧ |

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં નાની કન્યાનો સમાનાર્થી શબ્દ સંતાઈને બેઠો છે એ શોધી કાઢો જોઉં.

સોસાયટીના પ્રાંગણમાં હોબાળા પછી અસ્વસ્થતા ફેલાઈ ગઈ.

## નોંધી રાખો

ભૂલા પડવાનો ફાયદો એ છે કે નવા માર્ગ મળે છે, અજાણ્યાનો સંગ થાય છે અને જાણીતાઓની પરખ પણ થાય છે.

## માઈન્ડ ગેમ

ઈન્ડોર ગેમ્સમાં ચપળતા અને ઝડપ માટે પ્રખ્યાત ટેબલ ટેનિસની રમત અન્ય કયા નામથી પણ જાણીતી છે એ જણાવો.

અ) પિંગ પોન્ગ બ) લેક્રોસ ક) ઉનો ડ) ઝેન્ગા

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| लाट | ભરતી |
| लकाकी | ઝગમગાટ |
| लौकिक | દુન્યવી |
| लवकर | જલદી |
| लवण | મીઠું |

ગુજરાત મોરી મોરી રે
બહેન

ઓળખાણ પડી?
લજામણીનો છોડ

માઈન્ડ ગેમ
ટેનિસ

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
રજ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. ભારતી પ્રકાશ કટકિયા (૨) પ્રકાશ કટકિયા (૩) સુભાષ મોમાયા (૪) મુલરાજ કપૂર (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) નીતા દેસાઈ (૭) વિભા મહેશ્વરી (૮) ખુશરૂ કાપડિયા (૯) લજિતા ખોના (૧૦) શ્રદ્ધા આસર (૧૧) પુષ્પા પટેલ (૧૨) હર્ષા મહેતા (૧૩) ભારતી બુચ (૧૪) મહેશ દોશી (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન ઔરંગાબાદવાલા (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) પ્રવીણ વોરા (૨૦) મહેન્દ્ર લોઢાવિયા (૨૧) મીનળ કાપડિયા (૨૨) નૂતન વિપીન શાહ (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) જ્યોતિ ખાંડવાલા (૨૬) ભાવના કર્વે (૨૭) વિણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) જ્યોત્સના ગાંધી (૩૦) રમેશ દલાલ (૩૧) ઈનાક્ષી દલાલ (૩૨) હિના દલાલ (૩૩) કલ્પના આશર (૩૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૫) અંજુ ટોલિયા (૩૬) જગદીશ ઠક્કર (૩૭) નંદકિશોર સંજાણવાળા (૩૮) જગદીશ ઠક્કર (૩૯) મહેશ સંઘવી (૪૦) અરવિંદ કામદાર (૪૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૨) મહેશ દોશી (૪૩) અલકા વાણી (૪૪) ધીરેન ઉદેશી (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૯) જયવંત પદમશી ચિખલ (૫૦) શિલ્પા શ્રોફ

# અમદાવાદ મનપાનો સપાટોઃ પ્રોપર્ટી ટેક્સ મુદ્દે એક જ દિવસમાં ૪૨૪૨ મિલકતો સીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પ્રોપર્ટી ટેક્સની વસુલાત મુદ્દે ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જેના એક જ દિવસમાં ૪૨૪૨ મિલકતો સીલ મારવામાં આવી હતી. આ મિલકતો સીલ મારી રૂ. ૧૪.૭૩ કરોડની વસૂલાત કરવામાં આવી હતી. સૌથી વધુ પશ્ચિમ ઝોનમાં ૧૮૫૦ મિલકતો સીલ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. આગામી દિવસોમાં પણ કોર્પોરેશન દ્વારા સીલ અંગેની ઝુંબેશ ચાલુ રાખશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રોપર્ટી ટેક્સ વસુલાતની કામગીરી હાલમાં ચાલી રહી છે. જેમાં ટ્રીગર ઈવેન્ટ અંતર્ગત મંગળવારના રોજ બાકી કરદાતાઓ પૈકી ૪૨૪૨ મિલકતોને સીલ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. જેમાં સૌથી વધુ ૧૮૫૦ મિલકતો પશ્ચિમ ઝોનમાં સીલ કરવામાં આવી હતી. જ્યારે દક્ષિણ ઝોનમાં સૌથી વધુ આવક રૂ. ૩.૧૬ કરોડની વસૂલવામાં આવી છે. આમ, એક જ દિવસમાં રૂ. ૧૪.૭૩ કરોડની વસૂલાત કરવામાં આવી હતી.

મધ્ય ઝોનમાં ૫૫૦ જેટલી મિલકતો સીલ કરવામાં આવી હતી અને રૂ. ૨.૪૩ કરોડની વસુલાત કરાઈ હતી. જે એકમો સીલ મારવામાં આવ્યા તે શાહપુર, રેંટિયાવાડી, ડબગરવાડ, જોર્ડન રોડ, અસારવા ગામ, ખાડીયા વિસ્તારના હોવાનું બહાર આવ્યું છે. જ્યારે ઉત્તર ઝોનમાં ૪૧૨ મિલકતો સીલ કરી રૂ. ૧.૧૫ કરોડની વસૂલાત કરાઈ છે. જેમાં આંબાવાડી વિસ્તારની કોમર્સિયલ મિલકતો, નાના ચિલોડા, સરદારનગર તથા કોતરપુર વિસ્તારની મિલકતોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત દક્ષિણ ઝોનમાં ૩૭૭ મિલકતો સીલ કરવામાં આવી છે અને રૂ. ૩.૧૬ કરોડની વસૂલાત કરાઈ હતી. જેમાં બહેરામપુરા, મણિનગર, નારોલ, ગીતામંદિર, રબારી કોલોની સહિતના વિસ્તારોની મિલકતોનો સમાવેશ થાય છે.

પૂર્વ ઝોનમાં ૪૬૭ મિલકતો સીલ કરી રૂ. ૧.૩૬ કરોડની વસુલાત કરવામાં આવી હતી. જ્યારે પશ્ચિમ ઝોનમાં સૌથી વધુ ૧૮૫૦ મિલતતો સીલ કરી રૂ. ૨.૩૪ કરોડની વસુલાત કરાઈ હતી. પશ્ચિમ ઝોનમાં દિલીપ શોપીંગ સેન્ટર, વાસણા, સાબરમતી, ચાંદખેડા, પેલેડીયમ મોલ, હાઈવે મોલ, નવરંગપુરાની મિલકતોનો સમાવેશ થાય છે.

જ્યારે ઉત્તર પશ્ચિમ ઝોનમાં ૩૫૪ મિલકતો સીલ કરી રૂ. ૧.૭૦ કરોડની વસુલાત કરાઈ હતી, અને દક્ષિણ પશ્ચિમ ઝોનમાં ૨૩૨ મિલકતો સીલ કરી રૂ. ૨.૬૦ કરોડની વસુલાત કરાઈ હતી. આમ, કુલ ૪૨૪૨ મિલકતો સીલ કરી રૂ. ૧૪.૭૩ કરોડની મિલકતો સીલ કરવામાં આવી હતી.

# મોદીની ડિગ્રીના કેસમાં કેજરીવાલ, સંજયસિંહને ૧૦-૧૦ હજાર દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રીના વિવાદમાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અરવિંદ કેજરીવાલ અને સાંસદ સંજયસિંહ વિરુદ્ધ ગુજરાત યુનિવર્સિટીએ બદનક્ષીનો કેસ દાખલ કર્યો હતો. જેમાં ચાર્જ ફ્રેમ અને બંને વિરુદ્ધ ટ્રાયલ અલગ અલગ ચલાવવા માગ કરતી રિવિઝન અરજી ફાઇલ કરવામાં થયેલો વિલંબ સેશન્સ કોર્ટે દંડ સાથે માફ કર્યો હતો. કોર્ટે દસ-દસ હજાર રૂપિયા દંડ પેટે યુનિ.ના રજિસ્ટ્રારને સાત દિવસમાં ચૂકવી આપવા કેજરીવાલ અને સંજયસિંહને હુકમ કર્યો હતો. ગુજરાત યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ. પીયૂષ પટેલ દ્વારા વર્ષ ૨૦૨૩માં અરવિંદ કેજરીવાલ અને સંજયસિંહ સામે અમદાવાદ મેટ્રો કોર્ટમાં બદનક્ષીનો દાવો દાખલ કરાયો હતો. વડા પ્રધાનની ડિગ્રી ઉપર પ્રશ્ન ઉઠાવવાની વાતમાં બંનેએ ગુજરાત યુનિવર્સિટીની બદનક્ષી કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. બંને સામે મેટ્રો કોર્ટમાં ચાર્જ ફ્રેમ થઈ ચૂક્યો છે અને અત્યારે કેસ યુનિવર્સિટી તરફે સાહેદો તપાસવાના સ્ટેજ ઉપર છે. જોકે, અરવિંદ કેજરીવાલે પોતાનો અને સંજયસિંહનો ટ્રાયલ અલગ-અલગ ચલાવવાની અરજી મેટ્રો કોર્ટ સમક્ષ કરી હતી. જેને કોર્ટે નકારતા તેમણે અમદાવાદ સેશન્સ કોર્ટમાં રિવિઝન અરજી દાખલ કરી હતી. તો સંજયસિંહે તેમની સામે થયેલા ચાર્જ ફ્રેમ સામે રજૂઆતની પૂરતી તક ના અપાઈ હોવાની રજૂઆત સાથે સેશન્સ કોર્ટમાં રિવિઝન અરજી દાખલ કરી હતી.

જોકે, બંને આરોપીઓની રિવિઝન અરજીનો સખત વિરોધ કરતાં મુખ્ય સરકારી વકીલ સુધીર બી. બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, બંને આરોપીઓએ રિવિઝન અરજી ફાઇલ કરવામાં વિલંબ કર્યો છે અને તેથી તેમની અરજી ગ્રાહ્ય રાખી શકાય નહીં. આમ પણ મેટ્રો કોર્ટનો તેઓની અરજી નામંજૂર કરવાનો હુકમ બિલકુલ યોગ્ય અને વાજબી છે. પક્ષકારોને સાંભળ્યા બાદ સેશન્સ કોર્ટે રિવિઝન અરજી તો મંજૂર કરી પણ બંનેને દસ-દસ હજાર રૂપિયા દંડ પેટે ભરવા હુકમ કરી આ રકમ યુનિ.ના રજિસ્ટ્રારને ચૂકવી આપવા હુકમ કર્યો હતો.

# રાજ્યની સરકારી તથા ગ્રાન્ટેડ કૉલેજોની વિદ્યાર્થિનીઓને ફી ભરવામાંથી મુક્તિ, એસટી બસભાડામાં ૧૦૦ ટકા રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યની કૉલેજોમાં ફીના માળખા અંગેની વિગતો આપતાં શિક્ષણ રાજ્ય પ્રધાન પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે રાજ્યની સરકારી તથા ગ્રાન્ટેડ કૉલેજોમાં ફીનું ધોરણ સમાન છે.

આ અંગે તેમણે કહ્યું હતું કે, રાજ્ય સરકારના તા. ૬ જૂન, ૨૦૦૩ના ઠરાવ અન્વયે આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પાસેથી શિક્ષણ ફી સ્વરૂપે ફક્ત રૂ. ૬૦૦ની રકમ લેવામાં આવે છે, જ્યારે સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોની વિદ્યાર્થિનીઓને શિક્ષણ ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે. આ જ પ્રકારે, રાજ્યના અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓને કોલેજ સુધી આવવા-જવા માટે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત રાજ્ય પરિવહન નિગમની બસોમાં કન્સેશનની યોજનાનો લાભ આપવામાં આવે છે. જેમાં વિદ્યાર્થિનીઓને બસ ભાડાના ૧૦૦ ટકા, જ્યારે વિદ્યાર્થીઓને બસભાડાના લગભગ ૮૦ ટકા જેટલું કન્સેશન આપવામાં આવે છે.

વધુમાં, શિક્ષણ રાજ્ય પ્રધાને જણાવ્યું હતું કે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ગાઇડલાઇન મુજબ માળખાકીય અને ભૌતિક સુવિધાઓ તથા શૈક્ષણિક સ્ટાફની ભરતી-બઢતી પ્રક્રિયા અંગેના તમામ નિયમો સરકારી તથા ગ્રાન્ટેડ કૉલેજોને સમાન રીતે લાગુ પડે છે.

# અકસ્માતમાં વળતર મુદ્દે માત્ર શારીરિક અપંગતાના સર્ટિ. પર આધાર ન રાખી શકાયઃ હાઈ કોર્ટનો ચુકાદો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે એક ચુકાદો આપતાં નોંધ્યું હતું કે, મોટર વાહન અકસ્માત ટ્રિબ્યૂનલ કાર્યાત્મક અપંગતાનું મૂલ્યાંકન કરવાની ફરજ ધરાવે છે અને તે માત્ર પ્રમાણપત્ર કે સર્ટિફિકેટમાં દર્શાવેલ શારીરિક અપંગતા પર આધાર રાખી શકે નહી. ટ્રિબ્યૂનલ ફકત ડૉક્ટર દ્વારા ઈશ્યૂ કરાયેલા શારીરિક અપંગતાના સર્ટિફિકેટ પર માત્ર આધાર રાખી શકે નહી. કાર્યાત્મક અપંગતાનું યોગ્ય મૂલ્યાંકન કરવાની ટ્રિબ્યૂનલની ફરજ છે.

૨૦૦૨માં સર્જાયેલા એક અકસ્માતમાં પિતાનું મોત થયું હતું. જ્યારે પાંચ વર્ષના સગીર પુત્રને માથા સહિતના ભાગોએ બહુ જ ગંભીર ઇજાઓ પહોંચી હતી અને તે પેરાપ્લેજીયા-લકવાગ્રસ્ત બન્યો હતો. આ કેસની સુનાવણીમાં જસ્ટિસ જે.સી. દોશીએ વાહન અકસ્માતમાં લકવાગ્રસ્ત થનાર એક સગીરને વળતર વધારી આપતા ચુકાદામાં સ્પષ્ટ કર્યું હતુ કે, મોટર વાહન અકસ્માત ટ્રિબ્યૂનલ પીડિતની સંભવિત આવક અથવા તો કમાણી પર શારીરિક અપંગતાના પ્રભાવનું મૂલ્યાંકન કરવુ જોઇએ. ટ્રિબ્યૂનલ ફકત ડોકટર દ્વારા ઈશ્યૂ કરાયેલા શારીરિક અપંગતાના સર્ટિફિકેટ પર આધાર રાખી શકે નહી.

હાઈ કોર્ટે નોંધ્યું હતું કે, ટ્રિબ્યૂનલ એ સમજવામાં નિષ્ફળ રહી છે કે, શરીરના ઉપરના ભાગે લકવો થઇ જવાથી સગીર નાની ઉંમરમાં જ મૃત હાલત જેવી પરિસ્થિતિમાં આવી ગયો છે. સમગ્ર શરીરમાં ૫૦ ટકા શારીરિક ક્ષતિ અને ૧૦૦ ટકા કાર્યાત્મકતા અપંગતા છે. ટ્રિબ્યૂનલે પીડિત સગીરની ભવિષ્યની આવક અથવા કમાણીના નુકસાનની ગણતરી માટે ૫૦ ટકા અપંગતા અપનાવવામાં ભૂલ કરી છે. હાઇ કોર્ટે ટ્રિબ્યૂનલના હુકમમાં સુધારો કરી પીડિત સગીરને વાર્ષિક ૯ ટકા વ્યાજ સાથે રૂ.૧૩, ૦૯,૨૪૦નું વળતર ચૂકવી આપવા ઠરાવ્યું હતું અને વીમા કંપનીને વળતરની આ રકમ છ સપ્તાહમાં જમા કરાવવા સ્પષ્ટ હુકમ કર્યો હતો.

# ટેકાના ભાવે ઘઉંની ખરીદીની નોંધણી તારીખ વધારીને પાંચ એપ્રિલ કરવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર ગુજરાતમાં ખેડૂતો રવી સીઝનમાં ખાસ કરીને ઘઉંનું વાવેતર મોટા પ્રમાણમાં કરે છે. પરંતુ ઓછો ભાવ મળવાના કારણે ખેડૂતોને નફો ખૂબ ઓછો મળતો હોય છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા આ ઘઉંને ટેકાના ભાવે ખરીદી કરાય છે, જેમાં આ વર્ષે તેની નોંધણીની મુદ્દત વધારીને ૫ એપ્રિલ સુધીની કરવામાં આવી છે.

રવી માર્કેટિંગ સીઝન ૨૦૨૫-'૨૬ માટે ઘઉંના લઘુત્તમ ટેકાના ભાવ રૂપિયા ૨,૪૨૫ પ્રતિ ક્વિન્ટલ જાહેર કરાયા છે. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ.ને "નોડલ એજન્સી" તરીકે નિયુક્ત કરવામાં આવી છે. આ અંતર્ગત, ઘઉંની ખરીદી તા. ૧૭ માર્ચ, ૨૦૨૫થી શરૂ થઈ છે, અને નોંધણીની મુદ્દત વધારીને ૫ એપ્રિલ સુધી રાખવામાં આવી છે. લઘુતમ ટેકાના ભાવે ઘઉં વેચવા માગતા ખેડૂતો માટે ઓનલાઇન નોંધણી રાજ્યભરમાં ગ્રામ્ય કક્ષાએ વી.સી.ઈ. મારફતે ૧ જાન્યુઆરીથી ૧૬ માર્ચ સુધી ચાલી, જેની મુદ્દત હવે વધારીને ૫ એપ્રિલ સુધી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. નોંધણી ખેડૂત ખાતેદારના બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા થશે. રાજ્યના ખેડૂતો માટે લઘુતમ ટેકાના ભાવે પાક વેચવા નીકળી ઓનલાઇન નોંધણી અનિવાર્ય છે માટે ખેતીદારોએ તેમની ગ્રામ પંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવાની અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગુજરાતમાં ઐતિહાસિક વારસાને પ્રદર્શિત કરતા છ નવા સંગ્રહાલયની કામગીરી પૂરજોશમાં

અમદાવાદઃ ગુજરાતના ઐતિહાસિક વારસાને ઉજાગર કરવા છ જેટલા નવા સંગ્રહાલયનું કામ હાલમાં પ્રગતિ હેઠળ છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ની સ્થિતિએ રાજ્યના ઐતિહાસિક વારસાને પ્રદર્શિત કરતા ગુજરાત વંદના સંગ્રહાલયની ૧૨ એકર વિસ્તારમાં સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે કામગીરી ચાલી રહી છે. આ કામગીરી માટે બે વર્ષમાં ૩.૯૩ કરોડનો ખર્ચ કરાયો છે. રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૫-૨૦૬ના બજેટમાં રાજ્યમાં હયાત સંગ્રહાલયોના સમારકામ માટે રૂ. ૩૯.૯૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વિધાનસભામાં ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના પ્રધાન મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, 'ગુજરાત વંદના સંગ્રહાલય'માં ગુજરાતની સ્થાપના અને દેશના વિકાસમાં રાજ્યના યોગદાનની ઝાંખી દર્શાવાશે.જેમાં ટૅકનોલૉજીયુકત વિવિધ આઠ ગેલેરી પણ બનાવવામાં આવશે. આ સિવાય નવા છ સંગ્રહાલયમાં કેવડિયા ખાતે દેશી રજવાડાઓનું સંગ્રહાલય, વીર બાળ સંગ્રહાલય ભુજ, કૃષ્ણદેવરાય સંગ્રહાલય, વડનગર સંગ્રહાલય વગેરેનો સમાવેશ થાય છે. રાજ્યમાં હાલમાં પાંચ સંગ્રહાલયની અપગ્રેડેશનની કામગીરી ચાલી રહી છે જેમાં બારડોલી ખાતે આવેલા સરદાર પટેલના સંગ્રહાલય, દરબાર હોલ, સાપુતારા - ડાંગ, રાજમાતા સંગ્રહાલય પાટણ વગેરેનો સમાવેશ થાય છે, જેમાં સાપુતારા ડાંગ ખાતેના સંગ્રહાલયનું કુલ રૂ. ૩૦ કરોડના ખર્ચે તબક્કાવાર સમારકામ કરવામાં આવશે. આ માટે વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ. ૨૬ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે.

# અમદાવાદમાં ૨૦૩૬ના ઑલિમ્પિક માટે રિવ્યૂ મિટિંગમાં બ્લૂપ્રિન્ટ તૈયારઃ ઉચ્ચ કક્ષાની કમિટી નિયુક્ત કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશમાં સ્પોર્ટસને વેગ આપવા મોદી સરકાર ગુજરાતમાં જ આગામી કોમનવેલ્થ ગેઈમ અને જો બીડ સફળ થાય તો ૨૦૩૬માં અમદાવાદમાં ઓલિમ્પિક યોજવા માટેની તૈયારી કરી રહી છે. આ માટે વૈશ્વિક ખેલ મહોત્સવ માટે સમીક્ષા અંગે એક મીટિંગ યોજાઈ હતી. આ મીટિંગમાં એક બ્લૂપ્રિન્ટ તૈયાર કરાઈ હતી. આ ખેલ મહોત્સવ માટે ખેલકૂદ સંકુલ વિશ્વ કક્ષાના વિશાળ સ્વિમિંગ પૂલ અને ઓલિમ્પિક વિલેજ જેવી વ્યવસ્થા ઉપરાંત અમદાવાદ અને તેની આસપાસ ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધા વધારવાની તૈયારીઓ શરૂ કરાઈ છે. ગુજરાતમાં અમદાવાદ અને ગાંધીનગર આસપાસ ઓલિમ્પિકની મોટાભાગની ગેમ રમાડી શકાય તે માટેની સુવિધાઓ વિકસાવવા કામગીરી શરૂ કરાઈ છે. અમદાવાદમાં ૨૦૩૬ના ઓલિમ્પિક માટે આ મીટિંગમાં ખર્ચનો અંદાજ મૂકવામાં આવ્યો હતો. સરકારે સંભવિત બીડને ધ્યાનમાં લઈને આ માટે ઉચ્ચ કક્ષાની કમિટી નિયુક્ત કરી છે.

અમદાવાદ ગાંધીનગર ઉપરાંત ભોપાલ ગોવા, મુંબઈ, પુને જેવા સ્થળો પર પણ કોઈને કોઈ ઓલિમ્પિક ખેલ સ્પર્ધા યોજાય તેવી ધારણા છે. આ માટે બે પ્રકારે બજેટ ઘડાયા છે. એક ઓલિમ્પીક ગેઈમ માટેની સુવિધા અને સંચાલન ખર્ચ અને બીજું અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચર ખર્ચ જે લાંબાગાળાનું આયોજન છે. તેનો સમાવેશ કરાયો છે. અમદાવાદમાં હોટેલ સહિતની સુવિધા ટ્રાન્સપોર્ટેશન, ટૅકનોલૉજી સપોર્ટ સહિતની તમામ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

# ગુજરાતના અઢી લાખ મુસ્લિમ પરિવારો માટે ઈદ નિમિત્તે 'સોગાતે મોદી' યોજના શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) દ્વારા ગુજરાતના ગરીબ મુસ્લિમ પરિવારો માટે ઈદ નિમિત્તે 'સોગાતે મોદી' યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજનાના માધ્યમથી રાજ્યમાં અંદાજે ૨.૫ લાખ મુસ્લિમ પરિવારોને અનાજ અને મીઠાઈની કિટ વિતરિત કરાશે.

ભાજપના રાષ્ટ્રીય એકમે રમજાન ઈદ નિમિત્તે આ વિશેષ યોજના જાહેર કરી છે, જે અંતર્ગત લઘુમતી સમુદાયના ગરીબ પરિવારોને સહાય આપવામાં આવશે. ગુજરાત ભાજપના લઘુમતી મોરચાના અધ્યક્ષ ડૉ. મોહસીન લોખંડવાલાએ જણાવ્યું હતું કે, આ યોજના માટે પાર્ટી ફંડમાંથી કોઈ સહાય આપવામાં નહીં આવે. તમામ ખર્ચ લઘુમતી મોરચાના હોદ્દેદારો અને સભ્યો ઉઠાવશે. પ્રતિ હોદ્દેદારને આશરે ૧૦૦-૨૦૦ કીટ તૈયાર કરવાની જવાબદારી આપવામાં આવી છે.

લઘુમતી સમુદાયોના આર્થિક રીતે નબળા સભ્યોને 'સોગાતે મોદી' કિટનું વિતરણ કરવામાં આવશે. આ કિટમાં કપડાં, સેવૈયા, ખજૂર, ડ્રાયફ્રૂટ અને ખાંડ હશે. આ ઉપરાંત મહિલાઓને આપવામાં આવતી કિટમાં સૂટ મટિરિયલ અને પુરુષોને આપવામાં આવતી કીટમાં કુર્તા પાયજામા મટિરિયલ હશે. ગુજરાતમાં ૭૫ લાખ જેટલા મુસ્લિમ વસે છે, જેમાંથી ૪૫ લાખ મતદાતા છે. સરેરાશ પાંચ સભ્યોના ગણતરીથી, 'સોગાતે મોદી' યોજના દ્વારા અંદાજે ૧૨.૫ લાખ મુસ્લિમો સુધી સહાય પહોંચશે.

આ ઉપરાંત, ઈદ નિમિત્તે લઘુમતી સમુદાય માટે રાજ્યભરમાં સ્નેહમિલન સમારોહ પણ યોજાશે. મહાનગર, વોર્ડ, જિલ્લાઓ અને તાલુકા સ્તરે ભોજન સમારંભ સહિતના કાર્યક્રમો આયોજિત કરાશે. ગુજરાત ભાજપના ૨૫૦ લઘુમતી મોરચાના હોદ્દેદારો આ કાર્યક્રમોને સંચાલિત કરશે.

મુસ્લિમ મતદારોની રીઝવવા માટે 'સોગાતે મોદી' જેવી યોજના શરૂ કરવામાં આવી છે.'સોગાતે મોદી' યોજના દ્વારા ભાજપ મુસ્લિમ સમુદાય સાથે સારો સંબંધ બાંધવા ઈચ્છે છે. આ પહેલનો હેતુ માત્ર ઈદીના નામે સહાય આપવાનો નથી, પરંતુ ઈદના તહેવારમાં સામાજિક એકતા દર્શાવવાનો પણ છે. ભાજપના હોદ્દેદારો હિંદુ તહેવારો જેમ કે દિવાળી અને નવું વર્ષ માટે સ્નેહમિલન સમારોહ યોજે છે, તે જ માળખાં હેઠળ ઈદ સ્નેહમિલન પણ આયોજિત કરવામાં આવશે.

# લિકર પરમીટ મેળવવામાં અમદાવાદીઓ અગ્રેસર, બે વર્ષમાં કુલ ૭,૩૯૦ પરવાના મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં આરોગ્ય આધારિત દારૂના પરવાનાઓ આપવામાં આવે છે. છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં આ પરવાનાઓમાં નોંધપાત્ર વધારો થયો છે, જેમાં કુલ ૭,૩૯૦ પરવાના મંજૂર કરવામાં આવ્યા છે. બીજી બાજુ, ગાંધીનગર જિલ્લામાં ફક્ત ૯૫૦ પરવાના અપાયા છે.

દારૂના પરવાનાથી રાજ્યની રોગી કલ્યાણ સમિતિ (આરકેએસ)ને અમદાવાદમાં ૧૨.૭૧ કરોડ અને ગાંધીનગરમાં ૮૬.૬૦ લાખ રૂપિયાની આવક થઈ છે. ગુજરાત વિધાનસભામાં કાંકરેજના ધારાસભ્ય અમૃતજી ઠાકોરે દારૂના પરવાનાની વિગતો વિશે પ્રશ્ન ઉઠાવ્યો હતો, જેના જવાબમાં ગૃહ વિભાગે આ આંકડા રજૂ કર્યા હતા. મહત્ત્વની બાબત એ છે કે અમદાવાદમાં ૧૨૭ અરજીઓ નકારી કાઢવામાં આવી હતી, જ્યારે ગાંધીનગરમાં કરાયેલી તમામ અરજીઓ મંજૂર થઈ હતી. ગુજરાતમાં દારૂના પરવાના માટે અરજદારોને આરોગ્ય પ્રમાણપત્ર રજૂ કરવું પડે છે, જે દર્શાવે છે કે આરોગ્ય કારણોસર દારૂની જરૂર છે. આ પરવાનાઓ જિલ્લા કલેક્ટર દ્વારા મંજૂર થાય છે અને તેની ફી આરકેએસમાં જમા થાય છે, જે આરોગ્ય સેવાઓ માટે વપરાય છે. પરવાના માટે અરજદારોની ઉંમર સામાન્ય રીતે ૩૫ વર્ષથી વધુ હોવી જોઈએ અને તેમની પાસે સ્પષ્ટ આરોગ્ય સમસ્યાઓ હોવી જરૂરી છે.

આરકેએસ દ્વારા મળતી આવકનો મોટો હિસ્સો હૉસ્પિટલોના આધુનિકીકરણ માટે વપરાય છે. જોકે, દારૂના પરવાના પ્રમાણમાં વૃદ્ધિથી સરકારની દારૂબંધીની નીતિઓની અસરકારકતા પર પ્રશ્નો ઊઠી રહ્યા છે. ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં દર વર્ષે હજારો લોકો દારૂના પરવાના માટે અરજી કરી રહ્યા છે, ત્યારે રાજ્યમાં દારૂબંધી અને તેના અમલની અસરકારક્તા પર ચર્ચા ઊઠી છે.

# વડોદરામાં બાકી વેરો વસૂલ કરવા લગભગ ૧૦૦૦ સીલ મિલકતોમાં કોર્પોરેશનનો બોજો દાખલ કરાશે

અમદાવાદઃ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાલમાં મિલકત વેરાની વસૂલાતની કામગીરી ચાલુ છે. જે દરમિયાન સીલ કરેલી અને બંધ પડેલી મિલકતોમાંથી જેનો સૌથી વધુ વેરો બાકી છે તેવી મિલકતો શોર્ટ લિસ્ટ કરીને તેમાં કોર્પોરેશનનો બોજો દાખલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. દરેક વોર્ડમાંથી આવી આશરે ૬૦ જેટલી મિલકતો અલગ તારવવામાં આવી છે, જે મિલકતોમાં કોર્પોરેશનનો બોજો દાખલ કરવાનો હતો, તેની સંખ્યા આશરે ૧૦૦૦ જેટલી થાય છે. બોજો દાખલ થતાં જે તે મિલકતના પ્રોપર્ટી કાર્ડમાં કોર્પોરેશનનું નામ પણ દાખલ થતો હતો. આવી મિલકતોનું વેચાણ જે તે મિલકત ધારક જ્યાં સુધી કોર્પોરેશનનો બાકી વેરો ભરે નહીં ત્યાં સુધી કરવા જાય તો પણ પાછો પડે કેમ કે ખરીદનાર વેરો બાકી હોવાથી તૈયાર થતો નથી. હાલ જે મિલકતોમાં બોજો દાખલ કરવાનો છે, તેની ફાઈલો બનાવવાનું ચાલુ કરવામાં આવ્યું છે. ચાલુ નાણાકીય વર્ષમાં સામાન્ય કરના ૭૨૪ કરોડના લક્ષ્યાંક સામે અત્યાર સુધીમાં ૬૭૪ કરોડની વસૂલાત થઈ છે. હવે ૩૧ માર્ચ સુધીમાં લક્ષ્યાંક સિદ્ધ કરવા હજુ ૫૦ કરોડ આવક હાંસલ કરવી પડશે. સરકારી મિલકતો પૈકી પોલીસ વિભાગની ૪ કરોડની, રેલવેની ૭ કરોડની અને નર્મદા નિગમની ૩ કરોડની વસૂલાત હજી બાકી છે, અને તે માટેની કાર્યવાહી હાલ ચાલી રહી છે. ૩૧ માર્ચ સુધીમાં આ ચુકવણી કોર્પોરેશનને કરી દેવાશે તેમ જાણવા મળ્યું છે. વેરાની બાકી વસૂલાત માટે તમામ ૧૯ વોર્ડમાં દરરોજ બિનરહેણાક મિલકતોને સીલ કરવાની કામગીરી હાલમાં થઈ રહી છે. તા.૧૨ જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૬૧ હજારથી વધુ મિલકતો સીલ કરવામા આવી છે.

# ગુજરાતમાં ઉનાળાની શરૂઆતમાં જ ૬૩ જળાશયોમાં ૩૦ ટકાથી ઓછું જળસ્તર નોંધાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં માર્ચ મહિનામાં જ ધોમધખતો ઉનાળો શરૂ થયો હોય તેવી અસર વર્તાઈ રહી છે. સતત વધી રહેલી ગરમીને કારણે રાજ્યમાં ૬૩ જળાશયોમાં ૩૦ ટકાથી ઓછું જળસ્તર નોંધાયું હતું. જ્યારે રાજ્યના ૨૦૭ જળાશયોમાં હાલ ૬૦.૮૨ ટકા પાણીનો જથ્થો હોવાની વિગતો મળી હતી. સરદાર સરોવર ડેમમાં બુધવારની સ્થિતિએ ૬૪.૫૯ ટકા પાણીનો જથ્થો હોવાની માહિતી મળી હતી. રાજ્યમાં ૬૩ જળાશયોમાં જળસ્તર ૩૦ ટકાથી ઓછું નોંધાયું છે. જેમાં ૨૦ ટકા જળાશયોમાં જળસ્તર ૧૦ ટકાથી પણ ઓછું છે. ઉત્તર ગુજરાતના જળાશયોમાં સૌથી ઓછું ૩૬ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૬૬ ટકા, મધ્ય ગુજરાતમાં ૬૧ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૯ ટકા, કચ્છમાં ૪૩ ટકા પાણીનો જથ્થો છે. ગત વર્ષે ૨૫ માર્ચે ૫૫.૮૧ ટકા, જ્યારે સરદાર સરોવરમાં ૫૮.૭૯ ટકા જળસ્તર નોંધાયું હતું. ગયા વર્ષની સરખામણીએ આ વખતે જળસ્તરની સ્થિતિ ખૂબ જ સારી છે. હાલ સંપૂર્ણ ૧૦૦ ટકા ભરાયેલું હોય તેવું એકમાત્ર જળાશય સુરેન્દ્રનગરનું ચુડા છે. આ સિવાય મહિસાગરનું વણાકબોરી, બોટાદનું ખાંભડા, કચ્છનું કાલાઘોડા-ટપ્પર, રાજકોટનું આજી-૧, સુરેન્દ્રનગરનું ધોળી ધજા ૯૦ ટકાથી વધુ જળસ્તર ધરાવે છે. ૨૬ માર્ચ ૨૦૨૫ની સ્થિતિએ ૯૦ ટકાથી વધુ ભરાયેલા માત્ર ૬ જળાશયો છે. ૮૦ ટકાથી ઉપર ભરાયેલા ૧૧ જળાશયો છે અને ૭૦ ટકાથી ઉપર ભરાયેલાં ૮ જળાશયો છે. ૭૦ ટકાથી ઓછું પાણી હોય તેવા ૧૮૧ જળાશયો છે.

# હડતાળ પર ઊતરેલા પંચાયત વિભાગના ૧૧૦૦ આરોગ્યકર્મીને સરકારે નોકરીમાંથી છૂટા કર્યા

અમદાવાદઃ ગુજરાતમાં ૧૭ માર્ચથી પંચાયત વિભાગના આરોગ્ય કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઊતર્યા છે. તેમની સામે એસ્મા લાગુ કરાયો હોવા છતાં તેઓ પોતાની માગ પર અડગ છે. સરકારે અગાઉ તેમની હડતાળ સમેટી લેવા આદેશ કર્યો હતો પણ તેઓ સરકારની સૂચનાને નહીં માનતાં આખરે સરકારે ૧૧૦૦ આંદોલનકારી કર્મચારીઓને નોકરીમાંથી છૂટા કરી દીધા હતાં. તે ઉપરાંત ૪ હજારથી વધુ કર્મચારીઓ સામે ચાર્જશીટ અને ખાતાકીય તપાસ શરૂ કરાઈ છે. અત્યારસુધીમાં ૧૦ હજારથી વધુ કર્મચારીને નોટિસ ફટકારી છે. હડતાળ પર ઉતરેલી પંચાયત વિભાગના આરોગ્ય કર્મચારીઓ સામે હવે સરકારે પણ દંડો ઉગામ્યો છે. સરકાર દ્વારા કર્મચારી સંઘના મહામંત્રી આશિષ બારોટ સહિત ૧૧૦૦ કર્મચારીને નોકરીમાંથી છૂટા કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. જેમાં સાબરકાંઠા જિલ્લામાં ૪૦૦ જેટલા કર્મચારીને છૂટા કરાયા હતાં. આંદોલનકારી કર્મચારીઓએ મંગળવારે રાત્રે કેન્ડલ માર્ચ યોજી સરકાર સામે વિરોધ પ્રદર્શિત કર્યો હતો. રાજ્ય આરોગ્યકર્મચારી મહાસંઘના અગ્રણીઓએ સરકારના પગલાંને ગેરવાજબી ગણાવી લડત ચાલુ રાખવાની જાહેરાત કરી હતી. આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા આરોગ્ય કર્મચારીઓની અચોક્કસ મુદતની હડતાળનો નવમો દિવસ હોવા છતાં રાજ્ય સરકાર દ્વારા કોઈ હકારાત્મક જવાબ આપવામાં આવ્યો નથી. આરોગ્ય કર્મચારીઓએ ગ્રેડ પેમાં સુધારો કરવા, ટેક્નિકલ ગ્રેડ પેનો સમાવેશ કરવો, ખાતાકીય પરીક્ષામાંથી મુક્તિ આપવી અને ટેક્નિકલ કેડરમાં સમાવેશ કરવાની માગ સાથે અચોક્કસ મુદતની હડતાળ પાડી છે.

# વર્ષ ૨૦૨૫-૨૬માં જાહેર દેવું ૧૫.૨૮ ટકા રહેવાનું અનુમાન

અમદાવાદઃ રાજ્યના નાણાં પ્રધાન કનુ દેસાઈએ વિધાનસભા ગૃહમાં વર્ષ ૨૦૨૫-૨૬ માટેની નાણાં વિભાગની અંદાજપત્રીય માગણીઓ રજૂ કરતાં નાણાં પ્રધાને જણાવ્યું હતું કે, રાજ્યનો નાણાં વિભાગ રાજવિત્તીય અધિનિયમ, ૨૦૦૫ના નિયત માપદંડો મુજબ નાણાકીય વ્યવસ્થાપન માટે શિસ્તબદ્ધ રીતે કાર્યરત છે. રાજ્યના જાહેર દેવા વિશે વાત કરતાં કનુ દેસાઈએ કહ્યું હતું કે, રાજ્યના ઘરગથ્થુ ઉત્પાદન-જીએસડીપીની સામે જાહેર દેવાના પ્રમાણમાં ઉત્તરોત્તર ઘટાડો થઇ રહ્યો છે અને વર્ષ ૨૦૨૫-૨૬માં જાહેર દેવું ૧૫.૨૮ ટકા રહેવાનો અંદાજ સૂચવવામાં આવ્યો છે. જે ૨૭.૧૦ ટકાની નિયત મર્યાદા કરતાં ઘણું જ ઓછું છે. દેસાઈએ વધુમાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યોને મૂડી રોકાણના પ્રોજેક્ટ્સ માટે ૫૦ વર્ષ માટે વ્યાજમુક્ત લોનના સ્વરૂપમાં રાજ્યોને નાણાકીય સહાય ચૂકવવામાં આવે છે. જે અંતર્ગત ચાલું નાણાકીય વર્ષમાં અત્યાર સુધી કેન્દ્ર સરકાર દ્વારા આ યોજના હેઠળ ગુજરાતને રૂ.૫૦૨૭ કરોડની સહાય આપવામાં આવી છે.




# શ્રેયસનું પ્રથમ સેન્ચુરીનું બલિદાન, મેક્સવેલના શૂન્યનો રેકોર્ડ

## અમદાવાદની હાઈ-સ્કોરિંગ મૅચ યાદગાર અને દિલધડક બની

અમદાવાદ: અહીં મંગળવારે આઈપીએલમાં પંજાબ કિંગ્સ (પીબીકેએસ) અને ગુજરાત ટાઇટન્સ (જીટી) વચ્ચે જે હાઈ સ્કોરિંગ મુકાબલો થયો હતો એમાં પંજાબના નવા કૅપ્ટન શ્રેયસ ઐયરે પોતાની સેન્ચુરીનું બલિદાન આપીને ટીમને વિજય અપાવ્યો હતો, જયારે તેની જ ટીમના ગ્લેન મેક્સવેલે આઈપીએલના ઇતિહાસમાં સૌથી વધુ ઝીરોનો રેકોર્ડ પોતાને નામે કરી લીધો હતો.





શ્રેયસ ઐયર (ઉપર) અને શશાંકસિંહ (નીચે)

આઈપીએલમાં અત્યાર સુધીમાં મેક્સવેલ, રોહિત શર્મા અને દિનેશ કાર્તિકના નામે સૌથી વધુ ૧૮-૧૮ શૂન્ય હતા. મેક્સવેલ મંગળવારે પોતાના પહેલા જ બૉલમાં (ગુજરાતના સાઈ કિશોરના બૉલમાં) રિવર્સ સ્વીપની લાલચમાં એલબીડબલ્યૂ થઈ ગયો હતો અને ૧૯મી વાર ઝીરોમાં આઉટ થતાં હવે આઈપીએલમાં હાઈએસ્ટ ઝીરોનો રેકૉર્ડ તેના નામે થઈ ગયો છે.

અમદાવાદની આ મૅચમાં ગુજરાતના કેપ્ટન શુભમન ગિલે ટૉસ જીતીને ફીલ્ડિંગ પસંદ કરી ત્યાર બાદ શ્રેયસ ઐયરના સુકાનમાં પંજાબે પાંચ વિકેટે ૨૪૩ રન બનાવ્યા હતા જેમાં કેપ્ટન તથા મૅન ઑફ ધ મૅચ શ્રેયસ ઐયર (૯૭ અણનમ, ૪૨ બૉલ, નવ સિક્સર, પાંચ ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. નવા ઓપનર પ્રિયાંશ આર્યએ ૪૭ રન તથા શશાંક સિંહે અણનમ ૪૪ રન બનાવ્યા હતા. ગુજરાતના સાઈ કિશોરે ત્રણ વિકેટ લીધી હતી. ગુજરાતે ઓપનર સાઈ સુદર્શન (૭૪ રન, ૪૧ બૉલ, છ સિક્સર, પાંચ ફોર) તેમ જ કેપ્ટન ગિલ (૩૩ રન, ૧૪ બૉલ, ત્રણ સિક્સર, બે ફોર), જૉસ બટલર (૫૪ રન, ૩૩ બૉલ, બે સિક્સર, ચાર ફોર) અને શેરફેન રૂધરફર્ડ (૪૬ રન, ૨૮ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર)ના યોગદાનની મદદથી ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૩૨ રન બનાવ્યા હતા અને દિલધડક મૅચમાં પંજાબનો ૧૧ રનથી વિજય થયો હતો.

શ્રેયસને આઈપીએલના ઈતિહાસમાં પોતાની પ્રથમ સદીનો અને આ વખતની ટૂર્નામેન્ટમાં (સનરાઇઝર્સ હૈદરાબાદના ઈશાન કિશન પછીનો) બીજો સેન્ચુરિયન બનવાની તક હતી, પણ તેણે એ મોકો જતો કર્યો હતો.

શ્રેયસે પોતાની ઐતિહાસિક સદીની તક પોતાની ટીમનું ટોટલ તોતિંગ કરવાના આશયથી જવા દીધી હતી.

પ્રથમ બૅટિંગ કરનાર પંજાબના જયારે ૧૯ ઓવરમાં પાંચ વિકેટે ૨૨૦ રન હતા ત્યારે શ્રેયસ ૯૭ રને અને શશાંક સિંહ (૪૪ અણનમ, ૧૬ બૉલ, બૅ સિક્સર, છ ફોર) બાવીસ રને હતો. મોહમ્મદ સિરાજને ૨૦મી ઓવરની જવાબદારી સોંપાઈ હતી. શશાંક સ્ટ્રાઇક પર હતો. પહેલાં બૉલ પર તેણે ફોર માર્યા બાદ તે શ્રેયસ પાસે ગયો અને પૂછ્યું કે 'હું સિંગલ રન દોડું જેથી તું તારી પહેલી સદી પૂરી કરી શકે.'

જોકે શ્રેયસે તેને કહ્યું, 'તું મારી સેન્ચુરીની ચિંતા કર્યાં વગર ફટકાબાજી ચાલુ રાખીને ટીમનું ટોટલ વધારવાની કોશિશ કર.'

શશાંકે બીજા બૉલ પર બે રન લીધા અને પછી સિરાજના બાકીના બૉલમાં ચાર ફોર ફટકારી હતી. એ ઓવર (૪, ૨, ૪, ૪, ૧ વાઇડ, ૪, ૪)માં શશાંકની કુલ પાંચ ફોર સહિત ૨૩ રન બન્યા હતા.

શશાંકે મૅચ પછીના ઇન્ટરવ્યૂમાં કહ્યું, પોતાની ઐતિહાસિક સેન્ચુરી નજીક હોય ત્યારે એ ટાળીને ટીમના ટોટલને પ્રાધાન્ય આપવા માટે જીગર હોવું જોઈએ અને શ્રેયસે એ બલિદાનની ભાવના બતાવી. તેણે જે બલિદાન આપ્યું એ સહેલું નથી. હું તેને ૧૫ વર્ષથી ઓળખું છું. તે વર્ષોથી આવો જ છે. તેના આ નિઃસ્વાર્થ અભિગમે મને વધુ આત્મવિશ્વાસ અપાવ્યો અને હું સિરાજના છેલ્લા ચાર બૉલમાં ચાર ફોર ફટકારી શક્યો હતો.'

શ્રેયસ-શશાંકની જોડીએ ૨૮ બૉલમાં ૮૧ રનની અતૂટ ભાગીદારી કરી હતી. છેલ્લી ચાર ઓવરમાં તેમણે ટીમને ૭૭ રન બનાવી આપ્યા હતા. નવાઈની વાત એ છે કે શ્રેયસે છેલ્લી ત્રણ ઓવરમાં ફક્ત ચાર બૉલનો સામનો કર્યો હતો અને શશાંકને જ ફટકાબાજી કરવા દીધી હતી.

ગુજરાતને ૨૩૨/૫ સુધી સીમિત રખાવવામાં પંજાબના સાત બોલરની મહત્ત્વની ભૂમિકા હતી. અર્શદીપે બે વિકેટ તેમ જ માર્કો યેનસેન અને મેક્સવેલે એક-એક વિકેટ લીધી હતી. ગુજરાતના રાહુલ તેવાટિયા (છ રન)ને અર્શદીપે રનઆઉટ કર્યો હતો. ■

### આઈપીએલમાં કોના સૌથી વધુ ઝીરો?

(૧) ગ્લેન મેક્સવેલ, ૧૯ ઝીરો
(૨) રોહિત શર્મા, ૧૮ ઝીરો
(૩) દિનેશ કાર્તિક, ૧૮ ઝીરો
(૪) સુનીલ નારાયણ, ૧૬ ઝીરો
(૫) પીયૂષ ચાવલા, ૧૬ ઝીરો

# દેવાદાર પાકિસ્તાનનું હૉકીમાં પણ નાક કપાયું

## મલયેશિયાએ અઝલાન શાહ કપમાં રમવા નથી બોલાવી

કરાચી: ક્રિકેટમાં પાકિસ્તાને તાજેતરની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં પોતાની ટીમને ભારતના હાથે મળેલી ફિટકાર બાદ સ્પર્ધામાંથી વહેલી આઉટ થતા જોઈ અને આ સ્પર્ધાના આયોજનમાં કરોડો રૂપિયાનું નુકસાન વેઠવું પડ્યું ત્યાર બાદ હવે હૉકીની રમતમાં પણ પાકિસ્તાનની મોટી નામોશી થઈ છે. અઝલાન શાહ કપ નામની પ્રતિષ્ઠિત આગામી હૉકી સ્પર્ધામાં પાકિસ્તાન ૨૦૨૪ની ગઈ ટૂર્નામેન્ટમાં રનર-અપ હતું, પણ આ વખતે મલયેશિયામાં રમાનારી આ સ્પર્ધામાં પાકિસ્તાનની હૉકી ટીમને આમંત્રિત જ નથી કરવામાં આવી.

પાકિસ્તાન હૉકી ફેડરેશનના માથે બહુ મોટું દેવું હોવાથી મલયેશિયાના હૉકી ફેડરેશને પાકિસ્તાનની ટીમને પોતાને ત્યાં આ સ્પર્ધા રમવા નથી બોલાવી.

પીટીઆઇના અહેવાલ મુજબ પાકિસ્તાની ફેડરેશન સાથે સંકળાયેલા એક આધારભૂત સૂત્રએ જણાવ્યું છે કે 'પાકિસ્તાની ફેડરેશનના એક ભૂતપૂર્વ અધિકારીએ ગયા વર્ષે મલયેશિયામાં યોજાએલા અઝલાન શાહ કપ વખતે કેટલાક ખોટા નિર્ણયો લીધા હતા જેને કારણે પાકિસ્તાનના ફેડરેશને મલયેશિયાના ફેડરેશનને તોતિંગ રકમ આપવાની નીકળતી હતી જે હજી અપાઈ નથી.' ■

# કોલકાતાએ જીતવાની શરૂઆત કરી, રાજસ્થાનની સતત બીજી હાર

ગુવાહાટી: અહીં ગઈકાલે કોલકાતએ રાજસ્થાનને ૧૫૧/૯ રન સુધી સીમિત રાખ્યા બાદ એને આઠ વિકેટથી હરાવીને આ વખતની ટૂર્નામેન્ટમાં જીતવાની શરૂઆત કરી હતી. રિયાન પરાગના સુકાનમાં આરઆરે આપેલો ૧૫૨ રનનો લક્ષ્યાંક અજિંક્ય રહાણેની ટીમે ૧૭.૩ ઓવરમાં બે વિકેટના ભોગે મેળવી લીધો હતો. ક્વિન્ટન ડિકૉક (૯૭ અણનમ, ૬૧ બોલ, ૬ છગ્ગા, ૮ ચોક્કા) આ મૅચનો મૅચવિનર હતો. તેને છેક સુધી અંગક્રિશ રઘુવંશી (૨૨)નો સારો સાથ મળ્યો હતો. રાજસ્થાન સતત બીજી મેચ હારી ગયું. ■

# સૂર્યકુમારે ૨૧ કરોડ માં ખરીદ્યા બે ફ્લૅટ

મુંબઈ: ભારતની ટી-૨૦ ટીમના કૅપ્ટન સૂર્યકુમાર યાદવ અને તેની પત્ની દેવિશાએ પૂર્વ મુંબઈમાં ચેમ્બુર નજીક દેવનાર વિસ્તારમાં કુલ ૨૧.૧૦ કરોડ રૂપિયામાં બે આલીશાન ફ્લૅટ ખરીદ્યા છે. તેના આ બે ફ્લૅટ ઉપર-નીચેના માળ પર છે. બન્ને ફ્લૅટનો કુલ કાર્પેટ એરિયા ૪,૨૨૨.૭ સ્કવેર ફૂટ છે અને સૂર્યાએ એ માટે કુલ ૧.૨૬ કરોડ રૂપિયાની સ્ટૅમ્પ ડ્યૂટી ભરી છે. ગોદરેજ સ્કાય ટૅરેસીસમાં ખરીદવામાં આવેલો આ બેમાંથી એક ફ્લૅટ ત્રણ બેડરૂમ-હૉલ-કિચનવાળો અને એક ફ્લૅટ ચાર બેડરૂમ-હૉલ-કિચનવાળો છે. સૂર્યાને મુંબઈ ઇન્ડિયન્સે આ વખતે ૧૬.૩૫ કરોડ રૂપિયામાં રીટેન કર્યો છે. ■

# રિષભ પંતની ટીમને આજે હૈદરાબાદમાં સનરાઈઝર્સનો મોટો ખતરો

હૈદરાબાદ: આઇપીએલમાં ખેલાડીઓની હરાજીમાં સૌથી વધુ ૨૭ કરોડ રૂપિયાની કિંમતે ખરીદવામાં આવેલા લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)ના રિષભ પંતે કૅપ્ટન, બૅટર અને વિકેટકીપર તરીકે ચાર દિવસ પહેલાં દિલ્હી સામેની મેચમાં જે ભૂલો કરી એનું આજે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) અહીં હૈદરાબાદમાં પુનરાવર્તન કરશે તો આ વખતે તો તેની ટીમ મોટા માર્જિનથી પટકાશે એમાં શંકા નથી, કારણકે આ મૅચ સનરાઇઝર્સ હૈદરાબાદના હોમ-ગ્રાઉન્ડમાં જ રમાવાની છે અને સનરાઇઝર્સ પાસે એવા બૅટર્સ છે જે ટીમ-ટોટલનો નવો વિક્રમ રચી શકે એવી તાકાત ધરાવે છે.

પૅટ કમિન્સની કૅપ્ટન્સીમાં હૈદરાબાદની બૅટિંગ લાઇન-અપ ગયા વર્ષથી સૌથી મજબૂત બની જ ગઈ હતી અને એમાં આ વખતે ઇશાન કિશનનો ઉમેરો થયો છે. પંતને આજે ક્યારે કોને બોલિંગ આપવી એમાં નજીવી ભૂલ પણ ભારે પડી શકે, કારણકે આ વખતે પહેલી પાંચ મૅચમાં કુલ ૧૧૯ સિક્સર ફટકારવામાં આવી છે જે નવા વિક્રમના રૂપમાં આઇપીએલના ચોપડે નોંધાઈ જ ગઈ છે. પંતના સુકાનમાં લખનઊની ટીમ જો આજે નવતર અને અસરદાર પ્લાન સાથે રમવા ઊતરશે તો તેમનો વિજય પાક્કો છે. પંત પાસે ડેવિડ મિલર, એઇડન માર્કરમ, નિકોલસ પૂરન, મિચલ માર્શ જેવા ખ્યાતનામ બૅટર્સ છે જેઓ લખનઊને મોટો લક્ષ્યાંક અપાવી શકે એમ છે. ■

# ૧૦ મોટા રેકોર્ડ આ વખતની આઈપીએલમાં તૂટી શકે

મુંબઈ: ૧૮મી આઈપીએલને અઠવાડિયું પૂરું થવા આવ્યું છે અને મોટા ભાગની મૅચો ભારે રસાકસીવાળી અને દિલધડક બની છે. પાંચ દિવસમાં કેટલાક વિક્રમો બની ચૂક્યા છે અને ઉલ્લેખનીય છે કે રવિવાર, પચીસમી મે સુધી ચાલનારી આ આઈપીએલમાં કેટલાક મોટા વિક્રમો પણ તૂટતા જોવા મળી શકે.

ભવિષ્યમાં રેકૉર્ડ-બ્રેકિંગ ટૂર્નામેન્ટ તરીકે ઓળખાઈ શકે એવી આ ૧૮મી આઈપીએલમાં ખાસ કરીને રોહિત શર્મા, વિરાટ કોહલી, એમએસ ધોની અને જસપ્રીત બુમરાહ તથા રવીન્દ્ર જાડેજા તેમ જ આપણા જૂના ને જાણીતા ભુવનેશ્વર કુમાર પર સૌની નજર રહેશે, કારણકે તેમને એક કે એક કરતાં વધુ વિક્રમ તોડવાનો મોકો છે.

### ક્યા વિક્રમોને નવા વિક્રમાદિત્યો મળી શકે?

(૧) એમએસ ધોની ૧૯ રન કરશે એટલે સીએસકે વતી સૌથી વધુ રન બનાવનાર બૅટર બની જશે. ધોનીના નામે ૪,૬૬૯ રન છે. તે ૧૯ રન કરશે એટલે તે સુરેશ રૈનાનો ૪,૬૮૭ રનનો રેકૉર્ડ તોડશે.

(૨) બુમરાહ હજી ફિટ ન હોવાથી ક્યારથી રમવા આવશે એ નક્કી નથી. જો રમશે અને છઠ્ઠી વિકેટ લેશે એટલે આઈપીએલમાં મુંબઈ ઇન્ડિયન્સ વતી સૌથી વધુ વિકેટ લેનાર લસિથ મલિંગાનો ૧૭૦ વિકેટનો એક દાયકા જૂનો રેકૉર્ડ તોડી નાખશે.

(૩) રવીન્દ્ર જાડેજા આઠ વિકેટ લેશે એટલે આઈપીએલમાં સીએસકે વતી સૌથી વધુ ૧૪૦ વિકેટ લેનાર ડ્વેઈન બ્રાવોનો વિક્રમ તોડી નાખશે અને ચેન્નઈનો નંબર-વન બોલર બની જશે.



(૪) વિરાટ કોહલીના નામે ૬૪ ફિફ્ટી-પ્લસ સ્કોર છે. તે બીજા ત્રણ ફિફ્ટી-પ્લસ નોંધાવશે એટલે ડેવિડ વૉર્નરનો ૬૬ ફિફ્ટી-પ્લસનો રેકૉર્ડ તોડી નાખશે.

(૫) સ્ટમ્પ્સની પાછળથી ધોનીએ આઈપીએલમાં કુલ ૧૯૫ શિકાર કર્યા છે જે તમામ વિકેટકીપર્સમાં વિક્રમ છે. તે વધુ પાંચ શિકાર કરશે એટલે ૨૦૦ના જાદુઈ આંક પર પહોંચનાર પ્રથમ વિકેટકીપર બની જશે. દિનેશ કાર્તિક (૧૮૨ શિકાર સાથે) બીજા નંબર પર છે.

(૬) ધોની આઈપીએલમાં સૌથી વધુ ૨૬૫ મૅચ રમ્યો છે. રોહિત શર્મા ૨૫૮ મૅચ સાથે બીજા સ્થાને છે. નિવૃત્ત દિનેશ કાર્તિક ૨૫૭ મૅચ સાથે ત્રીજા સ્થાને છે.

(૭) રોહિત ૨૩મી માર્ચે ચેન્નઈ સામે ઝીરોમાં આઉટ થઈ ગયો હતો. મુંબઈની આગામી મૅચ શનિવારે અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સ સામે રમાશે. રોહિત એમાં એક ફોર ફટકારશે એટલે આઈપીએલમાં ૬૦૦ ફોર ફટકારનાર શિખર, કોહલી, વોર્નર પછીનો ચોથો બૅટર કહેવાશે.

(૮) રોહિતને આઈપીએલમાં બીજા નંબરનો સૌથી મોટો રનકર્તા બનવા ૧૪૨ રનની જરૂર છે અને એ સાથે તે શિખર ધવનને પાછળ રાખી દેશે. હાલમાં શિખરના ૬,૭૬૯ રન છે, જ્યારે રોહિતના ૬,૬૨૮ રન છે. કોહલી ૮,૦૦૪ રન સાથે નંબર-વન છે.

(૯) જાડેજા ૨૪ રન કરશે એટલે આઈપીએલમાં ૩,૦૦૦ રન બનાવવા ઉપરાંત ૧૦૦ વિકેટ લેનાર આઈપીએલનો પહેલો ઓલરાઉન્ડર કહેવાશે.

(૧૦) ૩૫ વર્ષીય પેસ બોલર ભુવનેશ્વર કુમારને આઈપીએલમાં સૌથી વધુ વિકેટ લેનાર ત્રીજા નંબરનો બોલર બનવા ત્રણ વિકેટ જોઈએ છે. તેણે ૧૮૧ વિકેટ લીધી છે. બીજી ત્રણ લેશે એટલે નિવૃત્ત ખેલાડી ડ્વેઈન બ્રાવો (૧૮૩)ના સ્થાને ત્રીજો થઈ જશે. યુઝવેન્દ્ર ચહલ (૨૦૫ વિકેટ) નંબર-વન અને પીયૂષ ચાવલા (૧૯૨ વિકેટ) નંબર-ટૂ છે. બેંગ્લૂરુના ફ્રેન્ચાઈઝીએ ભુવીને ૧૦.૭૫ કરોડમાં ખરીદ્યો છે અને બાવીસમી માર્ચે કેકેઆર સામેની સૌપ્રથમ મૅચમાં ભુવીને નહોતો રમાડવામાં આવ્યો. ■

# ન્યૂ ઝીલૅન્ડના હાથે પાકિસ્તાનની ૪-૧થી નાલેશી

## છેલ્લી મૅચ ૧૦ ઓવરમાં જીતી લીધી, સીફર્ટ પ્રથમ સદી ત્રણ રન માટે ચૂક્યો

વેલિંગ્ટન: એક તરફ ભારતમાં ટી-૨૦ ફૉર્મેટની આઇપીએલમાં ધમાકા પર ધમાકા થઈ રહ્યા છે ત્યાં બીજી બાજુ ન્યૂ ઝીલૅન્ડમાં ટી-૨૦ સિરીઝ પૂરી થઈ જેમાં પાકિસ્તાનની નામોશી થઈ છે. માઇકલ બ્રેસવેલના સુકાનમાં ન્યૂ ઝીલૅન્ડે ગઈ કાલે પાકિસ્તાનની ટીમને આ શ્રેણીમાં જોરદાર પછડાટ આપી. કિવીઓએ પાંચ મૅચની ટી-૨૦ સિરીઝ ૪-૧થી જીતીને સલમાન આગાની કૅપ્ટન્સીવાળી ટીમ પર પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે. આ મૅચમાં ૧૮ રનમાં બે વિકેટ લેનાર કિવી પેસ બોલર જૅકબ ડફીએ આઇસીસી દ્વારા જાહેર કરવામાં આવેલા નવા રૅન્કિંગના ટૉપ-ટેનમાં એન્ટ્રી કરી છે.

૩૦ વર્ષના ડફીએ રૅન્કિંગમાં સાત ક્રમની ઊંચી છલાંગ લગાવી છે અને સીધો છઠ્ઠા નંબર પર આવી ગયો છે. તેની આ છલાંગની વિપરીત અસર ભારતના કેટલાક બોલરને થઈ છે. સ્પિનર રવિ બિશ્નોઈ સાતમા નંબર પર જતો રહ્યો છે. લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અર્શદીપ સિંહ ટૉપ-ટેનની બહાર જતા જરાક માટે બચી ગયો છે. તે ૧૦મા સ્થાને છે. શ્રીલંકાનો માહીશ થીકશાન આઠમા નંબરે જતો રહ્યો છે, જ્યારે ઇંગ્લૅન્ડનો જોફ્રા આર્ચર ટૉપ-ટેનની બહાર જતો રહ્યો છે.

ન્યૂ ઝીલૅન્ડ ગઈ કાલની મૅચ પહેલાં ૩-૧થી ટ્રોફી પર કબજો કરી ચૂક્યું હતું અને હવે સિરીઝની અંતિમ મૅચ પણ જીતીને ૪-૧થી ટ્રોફી જીતી લીધી છે




પાકિસ્તાને બૅટિંગ મળ્યા બાદ કૅપ્ટન સલમાન આગાના ૫૧ રનની મદદથી નવ વિકેટે ૧૨૮ રન બનાવ્યા હતા. કિવીઓના બોલિંગ-આક્રમણ સામે અને ખાસ કરીને પાંચ વિકેટ લેનાર પેસ બોલર જેમ્સ નીશૅમ સામે પાકિસ્તાનનો બીજો કોઈ બૅટર ૩૦ રન પણ નહોતો કરી શક્યો.

ન્યૂ ઝીલૅન્ડે ૧૨૯ રનનો લક્ષ્યાંક મળ્યા બાદ માત્ર ૧૦ ઓવરમાં ૧૩૧/૨ના સ્કોર સાથે મેળવીને સિરીઝ ૪-૧થી જીતી લીધી હતી.

ઓપનર ટિમ સીફર્ટ (૯૭ અણનમ, ૩૮ બૉલ, દસ સિક્સર, છ ફોર)એ આઇપીએલ-સ્ટાઇલ ફટકાબાજી કરી હતી. તેની અને સાથી ઓપનર ફિન ઍલન (૨૭ રન) વચ્ચે પ્રથમ વિકેટ માટે ૯૩ રનની ભાગીદારી થઈ હતી. સીફર્ટ ત્રણ રન માટે પ્રથમ આંતરરાષ્ટ્રીય સદી ચૂકી ગયો હતો. ■

# મુંબઈની મહિલાઓ વન-ડેની અન્ડર-૨૩ ટ્રોફીમાં ચૅમ્પિયન

ગુવાહાટી: અહીં મહિલાઓની અન્ડર-૨૩ વન-ડે ટ્રોફી રમાઈ હતી જેમાં મુંબઈની ટીમે ફાઇનલમાં મધ્ય પ્રદેશને ૧૧૩ રનના તોતિંગ માર્જિનથી હરાવીને ચૅમ્પિયનપદ મેળવી લીધું હતું.

મુંબઈની ટીમ ૪૬.૧ ઓવરમાં ૨૧૯ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી જેમાં ઇરા જાધવ (૩૩ રન), માનસી (૩૩ રન) અને સિમરન શેખ (૩૨ રન)ના સૌથી મોટા યોગદાન હતા. મધ્ય પ્રદેશ વતી સંસ્કૃતિ ગુપ્તાએ ત્રણ વિકેટ તેમ જ સુચિ ઉપાધ્યાય તેમ જ વૈષ્ણવી શર્માએ બે-બે વિકેટ લીધી હતી.

મધ્ય પ્રદેશની ટીમ કૅપ્ટન સૌમ્યા તિવારીના ૫૮ રન છતાં ૩૬.૨ ઓવરમાં ફક્ત ૧૦૬ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી.

મુંબઈ વતી ચાર બોલર (કશિશ, યાયાતી, સનિકા ચાળકે અને માનસી)એ બે-બે વિકેટ લીધી હતી. એક વિકેટ ઝીલ ડિમેલોએ મેળવી હતી.

એ પહેલાં, પ્રથમ સેમિ ફાઇનલમાં મધ્ય પ્રદેશ (૨૧૦/૬)નો ઉત્તર પ્રદેશ (૪૨.૪ ઓવરમાં ૧૧૯/૧૦) સામે ૯૧ રનથી વિજય થયો હતો.

બીજી રોમાંચક સેમિ ફાઇનલમાં મુંબઈ (૨૮૨/૭)એ મહારાષ્ટ્ર (૨૭૯/૧૦)ને ફક્ત ત્રણ રનથી હરાવી દીધું હતું.

મુંબઈની સનિકા ચાળકે (૨૮૭ રન અને ૧૪ વિકેટ)ને પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો જેની સાથે તેને એક લાખ રૂપિયાનું ઇનામ પણ અપાયું હતું. ■




# મેસી ઑક્ટોબરમાં વર્લ્ડ ચૅમ્પિયન આર્જેન્ટિનાની ટીમ સાથે ભારત આવશે

નવી દિલ્હી: વર્લ્ડ કપ વિજેતા આર્જેન્ટિનાનો કૅપ્ટન લિયોનેલ મેસી બીજી વાર ભારત આવવાનો છે. મેસી ૧૪ વર્ષ પહેલાં ભારતના પ્રવાસે આવ્યો હતો અને હવે આ વખતે ઑક્ટોબરમાં ફરી આવશે.

મેસી અને આર્જેન્ટિનાની ટીમ આગામી ઑક્ટોબરમાં કેરળ આવશે જ્યાં તેઓ પ્રદર્શનીય મૅચ રમશે. કેરળના ખેલકૂદ પ્રધાન વી. અબ્દુરહીમને આ જાહેરાત કરી હતી.

મેસી અને તેના આર્જેન્ટિનાના સાથી ખેલાડીઓ કોચીમાં બે એક્ઝિબિશન મૅચ રમશે.

બુધવારે એચએસબીસીએ આર્જેન્ટિનાની ટીમના સત્તાવાર પાર્ટનર બન્યા હોવાની જાહેરાત કરી હતી જે હેઠળ દક્ષિણ અમેરિકાની આ ટીમ સહિતના બન્ને પાર્ટનર ભારતમાં ફૂટબૉલને પ્રમોટ કરવા માટે કામ કરશે.

બન્ને પાર્ટનર વચ્ચેનો કરાર એક વર્ષનો છે જેમાં ભારત તથા સિંગાપોરમાં ૨૦૨૬ના ફિફા વર્લ્ડ કપની ક્વૉલિફાઇંગ મૅચો અગાઉની ૨૦૨૫ની સીઝનની મૅચોનો સમાવેશ રહેશે.

મેસી આ પહેલાં સપ્ટેમ્બર, ૨૦૧૧માં ભારત આવ્યો હતો. ત્યારે તે આર્જેન્ટિનાની ટીમ સાથે આવ્યો હતો અને એ ટીમ કોલકાતામાં વેનેઝુએલા સામે વર્લ્ડ કપની ક્વૉલિફાઇંગ મૅચ રમી હતી. ■



# ટ્રમ્પની રેસિપ્રોકલ ટેરિફની ચિંતા વચ્ચે વિશ્વ બજાર પાછળ સોના-ચાંદીમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આગામી બીજી એપ્રિલથી ટ્રમ્પની રેસિપ્રોકલ ટેરિફની યોજનાના અમલ અને તેની અસરોની ચિંતા વચ્ચે આજે લંડન ખાતે સત્રના આરંભમાં સોના અને ચાંદીમાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૯થી ૪૦નો ધીમો સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૮૭૨ વધીને ફરી રૂ. ૯૮,૦૦૦ની સપાટીએ વટાવી ગયા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર ચાંદીના ભાવ વધી આવ્યાના નિર્દેશો સાથે આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૮૭૨ની તેજી સાથે રૂ. ૯૮,૭૯૪ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ છતાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ અને જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૯ના સાધારણ સુધારા સાથે રૂ. ૮૭,૪૩૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૦ વધીને રૂ. ૮૭,૭૯૧ના મથાળે રહ્યા હતા. આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ઔંસદીઠ ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા વધીને અનુક્રમે ૩૦૨૩.૬૩ અને ૩૦૨૯.૧૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના વધ્યા મથાળા આસાપસ ઔંસદીઠ ૩૩.૭૫ ડૉલર આસપાસની સપાટીએ ટકેલા રહ્યા હતા. ટ્રમ્પની રેસિપ્રોકલ ટેરિફની યોજનાને કારણે અમેરિકાની આર્થિક વૃદ્ધિ મંદ પડવાની અને ફુગાવામાં વૃદ્ધિ થવાની ચિંતાને ધ્યાનમાં લેતા હાલમાં સોનામાં સુધારાને ટેકો મળી રહ્યો હોવાનું એએનઝેડનાં કૉમૉડિટી સ્ટ્રેટેજિસ્ટ સોની કુમારીએ જણાવ્યું હતું. વધુમાં ગઈકાલે જાહેર થયેલી આંકડાકીય માહિતી અનુસાર ગત માર્ચ મહિનામાં અમેરિકા ખાતે ગ્રાહક વિશ્વાસ ભાવાંક અથવા તો કન્ઝ્યુમર કોન્ફિડૅન્સ ઈન્ડેક્સ ઘટીને ચાર વર્ષના તળિયે પહોંચ્યો હોવાના અહેવાલ સાથે મંદીની તથા ટેરિફને કારણે ફુગાવો વધવાની ભીતિ સપાટી પર આવી હતી. નોંધનીય બાબત એ છે કે આર્થિક અનિશ્ચિતતા અને રાજકીય-ભૌગોલિક તણાવને ધ્યાનમાં લેતા વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં સોનામાં હેજરૂપી માગને ટેકે ભાવમાં ૧૫ ટકા જેટલો ઉછાળો આવી ગયો છે અને ગત ૨૦મી માર્ચના રોજ સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૩૦૫૭.૨૧ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા હતા.

જોકે, હવે બજારની નજર ફેડરલ રિઝર્વનાં અધિકારીઓની રેટ કટની ટિપ્પણીઓ પર તેમ જ આગામી શુક્રવારે જાહેર થનારા અમેરિકાનાં પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરનાં ડેટા પર સ્થિર થઈ છે. એકંદરે ટ્રમ્પની ટેરિફની નીતિ અને તેની અસરરૂપે આર્થિક વૃદ્ધિ મંદ પડવાની અને ફુગાવો વધવાની શક્યતા અને ફુગાવો વધતાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાત ઓછી કરે તેમ હોવાથી અમારા મતે આગામી સપ્ટેમ્બર સુધીમાં સોનાના વૈશ્વિક ભાવ વધીને ઔંસદીઠ ૩૨૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા નકારી ન શકાય, એમ સોની કુમારીએ ઉમેર્યું હતું. જોકે, ઓએએનડીએનાં એશિયા પેસિફિક વિભાગનાં માર્કેટ સ્ટ્રેટેજિસ્ટ કેલ્વિન વૉન્ગના મતાનુસાર આગામી ટૂંકા સમયગાળામાં વૈશ્વિક સોના માટે ઔંસદીઠ ૩૦૩૮ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થઈ શકે છે જો આ ભાવ સપાટી પાર થઈ જાય તો ભાવ વધીને ૩૦૫૮ ડૉલર સુધી પહોંચી શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

# આઈટી અને બૅન્ક શૅરોમાં પ્રોફિટ બુકિંગ વચ્ચે સાત સત્રની આગેકૂચને બ્રેક, સેન્સેક્સમાં ૭૨૮ પોઈન્ટનું ગાબડું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ડેરિવેટિવ્ઝ કોન્ટ્રેક્ટની માસિક સમાપ્તિ પહેલા બેંકિંગ અને આઈટી શેરોમાં જોરદાર પ્રોફિટ બુકિંગ થવાને કારણે સાત દિવલસની એકધારી આગેકૂચને બ્રેક લાગી હતી અને બેન્ચમાર્ક સેન્સેક્સ બુધવારે ૭૨૮ પોઈન્ટ ગગડ્યો હતો. વિશ્વબજારના મિશ્ર સંકેત ઉપરાંત અન્ય પરિબળોએ પણ તેજીને બ્રેક મારવામાં ભૂમિકા ભજવી હતી.

ત્રીસ શેરો ધરાવતો બીએસઈ સેન્સેક્સ ૭૨૮.૬૯ પોઈન્ટ અથવા ૦.૯૩ ટકા ઘટીને ૭૭,૨૮૮.૫૦ પોઇન્ટના સ્તર પર સ્થિર થયો હતો, બેન્ચટમાર્કના ૩૦માંથી ૨૫ ઘટકો રેડ ઝોનમાં ગબડી ગયા હતા. દિવસ દરમિયાન, સેન્સેક્સ ૮૨૨.૯૭ પોઈન્ટ અથવા ૧.૦૫ ટકાના કડાકા સાથે ૭૭,૧૯૪.૨૨ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો.

એનએસઈનો બેન્ચમાર્ક નિફ્ટી ૧૮૧.૮૦ પોઈન્ટ અથવા ૦.૭૭ ટકા ઘટીને ૨૩,૪૮૬.૮૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો. પાછલાં સાત ટ્રેડિંગ દિવસોમાં, બીએસઈ બેન્ચમાર્ક ઇન્ડેક્સ ૪,૧૮૮.૨૮ પોઈન્ટ અથવા ૫.૬૭ ટકા ઉછળ્યો હતો. આ જ સમયગાળા દરમિયાન નિફ્ટી ૧,૨૭૧.૪૫ પોઈન્ટ અથવા ૫.૬૭ ટકા ઉછળ્યો હતો. સેન્સેક્સ પેકમાંથી એનટીપીસી, ટેક મહિન્દ્રા, ઝોમેટો, એક્સિસ બેંક, બજાજ ફાઇનાન્સ, ઇન્ફોસિસ, મારુતિ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, કોટક મહિન્દ્રા બેંક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, હિન્દુસ્તાન યુનિલિવર અને એચડીએફસી બેંક ઘટ્યા હતા. જ્યારે ઇન્ડસઇન્ડ બેંક, એચસીએલ ટેક, ટાઇટન, મહિન્દ્રા અને મહિન્દ્રા અને પાવર ગ્રીડ વધ્યા હતા. બીએસએનએલ તરફથી ભારતનેટનો ઓર્ડર મળતાં એનસીસીમાં સુધારો હતો. અદાણી ગ્રુપ ઇન્સોલ્વન્સી પ્રક્રિયા મારફત જયપ્રકાશ એસોસિએટ્સને હસ્તગત કરવામાં રસ ધરાવતું હોવાની બજારમાં ચર્ચા હતી. નાણાકીય વર્ષ ૨૦૨૨ માટે રૂ. ૨૯૬૬ કરોડના ડ્રાફ્ટ ટેક્સ એસેસમેન્ટ બાદ મારુતિ સુઝુકીના શેરમાં એક ટકાનો કડાકો જોવા મળ્યો હતો. સોલાર એનર્જીના ઓર્ડરની ચર્ચાએ વારી રિન્યુએબલમાં ચમકારો હતો.

બીએસઇનું બોર્ડ ૩૦મીની બેઠકમાં બોનસ શેરની વિચારણાં કરશે. અગ્રણી વિઝ્યુઅલ ઇફેક્ટ્સ સ્ટુડિયોમાંની એક, બેસિલિક ફ્લાય સ્ટુડિયો લિમિટેડે રૂ. ૩૦૧.૩ કરોડ અથવા તો ૨૭.૯ મિલિયન પાઉન્ડની મજબૂત વેચાણ પાઇપલાઇનની વૃદ્ધિ જાહેર કરી છે, જે ઓક્ટોબર ૨૦૨૪થી ૪૦ ટકાનો ઉછાળો દર્શાવે છે. કંપનીએ નેટફ્લિક્સ, એમેઝોન, સોની અને અન્ય વૈશ્વિક મીડિયા દિગ્ગજો સહિતના મુખ્ય સ્ટુડિયો પાસેથી હાઇ પ્રોફાઇલ પ્રોજેક્ટ્સ મેળવ્યા છે.

આગામી સપ્તાહમાં યુએસ ટેરિફ જાહેરાતોને પગલે તાજેતરના વધારા પછી બજારમાં નફો ગાંઠે બાંધી લેવા માટે ઉછાળે વેચવાલીનો તાલ જોવા મળ્યો હતો. યુએસ બજારમાં વધુ એક્સપોઝર ધરાવતા ક્ષેત્રો, જેમ કે ફાર્મા અને આઇટીમાં વેચાણનું દબાણ જોવા મળ્યું છે. એશિયન બજારોમાં, સિઓલ, ટોકિયો અને હોંગકોંગના બેન્ચમાર્ક હકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયા જ્યારે શાંઘાઈનો બેન્ચમાર્ક ઇન્ડેક્સ નીચા સ્તરે ગબડ્યો હતો. યુરોપિયન બજારો નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા. મંગળવારે યુએસ બજારો ઊંચા સ્તરે બંધ થયા હતા.

બજારના પીઢ અભ્યાસુએ જણાવ્યું હતું કે, મિશ્ર સંકેતો વચ્ચે ટૂંકા ગાળાના વિરામ પછી બજારોમાં ઘટાડો જોવા મળ્યો છે. શરૂઆતના ઉછાળા પછી, નિફ્ટી પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં રેન્જબાઉન્ડ રહ્યો, પરંતુ પસંદગીના હેવીવેઇટ્સમાં પ્રોફિટ બુકિંગે સત્ર આગળ વધતાં ઇન્ડેક્સને નીચે ખેંચી લીધો હતો. માર્ચ ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટની સમાપ્તિ પહેલા સહભાગીઓ નફો બુક કરી રહ્યા છે, જ્યારે ટેરિફ ચર્ચાઓ અંગેની ચિંતા સેન્ટિમેન્ટ પર દબાણ લાવી રહી છે.

આ સત્રમાં નાના શેરોમાં ફરી વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સમાં ૧.૪૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો અને મિડકેપ ઇન્ડેક્સમાં ૦.૬૭ ટકાનો ઘટાડો નોંધાયો છે. બીએસઇ ક્ષેત્રીય બેન્ચમાર્ક ઇન્ડેક્સમાં, ઓઇલ અને ગેસમાં સૌથી વધુ ૧.૫૨ ટકાનો ઘટાડો થયો હતો.

ત્યારબાદ ઘટનારા ઇન્ડેક્સમાં અનુક્રમે રિયલ્ટી (૧.૩૭ ટકા), યુટિલિટીઝ (૧.૩૨ ટકા), ઊર્જા (૧.૨૯ ટકા), બૅંકેક્સ (૧.૦૮ ટકા), બીએસઇ ફોકસ્ડ આઇટી (૧.૧૨ ટકા), આઇટી (૧.૧૧ ટકા) અને ટેકનોલોજી ઇન્ડેક્સ (૦.૭૭ ટકા)નો સમાવેશ થાય છે.

એકમાત્ર કેપિટલ ગુડ્સ ઇન્ડેક્સમાં વધારો થયો હતો. કુલ ટ્રેડેડ શેરોમાં બીએસઈ પર ૩,૧૧૫ શેર ઘટ્યા હતા જ્યારે ૯૧૯ શેર વધ્યા હતા અને ૧૦૯ શેર યથાવત રહ્યા હતા. એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ) એ મંગળવારે ૫,૩૭૧.૫૭ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા.

ગ્લોબલ ઓઈલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૫૮ ટકા વધીને ૭૩.૪૪ ડોલર પ્રતિ બેરલ થયો હતો. બીએસઈ બેન્ચમાર્ક મંગળવારે ૩૨.૮૧ પોઈન્ટ અથવા ૦.૦૪ ટકા વધીને ૭૮,૦૧૭.૧૯ પર સ્થિર થયો હતો. નિફ્ટી ૧૦.૩૦ પોઈન્ટ અથવા ૦.૦૪ ટકા વધીને ૨૩,૬૬૮.૬૫ પર બંધ થયો હતો.

## સિટી ન્યૂઝ

# પાંચમી એપ્રિલથી ક્લીન-અપ માર્શલ્સની છુટ્ટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં સાર્વજનિક સ્થળો પર ગંદકી ફેલાવનારા સામે દંડાત્મક કાર્યવાહી કરવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ ‘ક્લીન-અપ માર્શલ્સ’ની નિમણૂક વર્ષ પહેલા કરી હતી. હવે જોકે તેમની વિરુદ્ધ અનેક ફરિયાદો આવ્યા બાદ પાલિકાએ છેવટે આ સેવાને પાંચ એપ્રિલથી બંધ કરી દેવાની યોજના બનાવી હોવાનું જાણવા મળ્યું છે.

‘ક્લીન-અપ માર્શલ્સ’ની ફરી એક વખત મુંબઈમાં બંધ કરી દેવાનો લગતો પ્રસ્તાવ મુંબઈ મહાનગરપાલિકાના ઘનકચરા વિભાગ મારફત તૈયાર કરીને પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીને મોકલવામાં આવ્યો છે. જોકે આ સેવા બંધ થઈ જશે તો રસ્તા પર ગંદકી ફેલાવનારા પર નજર કોણ રાખશે એવો સવાલ ઊભો થઈ રહ્યો છે. પાલિકાના ૨૪ પ્રશાસકીય વોર્ડમાં ‘ક્લીન-અપ માર્શલ્સ’ નીમવામાં આવ્યા છે. તમામ વોર્ડમાં ૧૨ ખાનગી સંસ્થા મારફત ‘ક્લીન-અપ માર્શલ્સ’ પૂરા પાડવામાં આવ્યા છે. ‘ક્લીન-અપ માર્શલ્સ’ની સેવા સામે અગાઉ પણ વિવાદ થતા આ સેવા બંધ કરી દેવામાં આવી હતી, જેને એપ્રિલ, ૨૦૨૪ના પહેલા અઠવાડિયાથી ફરી ચાલુ કરવામાં આવી હતી. માર્શલ્સ દ્વારા ગંદકી ફેલાવનારા સામે ૧૦૦ રૂપિયાથી લઈને એક હજાર રૂપિયા સુધીનો દંડ વસૂલ કરવામાં આવે છે.

જોકે દંડાત્મક કાર્યવાહીને નામે ‘ક્લીન-અપ માર્શલ્સ’ દ્વારા નાગરિકોને લૂંટવામાં આવતા હોવાની ફરિયાદ પાલિકાના ૨૪ વોર્ડમાં આવી રહી હતી. તેથી આ બાબતે મીટિંગ કર્યા બાદ છેવટે પ્રશાસને આ યોજનાને બંધ કરી દેવાનું નક્કી કર્યું હોવાનું કહેવાય છે. તેનો લગતો પ્રસ્તાવ પાલિકા કમિશનરને મોકલવામાં આવ્યો છે. ‘ક્લીન-અપ માર્શલ્સ’ પૂરા પાડવા માટે ખાનગી સંસ્થા સાથેનો કૉન્ટ્રેક્ટ ચાર એપ્રિલ, ૨૦૨૫ સુધીનો જ છે. તેથી હવે તે હવે પૂરો થયા બાદ તેને આગળ વધારવામાં આવશે નહીં.

મુંબઈમાં ગંદકી ફેલાવનારાઓને ‘ક્લીન-અપ માર્શલ્સ’ દંડતા હોય છે. પરંતુ આ માર્શલોને નીમનારી અને તેમના પર નજર નાખનારી ૧૨માંથી સાત ખાનગી સંસ્થા સામે જ કામ બરોબર ન હોવાને કારણે દંડાત્મક પગલા પાલિકાએ લીધા હતા.

તેમની પાસેથી ૬૦ લાખ રૂપિયાથી વધુ દંડ વસૂલવાનો હતો, જે હજી સુધી સંસ્થા દ્વારા ભરવામાં આવ્યો નથી. આ દરમ્યાન છેલ્લા ૧૧ મહિનામાં ‘ક્લીન-અપ માર્શલ્સ’ દ્વારા મુંબઈમાં ૧,૪૫,૦૦૦ લોકો સામે કાર્યવાહી કરીને ચાર કરોડ ૫૪ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

# ડૉલર સામે રૂપિયામાં ત્રણ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયામાં એક તબક્કે ૨૬ પૈસાનું ધોવાણ થયા બાદ વિદેશી ફંડોના આંતરપ્રવાહમાં વધારો થતાં સત્રના અંતે ગઈકાલના બંધ સામે ત્રણ પૈસાના સુધારા સાથે ૮૫.૬૯ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, ફોરેક્સ ડીલરોના જણાવ્યાનુસાર હાલ ખાસ કરીને માસાન્તને કારણે આયાતકારોની ડૉલરમાં માગ ઉપરાંત અમેરિકાના રેસિપ્રોકલ ટેરિફની ચિંતાને ધ્યાનમાં લેતા રૂપિયો પ્રવાહિતાની ખેંચનો સામનો કરી રહ્યો છે.

સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૭૨ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૫.૭૧ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૯૮ અને ઉપરમાં ૮૫.૬૮ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે સાધારણ ત્રણ પૈસાના સુધારા સાથે ૮૫.૬૯ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે ગઈકાલે ડૉલર સામે રૂપિયાના સતત સાત સત્રના સુધારાને બ્રેક લાગી હતી અને ૧૧ પૈસાનો ઘટાડો આવ્યો હતો.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**ઈલેકટ્રીકલ કામ**

સીની. DEE/TRS/BL, ઈલેકટ્રીક લોકો શેડ, વલસાડ, ટે. નો. નં.: EL/TRS/BL/૨૪-૨૫/WO/૧૨ તા. ૧૮-૩-૨૦૨૫ મંગાવે છે. કામ અને સ્થળઃ એક વર્ષની મુદત માટે લોકો શેડ વલસાડ ખાતે કન્વેન્શનલ એન્ડ થ્રી ફેઝ ઈલેકટ્રીક લોકોઝની ટ્રેકશન મોટર્સના ડીસમેન્ટલીંગ, કલીનીંગ અને માઈનર એટેશન્સ & બોગી ફ્રેમ અને તેના કોમ્પોનન્ટસના ડીસકનેકશન્સ, ડીસમેન્ટલીંગ અને કલીનીંગ. કામની અંદા. કિંમતઃ ₹ ૪૮૭૫૧૯૦/- બારડીઃ ₹ ૯૭,૫૦૦/- સુપ્રતિની તા. અને સમયઃ ૨૪/૪/૨૫ના ૧૨ ક. ખુલવાની તા. અને સમયઃ ૨૪/૪/૨૫ના ૧૨.૩૦ ક. વધુ વિગતો માટે કૃપયા અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો.

1226

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly



**PUBLIC NOTICE**

Public at large is hereby informed that, all that pieces and parcels of land bearing CTS No. 2085 admeasuring 5889.66 Square Meters and CTS No. 2001 admeasuring 54.89 Square Meters, admeasuring in aggregate 5944.55 Square Meters and corresponding Gut No. 59 Hissa No. A/1/19 admeasuring 7450 square meters lying, being and situate at Village Chitalsar Manpada, Taluka and District Thane, within the limits of Thane Municipal Corporation (Said Property) is owned by M/S. D. Dahyabhai & Company Private Limited (Owners). By Agreement for Sale dated August 10, 1981 the Owners had agreed to transfer and convey the Said Property in favour of M/S. Woolsyn Textile Industries (M/s. Woolsyn). Pursuant to the said Agreement for Sale, the Owners handed over vacant and peaceful possession of the Said Property to the M/s. Woolsyn. M/s. Woolsyn carried out and completed the construction of Factory on the Said Property. Due to certain unavoidable circumstances M/s. Woolsyn had to shut down their industrial activities on the Said Property.

In pursuance to the Agreement for Sale dated August 10, 1981, the original Owner executed Development Agreement on November 18, 2003, in favour of M/s. Woolsyn. The Owners have confirmed the said Agreement for Development dated November 18, 2003, by executing Confirmation Deed dated August 23, 2004 in favour of M/s. Woolsyn, which is duly registered with the Sub Registrar of Assurances, Thane at serial no. TNN5/7187/2004.

M/s. Woolsyn executed Deed of Assignment of Development rights in favour of M/s. Siddhivinayak Infrastructure, ("M/s. Siddhivinayak"), a Partnership firm through its partner Mr. Dharmesh M. Bhatt on June 2, 2004. The said Deed of Assignment of Development Rights is registered with the Sub-Registrar of Assurances Thane, at serial No. TNN-5/7188/2004. M/s. Woolsyn and M/s. Siddhivinayak have instructed us to verify the title of the Said Property.

Any person having any claim in the Said Property by way of sale, lease, inheritance, lien, gift, mortgage, pawn, pledge, etc. whatsoever and howsoever is required to intimate the undersigned about the same along with documentary evidence thereof within 15 days from the date of the publication of this notice, failing which all such claims, if any, shall be deemed to have been knowingly abandoned or waived and any claim raised after the expiry of the said period shall not be entertained and we may issue title certificate in respect of Said Property.

Date : 27/03/2025

Advocate Prasanna Mate
Prasanna Mate & Associates
7th Floor, Tropical Prima, M.G. Road & Sambhaji Road, Naupada, Thane (West), Pin – 400601
**Email:** mateassociates@outlook.com
**Contact Nos.:** 25426677/8879677117


# ચૂંટણી આવી એટલે ગારગાઈ પ્રોજેક્ટ યાદ આવ્યો સીએમને

### ફડણવીસની હવે પ્રોજેક્ટને પાટે ચડાવવા મથામણઃ કેન્દ્ર પાસેથી ઝટ મંજૂરી મળી શકેઃ મુંબઈને ૪૦૦ એમએલડી વધુ પાણી મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરાની પાણીની વધતી માગણીને પગલે મુંબઈ મહાનગરપાલિકાએ ગારગાઈ પ્રોજેક્ટને ૨૦૨૦ની સાલમાં મંજૂરી આપી હતી. જોકે કેન્દ્રના વનખાતા તરફથી હજી સુધી મંજૂરી મળી ન હોવાને કારણે છેલ્લા અનેક વર્ષોથી પ્રોજેક્ટ રખડી પડ્યો છે. બુધવારે મંત્રાલયમાં ગારગાઈ પ્રોજેક્ટને શક્ય એટલી વહેલી તકે અમલમાં મૂકવા માટે કેન્દ્ર સરકાર પાસેથી આવશ્યક મંજૂરીઓ તાત્કાલિક મેળવવા બાબતે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પ્રશાસનને નિર્દેશ આપ્યો હતો. મુંબઈની વધતી લોકસંખ્યા અને અપૂરતા પાણીપુરવઠાને પહોંચી વળવા આવશ્યક ગણાતા ગારગાઈ પ્રોજેકટનું કામ છેલ્લા અનેક વર્ષથી રખડી પડ્યું છે. તેથી વિરોધી પક્ષે સરકારની સતત ટીકા કરી રહી હતી. તેથી મુખ્ય પ્રધાન ફડણવીસની અધ્યક્ષતામાં બુધવારે વિધાનસભામાં ઉચ્ચ સ્તરીય બેઠમાં ગારગાઈ પ્રોજેક્ટને મુદ્દે બેઠક થઈ હતી, જેમાં વનવિભાગ, નગરવિકાસની સાથે જ સંબંધિત વિભાગના અધિકારી, પ્રધાનો તથા પાલિકાના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. ગારગાઈમાંથી મુંબઈને દરરોજ ૪૦૦ એમએમલડી વધારાનું પાણી મળવાનું છે. જોકે પાલિકાએ ૨૦૨૦માં મંજૂરી આપ્યા બાદ પણ કેન્દ્રના ફોરેસ્ટ અને વાઈલ્ડ લાઈફ ખાતા તરફથી હજી સુધી મંજૂરી આપવામાં આવી નથી. તેથી હવે પાલિકાની ચૂંટણી નજીક આવી છે ત્યારે મંત્રાલયમાં ગારગાઈને લઈને મુખ્ય પ્રધાને બેઠક લીધી હતી, જેમાં પ્રસ્તાવિત બંધને કારણે વિસ્થાપિત થનારા ગામ, તેમના પુનર્વસન, બંધના કુલ પ્રોજેક્ટ માટે થનારો ત્રણ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ વગેરે વિશે ચર્ચા થઈ હતી.

# ઐશ્વર્યાની કારની બસ સાથે ટક્કર

મુંબઈઃ ઐશ્વર્યા રાય બચ્ચનની કારનો એક વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં બતાવવામાં આવ્યું છે કે ઐશ્વર્યા રાયની કારને બસે પાછળથી ટક્કર મારી હતી. ત્યારથી, તેના ચાહકો અભિનેત્રીની સુરક્ષાને લઈને ચિંતિત છે. ૨૬ માર્ચની સાંજે એક વીડિયો શેર કરવામાં આવ્યો હતો. આ વીડિયોમાં બતાવવામાં આવ્યું છે કે એક બસે ઐશ્વર્યાની કારને પાછળથી ટક્કર મારી હતી. આ પછી ઐશ્વર્યાનો બોડીગાર્ડ કારમાંથી બહાર આવે છે. જો કે, કારને કોઈ મોટું નુકસાન ન થયું હોવાથી થોડા સમય પછી ઐશ્વર્યા રાયની કાર ત્યાંથી નીકળી જાય છે. હવે આ વિડીયો પર યુઝર્સ અલગ અલગ પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. એક યુઝરે લખ્યું- ઐશ્વર્યા રાય ખરાબ સમયમાંથી પસાર થઈ રહી છે, પહેલા છૂટાછેડાની અફવાઓ અને હવે આ. એક યુઝરે લખ્યું- આ બસ ડ્રાઈવરોને પાઠ ભણાવવો જોઈએ. જ્યારે એક યુઝરે લખ્યું- ભારતમાં બસ ડ્રાઈવરોને બસ ચાલવતા નથી આવડતી . એક યુઝરે કહ્યું કે તેને આશા છે કે ઐશ્વર્યા સુરક્ષિત છે.


**પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન**

વિવિધ એન્જિનિયરિંગ કામો

ઇ-ટેન્ડર સૂચના નંબર 43 વર્ષ 2024-25 તારીખ : 25/03/2025

| ક્રમ નં | ઇ-ટેન્ડર નંબર અને કામનું નામ | અંદાજિત એનઆઈટી ખર્ચ | ઈએમડી રૂ |
|---|---|---|---|
| 1 | DRM-RJT-2024-25-E-85 | 28,34,99,210.24 | 15,67,500.00 |
| | રાજકોટ વિભાગ:- રાજકોટ - હડમતિયા વિભાગ હેઠળ વંદે ભારત ટ્રેનના સંદર્ભમાં પશુ વાડનું લાગવાનું કામ. | | |
| 2 | DRM-RJT-2024-25-E-86 | 2,24,01,667.95 | 2,62,000.00 |
| | રાજકોટ વિભાગ દ્વારા ફેઝ-૧ હેઠળ વાંકાનેર યાર્ડની પેસેન્જર રનિંગ લાઇનનો સુધારો અને અપગ્રેડેશન | | |

ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : 18/04/2025 ના 15:00 કલાકે ઓફિસ સરનામું : ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિનિયરિંગ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત 360001 વેબસાઇટ : www.ireps.gov.in 186

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



**પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન**

નં.: W/૬૨૩/૫/૧/NIT **ઈ-ટેન્ડરીંગ નોટિસ** તારીખઃ ૨૫.૦૩.૨૦૨૫

ડિવિઝનલ રેલવે મેનેજર (WA) રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા ''ઓપન ટેન્ડર'' મંગાવે છે. વિગતો નીચે મુજબ છેઃ-

| ક્ર. નં. | ઈ-ટેન્ડર નં. & કામનું નામ | અંદાજિત કિંમત ₹ | રૂ.માં બારડી | પૂર્ણતાનો સમયગાળો |
|---|---|---|---|---|
| ૧ | RTM-૨૦૨૪-૨૫-૧૪૬. | ૧,૩૬,૧૨,૨૮૫.૦૯/- | ૨,૧૮,૧૦૦.૦૦ | ૧૨ મહિના |
| | રતલામ-નાગરા સેક્શનઃ વિવિધ સ્ટાફ ક્વાર્ટર્સ (૨૭૫ નં.)માં રૂફ લીકેજ ટ્રીટમેન્ટ ડ્રેઈનજ, સેનીટારી, પાઈપ લાઈન્સ વર્ક વગેરેની જોગવાઈ. | | | |

અંદાજિત જથ્થોઃ ટેન્ડર શેડ્યૂલ મુજબ. સ્પેશિયલ ટેક્નિકલ ક્રાઈટેરિયાઃ કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ વર્ક. વેબસાઈટ પર અપલોડિંગની તારીખઃ ૨૪.૦૩.૨૦૨૫. ટેન્ડરની ખોલવાની તારીખઃ ૧૮.૦૪.૨૦૨૫. વિગતવાર ટેન્ડર નોટીસ, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

ડિવિઝનલ રેલવે મેનેજર (WA)
રતલામ ડિવિઝનલ, WR

AK/5/1/463

અમને લાઈક કરો : facebook.com/WesternRly


# કાંદિવલીમાં ચાર વર્ષના બાળકની હત્યાઃ આરોપી સુરતમાં પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કાંદિવલીમાં નાની સાથે સૂતેલા ચાર વર્ષના બાળકનું કથિત અપહરણ બાદ તેની હત્યા કરવાના કેસમાં ફરાર આરોપી ગુજરાતના સુરત શહેરમાં પકડાયો હતો. કાંદિવલી પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ અક્ષય અશોક ગરુડ (૨૫) તરીકે થઈ હતી. મલાડના ગૌતમ બુદ્ધ માર્ગ ખાતે રહેતો આરોપી બાળકના પરિવારનો પરિચિત છે અને છેલ્લાં ત્રણ વર્ષથી કે બાળકની દેખભાળ પણ કરતો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ચાર વર્ષનો અંશ અન્સારી કાંદિવલી પશ્ચિમમાં ઈરાની વાડીમાં ફૂટપાથ પર ઝૂંપડામાં રહેતી નાની સાથે સૂતો હતો. ૨૨ માર્ચના મળસકે ત્રણ વાગ્યાની આસપાસ ગરુડ તેને પોતાની સાથે લઈ ગયો હતો. અડધો કલાક પછી બાળકના મૃતદેહને ઘરથી થોડે અંતરે કન્સ્ટ્રક્શન સાઈટ નજીક ફેંકી આરોપી ફરાર થઈ ગયો હતો.બાળકની હત્યાની ઘટનાને ગંભીરતાથી લઈ કાંદિવલી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ઘટનાસ્થળ નજીકના સીસીટીવી કૅમેરામાં આરોપી ઝડપાઈ ગયો હતો. ફૂટેજને આધારે અંશની નાનીએ આરોપીને ઓળખી કાઢ્યો હતો. આરોપીની શોધ માટે પોલીસ અધિકારીઓની છ ટીમ બનાવવામાં આવી હતી.

# મુંબઈ ઍરપોર્ટના વૉશરૂમમાંની કચરા ટોપલીમાંથી મૃત શિશુ મળ્યું

મુંબઈઃ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટના વૉશરૂમમાંની કચરાટોપલીમાંથી શિશુ મૃત અવસ્થામાં મળી આવતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ ઍરપોર્ટના ટર્મિનલ-ટૂ પાસેના વૉશરૂમમાંથી મંગળવારની રાતે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ શિશુ મળી આવ્યાના અહેવાલને સમર્થન આપ્યું હતું. કચરાટોપલીમાં શિશુ હોવાની માહિતી મળતાં જ ઍરપોર્ટ સિક્યોરિટી દ્વારા પોલીસને જાણ કરાઈ હતી. સહાર પોલીસની ટીમ તાત્કાલિક ઍરપોર્ટ પહોંચી હતી. નિશ્ચેતન શિશુને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયું હતું, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યું હતું. આ પ્રકરણે સહાર પોલીસે અજાણી વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. શકમંદને શોધી કાઢવા માટે પોલીસ વૉશરૂમ નજીકના અને ઍરપોર્ટ પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી છે. પોલીસના કહેવા મુજબ એક દિવસનું શિશું કોઈ ડસ્ટબીનમાં ફેંકીને રવાના થઈ ગયાનો અંદાજ છે.

શિશુ સંબંધી માહિતી મેળવવા માટે પોલીસ હૉસ્પિટલ, ઘોડિયાઘર અને આશ્રયઘરના સંપર્કમાં છે. એ સિવાય વૉશરૂમ તરફ જનારા પ્રવાસીઓની પણ વિગતો પોલીસ પ્રાપ્ત કરી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)


**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

સ્યુઅરેજ ઓપરેશન ડીપાર્ટમેન્ટ

નં. ડે. ચી. એન્જી.(SO)/૫૯૮૦/ES તા. ૨૫/૩/૨૫

**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ**

બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર નીચે દર્શાવેલ કામ માટે ટેન્ડર મંગાવે છે. ટેન્ડર કોપી મહારાષ્ટ્ર સરકારની પોર્ટલ (http://mahatenders.gov.in) અને તેમજ BMC પોર્ટલમાંથી ડાઉનલોડ કરી શકાશે.

| અ. ક્ર. | કામનું વર્ણન | બારડી રૂા. | બીડ પ્રારંભ તારીખ અને સમય | બીડ સમાપ્તિ તારીખ અને સમય | ઈ-ટેન્ડર કિંમત (રૂા.) | પૂર્ણતા મુદત/ કોન્ટ્રાક્ટ મુદત |
|---|---|---|---|---|---|---|
| ૧ | પેરુબાગ પમ્પિંગ સ્ટેશન અને બ્રાહ્મણ વાડી પમ્પિંગ સ્ટેશન ખાતે વોચ અને વોર્ડ માટે સુરક્ષા સેવાઓની ભરતી ટેન્ડર ID- ૨૦૨૫_MCGM_૧૧૬૪૮૧૧_૧ | રૂા.૧૨,૫૦૦/- | ૨૭.૦૩.૨૦૨૫ ૧૧.૦૦ ક.થી | ૦૭.૦૪.૨૦૨૫ ૧૬.૦૦ ક.થી | રૂા.૩૩૦૦/- (+૧૮% GST) | ૦૬ મહિના (ચોમાસા સહિત) |

સંપર્ક વ્યક્તિનું નામ અને ટેલી. નં. (ઓફિસ) અને મોબાઈલ નં. (જો ઉપલબ્ધ હોય) : શ્રી એસ. એસ. વલંજુ E.E. મીકે. (S.) E.S.
શ્રી D. W. મોડક A.E. મીકે. (S.) E.S.
ટેલી. નં. ૨૫૨૫૧૩૪૭

ઈમેલ આઈડી eemechses.so@mcgm.gov.in

સહી/-
એકઝીક્યુટીવ એન્જિનિયર મીકે.
(સ્યૂરેજ) ઈસ્ટર્ન સબ.

PRO/2930/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

# ઈ-વેહિકલ્સ સાવ ટૅક્સ-ફ્રીઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે રાજ્ય વિધાન પરિષદમાં એવી જાહેરાત કરી હતી કે સરકાર ૩૦ લાખથી વધુની કિંમત ધરાવતા વાહનો પરનો છ ટકા વેરો ઈલેક્ટ્રોનિક વેકલ (ઈવી) પર લગાવશે નહીં.

મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે આ પગલાંથી નોંધપાત્ર મહેસુલી આવક થવાની શક્યતા નથી અને રાજ્ય સરકારની ઈવીને પ્રોત્સાહન આપવાની નીતિ પણ છે.

વિધાન પરિષદમાં શિવસેના (યુબીટી)ના નેતા અનિલ પરબ દ્વારા ઈવી અને વાયુ પ્રદૂષણ અંગે ઉપસ્થિત કરેલી ચર્ચાનો જવાબ આપતાં મુખ્ય પ્રધાને ઉપરોક્ત નિવેદન આપ્યું હતું.

પરબે આ પ્રસ્તાવિત વેરા અંગે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે આ નિર્ણય કેન્દ્ર સરકારના પ્રદૂષણ રહિત ઈવીને વિવિધ પહેલ દ્વારા પ્રોત્સાહન આપવાના પ્રયાસોની વિરોધાભાસમાં છે.

ફડણવીસે જણાવ્યું હતું કે આ વેરાથી નોંધપાત્ર આવક થશે નહીં. આવી જ રીતે આનાથી રાજ્ય સરકારના ઈલેક્ટ્રિકલ વેહિકલના ઉપયોગ અંગેની પ્રતિબદ્ધતા અંગે ખોટો સંદેશ જશે. આથી રાજ્ય સરકાર મોંઘા ઈલેક્ટ્રિક (જુઓ પાનું ૪) ▶▶

# દિશા સાલિયન કેસમાં એકેય દોષીને નહીં બક્ષાયઃ સરકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રધાન શંભુરાજે દેસાઈએ બુધવારે મહારાષ્ટ્ર વિધાનસભામાં એવી માહિતી આપી હતી કે દિશા સાલિયનના મૃત્યુના કેસમાં જવાબદાર કોઈ વ્યક્તિને છોડવામાં આવશે નહીં.

શિવસેનાના વિધાનસભ્ય સંજય ગાયકવાડે વિધાનસભામાં પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશનના માધ્યમથી એવો સવાલ ઉપસ્થિત કરવામાં આવ્યો હતો કે શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરે સામે શું પગલાં લેવામાં આવશે કેમ કે સાલિયાનના પિતા દ્વારા તેમની સીધી સંડોવણીનો દાવો કરવામાં આવ્યો છે.

ગાયકવાડે આદિત્ય ઠાકરેના વિધાનસભ્ય તરીકે રાજીનામાની માગણી કરતાં કહ્યું હતું કે જ્યારે રાજ્યના પ્રધાન ધનંજય મુંડેના નજીકના સાથી પર સરપંચ સંતોષ દેશમુખની હત્યાના આક્ષેપો મૂકવામાં આવ્યા હતા ત્યારે મુંડેનું રાજીનામું માગવામાં આવ્યું હતું.

સત્તાધારી વિધાનસભ્યો ગૃહના મધ્યભાગમાં ધસી ગયા હતા અને તેમણે શિવસેના (યુબીટી)ના વિધાનસભ્ય અને ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરે વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.

આ વખતે એનસીપી (એસપી)ના વિધાનસભ્ય જયંત પાટીલે સભ્યોને યાદ (જુઓ પાનું ૪) ▶▶





PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"








# જળાશયોમાં માત્ર ૩૭ ટકા પાણી છતાં પાલિકા કાપ નહીં લાદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈને પાણી પૂરું પાડનારા સાતેય જળાશયોમાં પાણીનો જથ્થો માત્ર ૩૭.૬૭ ટકા બચ્યો છે. દિવસેને દિવસે ગરમી વધી રહી હોવાથી પાણીનું બાષ્પીભવન થવાને કારણે જળાશયોમાં પાણીના જથ્થામાં ઘટાડો થઈ રહ્યો છે. છતાં મુંબઈ મહાનગરપાલિકાની મુંબઈગરાના માથા પર પાણીકાપ લાદવાનું કોઈ યોજના ન હોવાનું કહેવાય છે. ઉચ્ચ અધિકારીના કહેવા મુજબ રાજ્ય સરકાર હસ્તકના બે જળાશયોથી પાણીનો રિઝર્વ સ્ટોક આપવાની માગણી કરવામાં આવી છે. તેથી જળાશયોમાં પાણી ખૂટી ગયા બાદ રિઝર્વ સ્ટોકનો ઉપયોગ કરવામાં આવશે. તેથી હાલપૂરતું તો મુંબઈના માથા પરથી પાણીકાપ ટળી ગયો હોવાનું માનવામાં આવે છે.

પાણી પુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ ગરમીને કારણે પાણીનું સતત બાષ્પીભવન થઈ રહ્યું છે, તેથી જળાશયોમાં પાણીની સપાટીમાં ઘટાડો થઈ રહ્યો છે. પરંતુ પાલિકાએ રાજ્ય સરકાર પાસેથી ભાતસા અને અપર વૈતરણામાંથી કુલ ૧,૬૦,૦૦૦ રિઝર્વ વોટર સ્ટોક આપવાની માગણી કરી છે. તેથી મુંબઈગરા પર પાણીકાપ મૂકવાની નોબત આવશે નહીં. સાતેય જળાશયોમાં પાણી છે ત્યાં સુધી રિઝર્વ (જુઓ પાનું ૪) ▶▶


## "મા-સ્વામીની પ્રેરણા" મેગેઝિનનો પાંચમા વર્ષમાં પ્રવેશ : આભાર

**પ્રેરણાના પ્રિય વાચકો,**

ક્વેસ્ટ ફાઉન્ડેશન - સાયન, મુંબઈના ઉપક્રમે 'મા-સ્વામીની પ્રેરણા" દ્વિ-માસિક મેગેઝિન આપ સર્વની શુભેચ્છાઓ, પ્રેમ અને ગુરુભગવંતોની અમીદષ્ટિથી પાંચમાં વર્ષમાં પ્રવેશ કરી રહેલ છે.

અમે આ મેગેઝિનના સર્વ લેખકોના આભારી છીએ. વાચકો પ્રત્યે ઋણ વ્યક્ત કરીએ છીએ અને




આપ સહુ આશીર્વાદ આપશો કે આપણી આ યાત્રા સતત વિકાસ પામે અને અમે આપને વધુને વધુ સારી સામગ્રી પીરસી શકીએ.

"શુભે યથાશક્તિ પ્રયત્નીયમ્" આ સૂત્રને સાર્થક કરવા અમારો પુરુષાર્થ અને આપ સર્વને સહિયારો સાથ સફળતા અપાવ્યા વિના રહેશે નહિ.

મા-સ્વામીની પ્રેરણા - પ્રકાશક પરિવાર

## ધંધુકામાં પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં વિમલ આયંબિલ ભવન : વિમળાબેન ખેતાણી વૈયાવચ્ચ ભવનનું શાનદાર ઉદ્‌ઘાટન



૧. પૂ. વિમલમુનિ મ.સા., પૂ. જયેશમુનિ મ.સા. વ.




૨. રીટાબેન કિરીટભાઈ મગીયાના હસ્તે



૩. ભાવસાર સમાજના પ્રમુખ કિરણભાઈ ગુરુજી વ.




૪. દિનેશ ખેતાણી, અપૂર્વ સંઘવી, જયેશ ધોલેરા, અજય બરાનીયા વ.




૫. જ્યોત્સ્નાબેન મહેન્દ્રભાઈ સંઘવી




૬. કાઠિયાવાડ સમાજના મેહુલ ધોળકિયા, શ્વેતલ સંઘવી વ.

સાતાકારી ઉપાશ્રય એટલે - શિયાળામાં ઠારે નહિ, ઉનાળામાં બાળે નહિ, ચોમાસામાં ચૂવે નહિ.





"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**